
વર્ષ : ૬૬ ■ અંક : ૫ ■ તા.૧-૩-૨૦૨૬

# ગુજરાત

ગુજરાતીઓનું વિશ્વસનીય સામયિક

અંદાજપત્ર વિશેષ




## અંદાજપત્ર ૨૦૨૬-૨૭

## વિકસિત ગુજરાત@૨૦૪૭ના લક્ષ્યાંકસિદ્ધિનો રોડમેપ

## લોકશાહીનું મંદિર
# ગુજરાત વિધાનસભા









Gujarat
The Reliable fortnightly of Gujaratis

Year : 66 ■ Issue : 5 ■ Date : 1 - 3 - 2026

| | | |
|---|---|---|
| તંત્રી | : | કે. એલ. બચાણી |
| કાર્યવાહક તંત્રી | : | જયેશ દવે |
| સંપાદક | : | મનીષા વાઘેલા |
| સહસંપાદક | : | બેલા મહેતા, અરુણા ડાવરા, નીરવ રાવલ |
| કલાનિર્દેશક | : | જસ્મીન દવે |
| લેઆઉટ ડિઝાઇન | : | મૌલિક એમ. રાજપૂત |
| વિતરણ વિભાગ | : | મિલન બેરા, દિવ્યરાજસિંહ ઝાલા |

ગુજરાત પાક્ષિક ન મળતું હોય તો નીચે દર્શાવેલા
નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી.

| | | |
|---|---|---|
| વિતરણ વિભાગ | : | ફોન : ०७૯ - २३२५३४४२ |
| ઈ-મેલ એડ્રેસ | : | gujaratmagazine@gmail.com |
| ફરિયાદ એડ્રેસ | : | gujaratpaxik1@gmail.com |
| ફેસબુક લિંક | : | gujaratinformation.official |

**તંત્રી વિભાગ**
'ગુજરાત' પાક્ષિક કાર્યાલય, માહિતી કમિશનરશ્રીની કચેરી,
ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર - ૩૮૨૦૧૦.
ફોન : ०७૯-२३२५३४४०

**વાર્ષિક લવાજમ : ₹ ૫૦-૦૦**

રાજ્ય સરકારના સત્તાવાર અહેવાલો સિવાય આ સામયિકમાં પ્રસિદ્ધ થતા અન્ય લેખોમાં વ્યક્ત થયેલા વિચારો સાથે રાજ્ય સરકાર સંમત છે જ, એમ માનવું નહીં.

માહિતી ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા પ્રકાશિત
અને સરકારી ફોટો લીથો પ્રેસ, અમદાવાદ દ્વારા મુદ્રિત

48 + 4 Cover = Total 52 Pages

આ અંક નીચેની વેબસાઇટ પરથી વિના મૂલ્યે ડાઉનલોડ કરી શકાશે
www.gujaratinformation.gujarat.gov.in

**લવાજમ નીચેનાં સ્થળોએ સ્વીકારાય છે**

- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રાજ્યની તમામ કમ્પ્યૂટરાઇઝ્ડ પોસ્ટ ઓફિસમાં સર્વિસ ચાર્જ ચૂકવી ભરી શકાશે.
- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રોકડેથી તથા ક્રોસ્ડ ડિમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે માહિતી કમિશનરશ્રીની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરના સરનામા પર સ્વીકારવામાં આવશે.
- ગુજરાત પાક્ષિકનું લવાજમ જિલ્લાની માહિતી ખાતાની કચેરીઓ પણ સ્વીકારશે.
- સંપર્ક અધિકારીની કચેરી, ગુજરાત સરકાર, મ્હાડા બિલ્ડિંગ નં. ૩૬, પ્લોટ નં. ૧૫૦, ઓશીવારા પોલીસ સ્ટેશનની બાજુમાં, જોગેશ્વરી (પશ્ચિમ), મુંબઈ - ४००१०२.
- લવાજમ સ્વીકારવા કોઇ ખાનગી વ્યક્તિ કે સંસ્થાને એજન્સી આપી નથી.

આપના વિસ્તારમાં રાજ્ય સરકારની જનહિતલક્ષી કોઇ મહત્ત્વપૂર્ણ ધ્યાનાકર્ષક બાબત ગુજરાત પાક્ષિકમાં પ્રસિદ્ધ કરવા યોગ્ય લાગે તો આપ gujaratmagazine@gmail.com ઇમેલ આઇડી ઉપર તસવીર સાથે વિગત મોકલી આપશો તો યોગ્યતા અનુસાર તેને ગુજરાત પાક્ષિકમાં સ્થાન આપવાનો અવશ્ય પ્રયત્ન કરવામાં આવશે.

# શબ્દશઃ



- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દુનિયાના દેશો માટે ભારત વિશ્વાસુ મિત્ર તરીકે ઊભરી આવ્યું છે.
- વડાપ્રધાનશ્રીના વિઝનરી નેતૃત્વમાં ડબલ એન્જિન સરકાર શિક્ષણ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર વિશેષ ભાર આપી રહી છે.
- નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓ મૂલ્યનિષ્ઠ શિક્ષણ થકી શિક્ષણથી રાષ્ટ્રનિર્માણના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના મંત્રને સાકાર કરી રહી છે.
- અમૂલ એ.આઇ. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કૃષિ, પશુપાલન અને ડેરી ક્ષેત્રને આધુનિક અને આત્મનિર્ભર બનાવવાનો માઈલસ્ટોન બનશે.
- ત્રણ કર્તવ્યો પર આધારિત આ વર્ષના કેન્દ્રીય બજેટમાં દૂધ ઉત્પાદકોનાં હિતોને કેન્દ્રમાં રાખીને અનેક મહત્ત્વપૂર્ણ જોગવાઈઓ કરવામાં આવી છે.
- સરકાર-સહકાર અને ટૅક્નોલૉજીની ત્રિવેણીથી આધુનિક વિકાસની ગતિ અનેકગણી વધી છે.
- ડેરી ઈકો સિસ્ટિમને સંગીન કરવા ૨૦ હજાર વેટરિનરી પ્રોફેશનલ્સ તૈયાર કરવા માટે કેન્દ્રીય બજેટમાં વિશેષ ફંડની જોગવાઈ કરવામાં આવી છે.
- આપણી માતૃભાષા "અ"થી શરૂ થઈને સૌથી ટોપ પર "જ્ઞ" એટલે કે, જ્ઞાન સુધી વિસ્તરી છે.
- પૉલિસી ડ્રિવન સ્ટેટ તરીકે ગુજરાતની વિવિધ પૉલિસીઝનો લાભ લઈને શ્રીલંકા રસ ધરાવતા સહયોગના સેક્ટર્સમાં ગુજરાત સાથે સહભાગિતા કરી શકે.

(મુખ્યમંત્રીશ્રીએ આપેલાં વિવિધ વક્તવ્યના અંશો)

## આકર્ષણ





૬ સંવાદ



૭ સંબોધન



૩૨ વિધેયક



૩૩ ઉત્સવ



૩૪ વિકાસયાત્રા



૪૧ વિકાસ દર્પણ

૮ કવર સ્ટોરી



૩૦ જન સુખાકારી



૨૮ વાત વિધાનસભાની



૪૦ ફોટોફિચર

૪૨ નિર્ણય

૪૩ સ્વદેશી

૪૪ પ્રાકૃતિક કૃષિ

૪૫ અવનવું

૪૬ ઝૂમ-ઇન

૪૭ પ્રેરણા

૪૮ ક્વિઝ કોર્નર

૪૯ જાણકારી

૫૦ શબ્દ યાત્રા

## ફાગોત્સવમાં વિકાસનો સપ્તરંગી અંદાજપત્રીય ઉત્સવ



વસંત ઋતુમાં પ્રકૃતિ નવો શૃંગાર સજે છે ત્યારે માનવજીવનમાં પણ ઉત્સાહ અને ઉમંગનો નૂતન સંચાર હોળી-ધુળેટીનાં પવિત્ર પર્વો રૂપે થાય છે. આ તહેવાર માત્ર રંગોનો તહેવાર નથી, જીવનમાં હકારાત્મકતા, એકતા અને આનંદના ગુણાકારનો પણ અવસર છે. ગુજરાતની ધરા પર આ રંગોત્સવ આપણા સાંસ્કૃતિક વારસાની ભવ્યતા દર્શાવે છે.

જેમ વ્યક્તિગત જીવનમાં સુખ અને આનંદ માટે ઉત્સવો અનિવાર્ય છે, તેમ રાજ્યના સર્વાંગી વિકાસ માટે સુદૃઢ આર્થિક આયોજન અને જનસેવાની નેમ પણ એટલી જ આવશ્યક છે. ગુજરાત સરકારનું વર્ષ ૨૦૨૬-૨૭નું રૂ. ૪,૦૮,૦૫૩ કરોડનું અંદાજપત્ર આવક- જાવકનાં માત્ર આંકડાકીય લેખાંજોખાં નથી પરંતુ 'વિકસિત ગુજરાત' થી 'વિકસિત ભારત' તરફની લક્ષ્યસિદ્ધિની સજ્જતા દર્શાવે છે. "અર્નિંગ વેલ, લિવિંગ વેલ"ના ઉમદા ધ્યેય સાથે રજૂ થયેલું આ બજેટ સાચા અર્થમાં સર્વગ્રાહી અને સર્વસમાવેશી વિકાસનો અભિગમ ધરાવે છે.

રાજ્યના વિકાસરથને ગતિ આપવા અંદાજપત્રમાં પાંચ મુખ્ય સ્તંભો જેવા કે સામાજિક સુરક્ષા, માનવ સંસાધન વિકાસ, આંતરમાળખાકીય સુવિધાઓ, આર્થિક પ્રવૃત્તિઓને વેગ અને ગ્રીન ગ્રોથ પર વિશેષ ભાર મુકાયો છે.

શિક્ષણ એ રાષ્ટ્રના નિર્માણનો પાયો છે. "**विद्या धनं सर्व धनं प्रधानम्**"ના સૂત્રને ચરિતાર્થ કરતાં, શિક્ષણ વિભાગ માટે રૂ. ૬૩,૧૮૪ કરોડની ઐતિહાસિક જોગવાઈ કરવામાં આવી છે. અમદાવાદ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિનાં ૧૦૦ વર્ષની ભવ્ય ઉજવણી અને 'સ્માર્ટ અનુપમ શાળાઓ'નું લોકાર્પણ એ શિક્ષણક્ષેત્રે આવેલી ક્રાંતિનું ઉત્તમ ઉદાહરણ છે.

ટેક્નોલૉજીના યુગમાં ગુજરાત હંમેશાં અગ્રેસર રહ્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા 'અમૂલ એઆઇ' (Amul AI) પ્લૅટફૉર્મનું લોકાર્પણ અને કેન્દ્રીય મંત્રી શ્રી અમિતભાઈ શાહ દ્વારા દેશની પ્રથમ CBDC આધારિત જાહેર વિતરણ વ્યવસ્થાનો પ્રારંભ એ સુશાસનની દિશામાં સરકારે ભરેલાં મજબૂત પગલાં છે. સહકારી ક્ષેત્રમાં રૂ. ૨૬૫ કરોડના પ્રકલ્પો અને કૃષિ ક્ષેત્રે તુવેરની ખરીદી જેવા નિર્ણયો ખેડૂતો અને પશુપાલકોની આર્થિક ઉન્નતિનો માર્ગ મોકળો કરશે.

અંતે, રાજ્ય મંત્રીમંડળ દ્વારા ઊર્જા, પાણી પુરવઠા અને બંદર વિકાસ માટે જમીન ફાળવણીના ત્વરિત નિર્ણયો ઉપરાંત જીઆઇ ટૅગ અને કૃષિ વિષયક સમૃદ્ધ વાચન સામગ્રી આપીને આ અંકને વૈવિધ્યસભર અને વાચકો માટે રસપ્રદ અને માહિતીપ્રદ બનાવાયો છે.

જય જય ગરવી ગુજરાત...

**- કે. એલ. બચાણી,** આઇ.એ.એસ.

**માહિતી કમિશનર**



# મન કી બાત
## ફેબ્રુઆરી ૨૦૨૬



**વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રેડિયોના માધ્યમ થકી દેશવાસીઓ સાથે સંવાદ સ્થાપવા શરૂ કરેલો 'મન કી બાત' કાર્યક્રમ વિવિધ વિષયો પર તેમના દીર્ઘદૃષ્ટિપૂર્ણ વિચારો રજૂ કરે છે. તાજેતરમાં પ્રસારિત થયેલા તેમના વક્તવ્યની ઝલક પ્રસ્તુત છે. આ સંપૂર્ણ લેખ વાંચવા માટે QR કોડ સ્કેન કરો...**

### AIની શક્તિ

દિલ્હીમાં યોજાયેલી 'ગ્લોબલ એઆઇ ઇમ્પેક્ટ સમિટ'માં કેટલાય દેશોના નેતા, ઉદ્યોગજગતના અગ્રણીઓ, સંશોધકો અને સ્ટાર્ટઅપ ક્ષેત્ર સાથે જોડાયેલા લોકો એઆઇ ઇમ્પેક્ટ સમિટમાં ભાગ લેવા ભારત મંડપમમાં એકત્રિત થયા. આ શિખર પરિષદમાં દુનિયાને એઆઇના ક્ષેત્રમાં ભારતની અદભુત ક્ષમતાઓ જોવા મળી છે. આ દરમિયાન ભારતે ત્રણ મેડ ઇન ઇન્ડિયા એઆઇ મૉડેલ પણ જારી કર્યા. આ શિખર પરિષદ આજ સુધીની વિશ્વની સૌથી મોટી એઆઇ શિખર પરિષદ રહી છે. આ શિખર પરિષદ માટે યુવાઓનો જુસ્સો અને ઉત્સાહ જોવાલાયક હતો. આ શિખર પરિષદની સફળતા માટે હું તમામ દેશવાસીઓને ધન્યવાદ આપું છું.

### ઉજવણી

હાલ રમજાન મહિનો ચાલી રહ્યો છે. હું આ પવિત્ર મહિનાની સૌને શુભેચ્છાઓ પાઠવું છું. થોડા દિવસો પછી હોળીના પર્વ દ્વારા રંગ, ગુલાલ અને હસીખુશીથી ભર્યો સમય બારણે ટકોરા મારશે. તમે સૌ પોતાના પરિવાર અને સ્વજનોની સાથે બધા તહેવારો ઊજવો.

### રમે - તે ખીલે

હું ઘણીવાર કહું છું કે, જે "રમે - તે ખીલે" રમતગમત આપણને જોડે પણ છે. આજકાલ તમે T20 વર્લ્ડ કપની મેચો જોતા હશો. મેચ જોતાંજોતાં આંખો કોઈ ખાસ ખેલાડી પર જડાઈ જતી હશે. જર્સી કોઈ બીજા દેશની હોય પરંતુ નામ સાંભળીને લાગે કે, અરે આ તો આપણા દેશનો છે ત્યારે હૃદયના કોઈ ખૂણામાં એક હળવી ખુશી છવાઈ જાય છે. કેમ કે, તે ખેલાડી ભારતીય મૂળનો હોય છે. ભારતીયો જ્યાં પણ જાય છે પોતાની માતૃભૂમિના મૂળ સાથે જોડાયેલા રહે છે અને પોતાની કર્મભૂમિ એટલે કે, જે દેશમાં રહે છે તેના વિકાસમાં પણ સહયોગ કરે છે.

### અંગદાન

કોઈ પણ માતાપિતા માટે પોતાના સંતાનને ખોવાથી મોટું દુઃખ બીજું કોઈ હોઈ જ ન શકે. તેમાં પણ નાના એવા બાળકને ખોવાનું દુઃખ તો ખૂબ ઊંડું હોય છે. થોડા દિવસ પહેલાં આપણે કેરળની એક નાનકડી માસૂમ આલિન શેરિન અબ્રાહમને ખોઈ બેઠા છીએ. માત્ર ૧૦ મહિનામાં તેણે આ દુનિયામાંથી વિદાય લીધી પરંતુ આટલા ઊંડા દુઃખ વચ્ચે પણ આલિનના પિતા અરુણ અબ્રાહમ અને મા શેરિને આલિનનાં અંગોનું દાન કરવાનો નિર્ણય કર્યો. આ એક નિર્ણયથી ખ્યાલ આવે છે કે, તેમની વિચારસરણી કેટલી મહાન છે અને વ્યક્તિત્વ કેટલું વિશાળ છે.


### પરીક્ષાના યોદ્ધાઓ

તમે તો પરીક્ષાના યોદ્ધાઓ છો. મને વિશ્વાસ છે, તમે બધા ખરા દિલથી પરીક્ષાની તૈયારીઓમાં લાગેલા હશો. હા, એવા સમયે મનમાં થોડી શંકા જાગવાનું સ્વાભાવિક છે. ક્યારેક લાગે છે, બધું યાદ રહેશે કે નહીં રહે. તો, ક્યારેક લાગે છે સમય ઓછો તો નહીં પડે ને. તમે એકલા નથી. તમે યાદ રાખો, તમારું મૂલ્ય તમારી માર્કશીટથી નક્કી નથી થતું, પોતાની જાત પર ભરોસો રાખો. જે ભણ્યા છો તેને પૂરા મનથી લખો.

### મન કી બાતમાં ગુજરાત

દિલ્હીમાં યોજાયેલી ગ્લોબલ એઆઇ ઇમ્પેક્ટ સમિટમાં વિવિધ દેશોના નેતા, ઉદ્યોગ જગતના અગ્રણીઓ, સંશોધકો અને સ્ટાર્ટઅપ ક્ષેત્ર સાથે જોડાયેલા લોકો AI ઇમ્પેક્ટ સમિટમાં ભાગ લેવા ભારત મંડપમમાં એકત્રિત થયા. આ પરિષદમાં અમૂલના બૂથથી દુનિયાભરના નેતાઓને ખૂબ પ્રભાવિત કર્યા. અમૂલના બૂથ પર દર્શાવવામાં આવ્યું હતું કે, AI ટેક્નોલૉજી પશુઓની સારવાર કરવામાં કેવી રીતે મદદ કરી રહી છે અને કેવી રીતે ૨૪ કલાક, રાત-દિવસ AI સહાયની મદદથી ખેડૂતો પોતાની ડેરી અને પશુઓનો હિસાબ રાખે છે.

# ગુજરાતના વિકાસ અને સુશાસન પર રાજ્યપાલશ્રીનું વક્તવ્ય



ગુજરાતે વિકાસના પર્યાય તરીકેની ઓળખ મજબૂત નેતૃત્વ, જનશક્તિના યોગદાન અને સુસાશનની પ્રબળ ઇચ્છાશક્તિથી મેળવી છે. ગુજરાત તેની આ વિકાસગાથાને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ નિતનવા કીર્તિમાનો દ્વારા આગળ ધપાવી રહ્યું છે. ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ પંદરમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રના પ્રારંભે વિધાનસભાને સંબોધતાં રાજ્યની વિકાસયાત્રા, સુશાસન અને સર્વસમાવેશી નીતિઓ અંગે વિસ્તૃત માહિતી આપી હતી.

રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, મહાત્મા ગાંધીજી અને સરદાર વલ્લભભાઈ પટેલની ધરતી ગુજરાત હંમેશાં રાષ્ટ્ર નિર્માણમાં અગ્રેસર રહી છે. “સર્વજન હિતાય, સર્વજન સુખાય”ના મંત્ર સાથે રાજય સરકાર યુવાશક્તિ, નારીશક્તિ, ખેડૂત અને ગરીબોના કલ્યાણ માટે સતત કાર્યરત છે. સોમનાથ મંદિર પર થયેલા આક્રમણને ૧૦૦૦ વર્ષ પૂર્ણ થતાં “સોમનાથ સ્વાભિમાન પર્વ”નું આયોજન કરાયું, જે સંસ્કૃતિના ગૌરવ અને રાષ્ટ્રીય અસ્મિતાનું પ્રતીક છે. આ કાર્યક્રમ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરક ઉપસ્થિતિમાં સંપન્ન થયો.

સરદાર વલ્લભભાઈ પટેલ તથા ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જયંતી દેશભરમાં ઊજવવામાં આવી. કરમસદથી સ્ટેચ્યૂ ઑફ યુનિટી સુધી “યુનિટી માર્ચ-સરદાર@૧૫૦” પદયાત્રા એકતા અને રાષ્ટ્રગૌરવનું પ્રતીક બની. જનજાતીય ગૌરવ વર્ષ-૨૦૨૫ની રાષ્ટ્રીય ઉજવણીના ભાગરૂપે જનજાતીય ગૌરવ રથયાત્રા નર્મદાના ડેડિયાપાડામાં યોજાઈ હતી. રાજ્યમાં પારદર્શક અને જવાબદાર શાસનવ્યવસ્થા સુનિશ્ચિત કરવા ટૅક્નોલૉજી આધારિત પહેલ તરીકે સી.એમ. ડેશબોર્ડ દ્વારા ગવર્નન્સ પર્ફોર્મન્સ ઇન્ડેક્સ (GPI) અમલમાં મુકાઈ. સાથોસાથ I-ORA પોર્ટલ તથા GARVI-2.0 દ્વારા જમીન સંબંધિત સેવાઓ એન્ડ-ટુ-એન્ડ ઓનલાઇન ઉપલબ્ધ થઈ જેથી નાગરિકોને સરળ, ઝડપી અને પારદર્શક સેવા મળતી થઈ. વહીવટી વિકેન્દ્રીકરણને પ્રાથમિકતા આપી નવા જિલ્લા તરીકે વાવ-થરાદની અને અન્ય નવા તાલુકાઓની રચના કરવામાં આવી.

રાજ્યમાં ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ તથા વિશ્વની પ્રથમ એવી પ્રાકૃતિક કૃષિ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી. રાજ્યના ૧૯ લાખથી વધુ ખેડૂતોને તાલીમ અપાઈ, ૮ લાખથી વધુ ખેડૂતોએ પ્રાકૃતિક ખેતી અપનાવી અને ૭૧૦૦ મૉડલ ફાર્મની સ્થાપના કરવામાં આવી. ગીરની કેસર, વલસાડી આફૂસ, કચ્છી ખારેક અને અમલસાડી ચીકુ જેવાં ઉત્પાદનોને વૈશ્વિક ઓળખ મળી. વિવિધ સહાય યોજનાઓ દ્વારા ખેડૂતોને સીધી આર્થિક સહાય મળી રહી છે, જે અન્વયે પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજના હેઠળ રૂ. ૨૨ હજાર કરોડથી વધુ સહાય ૬૯ લાખથી વધુ ખેડૂત પરિવારોને સીધી જ તેમના ખાતામાં મળી છે. કમોસમી વરસાદ સામે ખેડૂતોને સહાય માટે માતબર રકમના કૃષિ રાહત પૅકેજની જાહેરાત કરવામાં આવી, જે અંતર્ગત ૩૩ લાખથી વધુ ખેડૂતોને રૂ. ૯,૬૧૦ કરોડની સહાય ચૂકવવામાં આવી છે. યુવાનોના રોજગાર માટે છેલ્લા વર્ષમાં ૩૦,૦૦૦થી વધુ યુવાનોને નિમણૂકપત્ર આપવાની સાથે જ ૧૦ વર્ષીય ભરતી કૅલેન્ડર દ્વારા ૨ લાખથી વધુ જગ્યાઓ ભરવાનું આયોજન કરાયું છે. ‘ગુજરાત કર્મયોગી સ્વાસ્થ્ય સુરક્ષા યોજના’ હેઠળ સરકારી કર્મચારીઓને રૂ. ૧૦ લાખ સુધીની કૅશલેસ સારવારની સુવિધા ઉપલબ્ધ થઈ. ગુજરાતને કૉમનવૅલ્થ ગેઈમ્સના નેતૃત્વનો અવસર મળ્યો છે.

અમદાવાદના આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ ૨૦૨૬માં વડાપ્રધાનશ્રી સાથે જર્મનીના ચાન્સેલરશ્રીની ઉપસ્થિતિ પ્રેરક રહી જેનાથી ઉત્સવ અને ગુજરાતને વૈશ્વિક ફલક પર રજૂ કર્યું. વડાપ્રધાનશ્રીની જન્મભૂમિ અનંત-અનાદિ વડનગરના ઐતિહાસિક શર્મિષ્ઠા તળાવ પરિસરમાં ૧૧મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ૨૧૨૧ યોગસાધકોના એક સાથે ભુજંગાસનના નવા કીર્તિમાને ગુજરાતને ગિનિસ બુક ઑફ વર્લ્ડ રેકૉર્ડમાં સ્થાન અપાવ્યું હતું.




## અંદાજપત્ર ૨૦૨૬-૨૭

# વિકસિત ગુજરાત@૨૦૪૭ના લક્ષ્યાંકસિદ્ધિનો રોડમેપ


**અંદાજપત્ર એ માત્ર આવક અને ખર્ચનો હિસાબ નથી, પરંતુ તે સરકારની દૃષ્ટિ, નીતિઓ અને રાજ્યને આગળ લઈ જવાની પ્રતિબદ્ધતાનું પ્રતિબિંબ છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ વિધાનસભામાં અંદાજપત્ર રજૂ કર્યું. આ અંદાજપત્ર દ્વારા દેશને ગુજરાતના વિકાસની પ્રતિબદ્ધતાનો અંદાજ આવ્યો.**

વિકાસની અવિરત યાત્રામાં વધુ એક સીમાચિહ્ન સર કરતું ગુજરાત સરકારનું વર્ષ ૨૦૨૬-૨૭નું અંદાજપત્ર રાજ્યના ઉજ્જવળ ભવિષ્યની બ્લૂપ્રિન્ટ છે. 'સૌનો સાથ, સૌનો વિકાસ'ના મંત્રને ચરિતાર્થ કરતું આ અંદાજપત્ર છેવાડાના માનવી સુધી સુખાકારી પહોંચાડવાની અને રાજ્યને આર્થિક સમૃદ્ધિનાં નવાં શિખરો પર લઈ જવાની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

રાજ્ય સરકારના આ પ્રયાસોથી ગુજરાતની આર્થિક ગતિશીલતા રાષ્ટ્રીય વિકાસમાં આગવી અને મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે. આજે દેશના જીડીપીમાં ગુજરાતનો ફાળો ૮.૨ ટકા છે. ગુજરાતની માથાદીઠ આવક રૂ. ૩ લાખ ૧ હજાર (રૂ. ૩,૦૧,૦૦૦) છે. જે રાષ્ટ્રીય સરેરાશ કરતાં ૬૦%થી વધારે છે, જેમાં ગુજરાત દેશનાં રાજ્યોમાં મોખરાનું સ્થાન ધરાવે છે.

GYAN એટલે કે, ગરીબ, યુવા, અન્નદાતા અને નારીશક્તિને વધુ સશક્ત બનાવવા આ બજેટમાં વિવિધ જોગવાઈઓ કરવામાં આવી છે.

સમાજના પછાત અને નબળા વર્ગના તેમજ આદિજાતિ લોકોના વિકાસ માટે સરકાર હંમેશાં સંવેદનશીલ છે. વિવિધ નિગમો દ્વારા છેલ્લાં ત્રણ વર્ષમાં ૧.૩૫ લાખથી વધુ લાભાર્થીઓને ઉચ્ચ શિક્ષણ








માટે લોન તેમજ આર્થિક સહાય આપવામાં આવી છે. નિગમોની આ કામગીરીને વેગ આપવા માટે કુલ રૂ. ૮૬૯ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

નાગરિકો માટે અન્ન સુરક્ષાના અભિગમથી પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત રાજ્યનાં અંદાજે ૭૫ લાખથી વધુ કુટુંબોને વિનામૂલ્યે અનાજ આપવાનું ભગીરથ કાર્ય સરકાર કરી રહી છે. ગરીબ અને મધ્યમવર્ગના દંપતીઓને ઇન્સ્ટિટ્યૂટ ઑફ કિડની ડિસીઝ એન્ડ રિસર્ચ સેન્ટર, અમદાવાદ ખાતે IVF સગવડ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. આ સેન્ટરના વિસ્તૃતીકરણ ઉપરાંત સુરત, ભાવનગર અને જામનગર ખાતે આ પ્રકારની સુવિધા શરૂ કરવાનું આયોજન છે.

બાંધકામ શ્રમયોગીઓને પૌષ્ટિક આહાર મળી રહે તે માટે શ્રમિક અન્નપૂર્ણા કેન્દ્રમાં વધારો કરતાં નવાં ૧૨૧ કેન્દ્ર કાર્યરત કરવામાં આવશે. તેમજ શ્રમયોગીઓને બાંધકામના સ્થળે આરોગ્યની પ્રાથમિક સેવા આપતા કુલ ૧૫૪ ધન્વંતરિ આરોગ્ય રથની સંખ્યામાં વધારો કરતાં વધુ નવા ૫૦ આરોગ્ય રથ શરૂ કરવામાં આવશે. જેના માટે કુલ રૂ. ૨૬૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

VB-G RAM G (વિકસિત ભારત ગૅરંટી ફોર રોજગાર એન્ડ આજીવિકા મીશન(ગ્રામીણ)) યોજનાથી ગ્રામીણ વિસ્તારની સુખાકારી અને રોજગારી માટે એક મહત્ત્વપૂર્ણ કદમ ભરવામાં આવ્યું છે. જેમાં કામના દિવસો ૧૦૦થી વધારી ૧૨૫ કરવામાં આવ્યા છે. જેના માટે કુલ રૂ. ૧૫૦૦ કરોડનું આયોજન કર્યું છે.

આદિજાતિ, અનુસૂચિત જાતિ, વિકસતી જાતિ તેમજ આર્થિક રીતે પછાત વર્ગની આશ્રમશાળાઓ અને ગ્રાન્ટ-ઇન-એઇડ છાત્રાલયોમાં અભ્યાસ કરતા આશરે ૨,૭૭,૫૫૨ વિદ્યાર્થીઓને મળતી માસિક સહાય રૂ. ૨૧૬૦માં રૂ. ૩૪૦નો વધારો કરી રૂ. ૨૫૦૦ કરવાની જાહેરાત કરવામાં આવી.

રાજ્ય સરકાર સંચાલિત એકલવ્ય મૉડલ રેસિડેન્શિયલ શાળાઓ અને કન્યા સાક્ષરતા શાળાઓમાં અભ્યાસ કરતા ૨૧,૭૭૦ આદિજાતિ વિદ્યાર્થીઓ માટે વિદ્યાર્થી દીઠ અપાતી વાર્ષિક નિભાવ ગ્રાન્ટ રૂ. ૭૦,૦૦૦ માં રૂ. ૧૦,૦૦૦ નો વધારો કરી રૂ. ૮૦,૦૦૦ કરવાની જાહેરાત કરવામાં આવી છે.

ગાંધીનગર ખાતે દેશની સૌથી મોટી અને અત્યાધુનિક નમો સેન્ટ્રલ લાઈબ્રેરી સ્થાપવામાં આવશે, જેમાં અભ્યાસ અને વાચનની સુવિધાઓ ડિજિટલ સ્વરૂપે ઉપલબ્ધ કરાવવામાં આવશે. જેના માટે

| | |
|---|---|
| શિક્ષણ વિભાગ ₹ ૬૩૧૮૪ કરોડ | આરોગ્ય વિભાગ ₹ ૨૫૪૦૩ કરોડ |
| માર્ગ-મકાન વિભાગ ₹ ૨૯૭૦૯ કરોડ | મહિલા-બાળ વિભાગ ₹ ૭૬૯૦ કરોડ |
| શહેરી વિકાસ વિભાગ ₹ ૩૩૫૦૪ કરોડ | ઉદ્યોગ-ખાણ વિભાગ ₹ ૧૩૯૪૨ કરોડ |
| જળસંપતિ નર્મદા વિભાગ ₹ ૨૫૯૬૦ કરોડ | પંચાયત વિભાગ ₹ ૧૪૮૫૮ કરોડ |
| ગૃહ વિભાગ ₹ ૧૪૨૬૫ કરોડ | કૃષિ - ખેડૂત વિભાગ ₹ ૨૪૦૨૨ કરોડ |

આ બજેટમાં રૂ. ૧૦૦ કરોડની જોગવાઈ સૂચવી છે. તેમજ આદિજાતિ વિસ્તારના તમામ તાલુકામાં ભગવાન બિરસા મુંડા લાઈબ્રેરી ઊભી કરવાના આયોજનના ભાગરૂપે આ વર્ષે ૧૫ તાલુકાઓમાં લાઈબ્રેરી સ્થાપવાની જાહેરાત કરવામાં આવી છે.

દિવ્યાંગજનને શાળામાં અભ્યાસ કરવામાં મુશ્કેલીઓનો સામનો ન કરવો પડે તે હેતુથી પરિવહન વ્યવસ્થાના ભાગરૂપે ટ્રાન્સપોર્ટ/એસ્કોર્ટ એલાઉન્સ આપવા તેમજ અન્ય સુવિધાઓ માટે આયોજન કરવામાં આવ્યું છે.

રાજ્ય સરકારે કૌશલ્ય વિકાસને પ્રાધાન્ય આપી યુવાનોને આત્મનિર્ભર તેમજ રોજગારલક્ષી બનાવવા અનેક પગલાં ભર્યાં છે. ઉદ્યોગો સાથે સક્રિય ભાગીદારીથી ભાવિ જરૂરિયાતોને અનુરૂપ માનવ સંસાધન તૈયાર કરવાના હેતુસર નમો ગુજરાત કૌશલ્ય અને રોજગાર મિશનને વેગ આપવા રૂ. ૨૨૬ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. યુવાનોને રોજગારી માટે કૌશલ્યપૂર્ણ તાલીમ આપવાના હેતુથી "મુખ્યમંત્રી ઍપ્રેન્ટિસશિપ યોજના" હેઠળ ૧ લાખથી વધુ ઍપ્રેન્ટિસ તાલીમ મેળવે છે. આ યોજના સેવાક્ષેત્ર દ્વારા પૂરા પાડવામાં આવતા ઍપ્રેન્ટિસ કાર્યક્રમોને પણ આગળ વધારવામાં મદદરૂપ બનશે. આ તાલીમાર્થીઓને માસિક રૂ. ૩૦૦૦ સુધીની સહાય આપવા રૂ. ૮૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

સ્ટાર્ટઅપ ક્ષેત્રે રાજ્ય સરકારની નીતિઓથી યુવાનોને "વિચારથી વ્યવસાય" સુધીનું પ્રોત્સાહન મળી રહ્યું છે. યુવાનોની નવીન વિચારશક્તિ, ટૅક્નોલૉજી પ્રત્યેની અભિરુચિ અને સાહસના કારણે અત્યાર સુધી આશરે ૧૬ હજાર જેટલાં સ્ટાર્ટઅપ્સ નોંધાયેલાં છે, જેના પરિણામે રાજ્યને ભારત સરકાર દ્વારા "બેસ્ટ પર્ફોર્મર સ્ટેટ"નો ઍવૉર્ડ મળ્યો છે.

દેશના ઔદ્યોગિક ઉત્પાદનમાં ૧૯% યોગદાન સાથે, ગુજરાત રોજગારી સર્જન માટે ખૂબ જ મજબૂત MSME (નાના અને મધ્યમ ઉદ્યોગ) ઈકોસિસ્ટિમ ધરાવે છે. ૨૯ લાખથી વધુ MSME રજિસ્ટ્રેશન ધરાવતાં અગ્રેસર રાજ્યોની સૂચીમાં ગુજરાત સ્થાન ધરાવે છે. આ એકમોને પ્રોત્સાહન માટે આત્મનિર્ભર ગુજરાત સ્કીમ ફોર આસિસ્ટન્સ ટુ MSME માટે રૂ. ૧૭૭૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસને આગળ વધારતાં આગામી સમયમાં ૨૫ GIDCને




**'ગુજરાત અંદાજપત્ર : ૨૦૨૬-૨૭' માટે આદિવાસીઓના આરાધ્ય દેવી કંસરી દેવીનું ચિત્ર ધરાવતી વારલી કળાની આકર્ષક બજેટ પોથી પસંદ કરવામાં આવી હતી. વારલી ચિત્રકલા આશરે ૧૨૦૦ વર્ષ જૂની પરંપરા છે. બજેટ પોથી પર તેને સ્થાન આપીને ગુજરાત સરકાર દ્વારા આ પરંપરાગત કળાને જીવંત રાખવાનો સરાહનીય પ્રયાસ કરવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, છેલ્લાં ચાર વર્ષથી શ્રી બીનાબહેન હસમુખ પટેલ દ્વારા બજેટ પોથી પર વારલી ચિત્રકલા દોરી આ સાંસ્કૃતિક સેવા આપવામાં આવી રહી છે. આદિવાસી સમાજમાં કંસરી દેવીને સમૃદ્ધિ અને સુખ-શાંતિનું પ્રતીક માનવામાં આવે છે. લગ્ન, નવા પાકની લણણી કે અન્ય શુભ પ્રસંગે તેમની સ્થાપના અને પૂજા કરવામાં આવે છે. માતા અન્નપૂર્ણા સમાન માનવામાં આવતા કંસરી દેવીની કૃપાથી ધન-ધાન્ય અને સમૃદ્ધિ પ્રાપ્ત થાય છે.**








આધુનિક ટેક્નોલૉજીથી સ્માર્ટ બનાવવામાં આવશે, જેમાં રૂ. ૧૨૫૦ કરોડના રોકાણથી પાણી, વીજળી, ગેસ અને ડિજિટલ નેટવર્કનું સુદઢીકરણ કરવામાં આવશે. આ ઉપરાંત રૂ. ૫૦ કરોડના રોકાણથી ૧૨૦ મિની GIDCના નવીનીકરણનું આયોજન છે.

રાષ્ટ્રના માલસામાન નિકાસમાં ૨૬% થી વધુ યોગદાન સાથે ગુજરાત સૌથી મોખરાનું સ્થાન ધરાવે છે. આ ક્ષેત્રને પ્રોત્સાહન, તાલીમ, આર્થિક અને માર્કેટ સપોર્ટથી વધુ વેગ આપવા ગુજરાત સ્ટેટ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ (GEPC)ની સ્થાપના કરવામાં આવશે. રાજ્યે ઇઝ ઓફ ડૂઈંગ બિઝનેસ અને ઇઝ ઓફ લિવિંગને વધુ સશક્ત બનાવવા ગુજરાત જનવિશ્વાસ(જોગવાઈઓમાં સુધારા) અધિનિયમ, ૨૦૨૫ અમલમાં મૂક્યો છે, જેમાં ૧૧ અધિનિયમો તથા ૫૧૬ જોગવાઈઓમાં હકારાત્મક કાયદાકીય સુધારાઓ કરવામાં આવ્યા છે. આ સરળીકરણના લીધે ઉત્પાદક, વેપારી અને ઔદ્યોગિક કામદારોનો શાસન પ્રત્યેનો વિશ્વાસ વધુ મજબૂત બન્યો છે.


રાજ્ય સરકાર આત્મનિર્ભર ભારતના સંકલ્પ સાથે “વોકલ ફોર લોકલ”ની પહેલ હેઠળ તમામ જિલ્લાઓના ગ્રામ તેમજ શહેરી વિસ્તારોના સંતુલિત પ્રાદેશિક વિકાસને પ્રોત્સાહન આપી રહી છે. ભારત સરકાર દ્વારા રાજ્યના હાથસાળ-હસ્તકલાના અને ગ્રામોદ્યોગના ૯૦ જેટલાં ઉત્પાદનોને “એક જિલ્લો, એક ઉત્પાદન” અંતર્ગત પસંદ કરવામાં આવ્યાં છે. આ ચીજવસ્તુઓ તૈયાર કરનાર કારીગરોને તેના વેચાણ માટે સ્વદેશી હાટ અને ઇ-કૉમર્સ પ્લૅટફૉર્મ પૂરું પાડવામાં આવશે.

ખેડૂતોને ખેતી ક્ષેત્રે થતો ખર્ચ ઘટાડવા તેમજ પાક ઉત્પાદન અને આવક વધારવા યાંત્રિકીકરણ મહત્ત્વનું છે. ટ્રેક્ટર, પાવરટીલર, સીડડ્રીલ, હાર્વેસ્ટર જેવાં યંત્રો દ્વારા ખેતીકામમાં ઝડપ અને ચોકસાઈ આવે છે. નાના-સીમાંત સહિતના ખેડૂતો માટે કૃષિ યાંત્રિકીકરણનાં વિવિધ ઓજારોની ખરીદીમાં સહાય આપવા રૂ. ૧૫૬૫ કરોડની જોગવાઈ કરવામાં આવી. વધુમાં વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી અપનાવે તે માટે સરકાર પ્રતિબદ્ધ છે, જેનો વ્યાપ વધારી પ્રોત્સાહન આપવા સેન્ટર ઓફ એક્સલન્સ ઊભાં કરવાં, બજાર સુવિધા ઉપલબ્ધ કરાવવા, માર્કેટિંગ અને બ્રાન્ડ પ્રમોશન તથા હેન્ડ હોલ્ડિંગ અને સર્ટિફિકેશન સહાય માટે રૂ. ૩૯ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.


રાજ્યમાં ડાંગર, કઠોળ, તેલીબિયાં, ફાર્મ મિકેનાઇઝેશન, વૅલ્યૂ એડિશન અને એગ્રો પ્રોસેસિંગ માટે ૬ સેન્ટર ઑફ એક્સલન્સ ઊભાં કરવાનું આયોજન છે, જેના માટે રૂ. ૧૨ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. રાજ્યમાં બાગાયત ક્ષેત્ર હેઠળનો વિસ્તાર છેલ્લાં બે વર્ષમાં લગભગ બે લાખ હેક્ટરથી વધુ વિસ્તર્યો છે અને ફળ-શાકભાજી સહિતનું કુલ ઉત્પાદન ૨૧ લાખ મેટ્રિક ટનથી વધુ થયું છે

દરિયામાં વહી જતાં નર્મદાનાં પાણીને ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છના સૂકા પ્રદેશમાં વાળવા સુજલામ્ સુફલામ્ પાઈપલાઇન યોજના માટે રૂ. ૧૨૩૭ કરોડ, સૌની યોજના માટે રૂ. ૪૭૩ કરોડ તથા કચ્છની યોજના માટે રૂ. ૧૩૩૩ કરોડ એમ કુલ રૂ. ૩૦૪૩ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

## રૂપિયો ક્યાંથી આવશે?




## રૂપિયો ક્યાં જશે?




અમદાવાદ જિલ્લાના નળકાંઠા વિસ્તારના છેવાડાનાં ગામોને પાઈપલાઇન અને કૅનાલ મારફતે સિંચાઇ સુવિધા પૂરી પાડવા બીજા તબક્કાનું કામ શરૂ કરવામાં આવ્યું છે, જેના માટે રૂ. ૯૫૮ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

રાજ્યના મત્સ્ય અને પશુપાલન ક્ષેત્રને આવક, રોજગાર અને પોષણનો મજબૂત આધાર બનાવવા રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે. રાજ્યની હાલની મત્સ્ય પેદાશ અને નિકાસ વધારવાના લક્ષ્ય માટે માળખાકીય સુવિધા, સાધન સહાય અને સ્ટોરેજ માટે રૂ. ૧૩૪૦ કરોડની જોગવાઈ સૂચવવામાં આવી છે. રાજ્ય સરકાર દ્વારા અમલમાં મુકાયેલ ગૌમાતા પોષણ યોજના ગાયોના સંરક્ષણ, ગૌસંવર્ધન તથા ગૌકલ્યાણ પ્રત્યે રાજ્યની પ્રતિબદ્ધતાનું સ્પષ્ટ પ્રતિબિંબ છે, જેના માટે રૂ. ૫૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ખેડૂતો, પશુપાલકો અને સાગરખેડુઓ પોતાની પ્રવૃત્તિઓ સમયસર કરી શકે તે માટે કિસાન ક્રૅડિટ કાર્ડ અંતર્ગત વ્યાજ સહાય આપવા રૂ. ૧૫૩૯ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

સહકારી મંડળીઓને બહુહેતુક કાર્ય કરવા સક્ષમ બનાવવામાં આવશે, જેમાં અનાજ સંગ્રહથી લઈને રાજ્યના ૪ ઝોનમાં બાયો સીએનજી પ્લાન્ટની સ્થાપના કરવામાં આવશે, જેનાથી પશુપાલકોને પૂરક આવક તેમજ વાહનો માટે ગ્રીન ફ્યૂઅલ ઉપલબ્ધ થશે, જેના માટે રૂ. ૧૧૨ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

મહિલા સશક્તીકરણને આર્થિક સ્વાવલંબન સાથે જોડવાના દૃઢ સંકલ્પ સાથે રાજ્ય સરકાર દ્વારા 'લખપતિ દીદી' અભિયાનને વિશેષ પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. ગ્રામીણ અને શહેરી, બંને વિસ્તારોમાં મહિલાઓ દ્વારા સંચાલિત સ્વ-રોજગાર પ્રવૃત્તિઓને વિસ્તૃત કરવા, નવા વ્યવસાય શરૂ કરવા અને હાલના વ્યવસાયોને સ્કેલ-અપ કરવા રૂ. ૪૭ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

સખી મંડળ સ્વ-સહાય જૂથો આજે મહિલા સશક્તીકરણનો સૌથી મજબૂત આધાર બન્યાં છે. સ્વ-સહાય જૂથના વ્યવસાયને વિસ્તારવા અને સ્કેલ-અપ કરવા બૅંક લોન પર વ્યાજ સહાય અને પ્રોત્સાહક સહાય આપવા રૂ. ૪૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

૩થી ૬ વર્ષનાં બાળકોને આંગણવાડીમાં ગરમ નાસ્તો અને ભોજન તેમજ બાળકો, કિશોરીઓ અને સગર્ભા ધાત્રી માતાઓને ટેક હોમ રૅશન પૂરું પાડવા પૂરક પોષણ યોજના અંતર્ગત રૂ. ૯૭૨ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

નમો લક્ષ્મી યોજનાના અસરકારક અમલીકરણથી ધોરણ ૯થી ૧૨માં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓના શાળા પ્રવેશમાં છેલ્લાં બે વર્ષમાં નોંધપાત્ર વધારો થયો છે, જેના માટે રૂ. ૧૨૫૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. વિધવા બહેનોને આર્થિક રીતે મદદરૂપ થવા માટે DBT માધ્યમથી માસિક સહાય મળી રહે તે માટે ગંગા સ્વરૂપ આર્થિક સહાય યોજના અમલી છે, જેના માટે રૂ. ૨૮૪૮ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

રાજ્યમાં સર્વાંગી અને સંતુલિત વિકાસ માટે દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત, ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર, સૌરાષ્ટ્રના દરિયાકાંઠાનો વિસ્તાર અને કચ્છ એમ ૬ ક્ષેત્ર માટે ઈકોનોમિક માસ્ટર પ્લાન અંતર્ગત દરેક ક્ષેત્રની જરૂરિયાત મુજબ પ્રોજેક્ટ તૈયાર કરાયા છે. જેનાથી આર્થિક પ્રવૃત્તિઓ, રોજગાર સર્જન અને મૂડીરોકાણને પ્રોત્સાહન માટે રૂ. ૨૦૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

રૂપિયા ૫૦ હજાર કરોડના વિકસિત ગુજરાત ફંડ મારફતે

વિકાસકાર્યોને ગતિ આપવાનો સરકારનો દૃઢ સંકલ્પ છે, જેના ભાગરૂપે આ વર્ષે વિકસિત ગુજરાત ફંડમાં રૂ. ૧૦ હજાર કરોડની કરવામાં આવી છે. વિકસિત ગુજરાત ફંડ હેઠળ રાજ્યના વિકાસ માટે લાંબાગાળાના અને મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ હાથ ધરવામાં આવશે.

રાજ્યનાં મહત્ત્વનાં સ્થળોને જોડતા નમો શક્તિ એક્સપ્રેસ વે તેમજ સોમનાથ દ્વારકા એક્સપ્રેસ વે પ્રોજેક્ટ માટે વધુ રૂ. ૩૦૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આ પ્રોજેક્ટ સંસ્કૃતિ અને પ્રવાસનનો સંગમ ધરાવતો હાઈવે બની રહેશે. ધોલેરા અને સાણંદ ખાતે વિકસતા સૅમિકોન હબ ગુજરાતને Chip ઉત્પાદન ક્ષેત્રે વિશ્વના નકશામાં મહત્ત્વનું સ્થાન પ્રદાન કરી રહ્યાં છે, જે ભારતની સૅમિકોન આત્મનિર્ભરતાનો મુખ્ય આધારસ્તંભ બનશે.

ધોલેરા SIR ખાતે ફેઝ-૧ હેઠળ લોજિસ્ટિક એન્ડ ટ્રંક ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટનું અમલીકરણ કરવામાં આવી રહ્યું છે. જેમાં, ધોલેરા ઍરપોર્ટ, આધુનિક માર્ગો, પાણી અને વેસ્ટવોટર ટ્રીટમેન્ટ, અંડરગ્રાઉન્ડ વીજ વિતરણ તથા સ્માર્ટ ICT સુવિધાઓ વિકસાવવામાં આવી રહી છે. જેનાથી ધોલેરા ભવિષ્યના ઉદ્યોગ, નવીનતા અને રોજગારનું વૈશ્વિક કેન્દ્ર બનશે, જેના માટે વિકસિત ગુજરાત ફંડ સહિત કુલ રૂ. ૬૧૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

વિકસિત ગુજરાત@૨૦૪૭ના લક્ષ્યને પૂર્ણ કરવા રાજ્ય સરકાર અતિ મહત્ત્વપૂર્ણ પ્રોજેક્ટ પર કામ કરી રહી છે, જેમાં રાજ્યનાં વિવિધ જળાશયો અને નહેરોની જળસપાટીનો મહત્તમ ઉપયોગ કરવાના હેતુથી કડાણા ડેમમાં નવતર ફ્લોટિંગ સોલર પ્રોજેક્ટ સ્થાપવાનું આયોજન છે, જેના માટે રૂ. ૧૫૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.



“

**2026-27ના બજેટનું કદ 4 લાખ 8 હજાર કરોડનું છે એટલે કે ગયા વર્ષ કરતાં 10.2 ટકાનો વધારો બજેટ સાઇઝમાં થયો છે. બજેટના કુલ ખર્ચના 65 ટકા વિકાસલક્ષી ખર્ચ માટે ફાળવ્યા છે. સમાજના દરેક વર્ગ ખાસ કરીને GYAN એટલે કે ગરીબ, યુવા, અન્નદાતા અને નારી શક્તિના એમ્પાવરમેન્ટ પર આ બજેટમાં વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.**

**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, મુખ્યમંત્રી**



આત્મનિર્ભર ભારતની પહેલને સાકાર કરવા રાજ્ય પાસે સંગ્રહિત પરંતુ હાલમાં વણવપરાયેલાં વિપુલ ખનીજ સંસાધનો અત્યાધુનિક ટેક્નોલૉજીના ઉપયોગથી મેળવવામાં આવશે, જે પૈકી અંબાજી કોપર પ્રોજેક્ટ ગુજરાતની પ્રથમ ભૂગર્ભ કોપર-લેડ-ઝિંક ખાણ બનશે, જે આયાતની નિર્ભરતા ઘટાડશે. આ માટે રૂ. ૬૧૩ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. અંડરગ્રાઉન્ડ કોલ ગેસિફિકેશન પદ્ધતિથી લિગ્નાઇટમાંથી ગેસનું ઉત્પાદન કરવાનું આયોજન છે, જેનાથી પ્રદૂષણની સમસ્યાઓને હલ કરવામાં મદદ મળશે, જેના માટે રૂ. ૩૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

Gujarat Unified Digital Stackની પહેલ દ્વારા રાજ્યના નાગરિકોને એક જ ડિજિટલ પ્લૅટફૉર્મ પરથી સરકારી સેવાઓ ઝડપથી મળશે. જેમાં અલગ અલગ સેવાઓ માટે પૂરા પાડવાના થતા દસ્તાવેજોનું પુનરાવર્તન ઘટવાથી સમય અને ખર્ચનો બચાવ થશે, જેના માટે રૂ. ૧૦૦ કરોડનું આયોજન છે.

રાજ્યના શહેરી વિસ્તારોમાં હયાત ઓવરહેડ વીજ-લાઇનોને અંડરગ્રાઉન્ડ કૅબલમાં રૂપાંતર કરવા “ગુજરાત વાયર-ફ્રી સિટી મિશન” અંતર્ગત રૂ. ૫૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

રાષ્ટ્રીય સુરક્ષાને ધ્યાનમાં રાખીને સંવેદનશીલ સરહદી વિસ્તારમાં ઓવરહેડ લાઈનના માળખાને અત્યાધુનિક એલિવેટેડ કૅબલ નેટવર્કમાં રૂપાંતરિત કરવા માટે રૂ. ૧૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

ભૂકંપ, પૂર અને વાવાઝોડા જેવી આપત્તિઓની અસર ઘટાડવા માટે State Disaster Mitigation Fundની વ્યવસ્થા કરાઈ છે, જેના માટે રૂ. ૧૮૫૫ કરોડનું આયોજન છે.

નાગરિક સેવાઓને વિશ્વસ્તરીય બનાવવા સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી



શહેરી વિકાસ યોજના હેઠળ હાલની જોગવાઈમાં લગભગ ૧૭% જેટલો વધારો કરી રૂ. ૧૬ હજાર ૧૧૬ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

રાહદારીઓની પરિવહન કાર્યક્ષમતામાં સુધારો કરી સુલભ શહેરી ગતિશીલતાને પ્રોત્સાહન આપવા શહેરો અને નગરપાલિકાઓમાં રૂ. ૧૦૦ કરોડના ખર્ચે સ્માર્ટ પાર્કિંગ બનાવવાનું આયોજન છે.રાજ્યમાં આવેલાં મોટાં શહેરો પરનું ભારણ ઘટે અને રોજગારીની નવી તકો ખૂલે તે હેતુથી મુખ્ય શહેરોની નજીક આધુનિક સુવિધાઓ સાથે પાંચ નવાં સેટેલાઇટ ટાઉન વિકસાવવામાં આવશે, જેમાં કલોલ, સાણંદ, સાવલી, બારડોલી અને હિરાસરના વિકાસનું આયોજન છે, જેને રિજનલ રેપિડ ટ્રાન્ઝિટ સિસ્ટિમથી મોટાં શહેરો સાથે જોડવામાં આવશે.

આગામી કૉમનવૅલ્થ ગેઈમ્સ ૨૦૩૦ના આયોજન માટે અમદાવાદ શહેરને "ઓલિમ્પિક રેડી સિટી" બનાવવામાં આવશે. જેના ભાગરૂપે આંતરરાષ્ટ્રીય કક્ષાના સ્પૉર્ટ્સ કોમ્પ્લેક્સ અને સ્ટેડિયમ સ્થાપી તેને આધુનિક જાહેર પરિવહન સુવિધાઓ સાથે વિકસાવવામાં આવશે. જેના માટે કુલ રૂ. ૧૨૭૮ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

ઘર સુધી ગુણવત્તાયુક્ત પાણી નિયમિત પહોંચાડવું એ સરકારની પ્રતિબદ્ધતા છે. ૩૨ શહેરી સ્થાનિક સંસ્થાઓના વિસ્તારોમાં પાણી પુરવઠા વ્યવસ્થા મજબૂત બનાવવા મિશન-દૈનિક પાણી પુરવઠો- "જીવન ધારા" અમલમાં મૂકવામાં આવશે, જેના માટે રૂ. ૧૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.



**અંદાજપત્રમાં સમાજના દરેક વર્ગ, ખાસ કરીને 'GYAN' (ગરીબ, યુવા, અન્નદાતા અને નારી શક્તિ) ના એમ્પાવરમેન્ટ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. આ બજેટ વિકસિત ગુજરાતથી વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવાની દિશામાં એક મજબૂત કદમ છે.**

**શ્રી હર્ષ સંઘવી,** નાયબ મુખ્યમંત્રી

ગુજરાત "ડમ્પ ફ્રી" રાજ્ય બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે. જેના ભાગરૂપે ડમ્પ સાઈટ પર સંગ્રહિત ૨૫૩ લાખ મેટ્રિક ટનથી વધુ કચરાને વૈજ્ઞાનિક રીતે દૂર કર્યો છે. તેમજ બાકી રહેતી તમામ સાઈટને ડમ્પ ફ્રી કરી તેનો ઉપયોગ જાહેર હેતુ માટે કરવાનું આયોજન છે. મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ ગામ અને તેનાં પરાંઓના જોડાણ તેમજ રસ્તાઓના રખરખાવ તથા કોઝવેના સ્થાને ઊંચા પુલ બનાવવાની કામગીરી માટે રૂ. ૫૬૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

રાજ્યના અલગ અલગ વિસ્તારોના આશરે ૧૧૫૫ કિ.મી. લંબાઈના રસ્તાઓને 'ગરવી ગુજરાત હાઇ-સ્પીડ કૉરિડોર' તરીકે ઘોષિત કર્યા છે, જે રાજ્યના સર્વાંગી વિકાસ, રોજગાર અને આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરની દિશામાં મહત્ત્વપૂર્ણ કડી છે, જેના માટે રૂ. ૮૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

ગુજરાત પાસે સફેદ રણના સૌંદર્યથી દરિયાના ઘૂઘવતાં મોજાં સુધી, સૂર્યમંદિરથી સ્ટેચ્યૂ ઑફ યુનિટી સુધી, ગીરની ગર્જનાથી સોમનાથ સુધી પ્રકૃતિનું વૈવિધ્ય અને સંસ્કૃતિનો અદ્વિતીય સંગમ છે. ગુજરાતના પ્રવાસન ક્ષેત્રને રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય ફલક પર પ્રસ્થાપિત કરવા વર્ષ ૨૦૨૬ને 'ગુજરાત પ્રવાસન વર્ષ' તરીકે ઊજવવાની જાહેરાત કરવામાં આવી.

વિશ્વના આઇકોનિક પ્રવાસન સ્થળ તરીકે 'સ્ટેચ્યૂ ઓફ યુનિટી' ઊભરી આવ્યું છે. આ વિસ્તારની આંતરમાળખાકીય સુવિધાઓ વધારવા માટે રૂ. ૨૩૬ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

'સોમનાથ સ્વાભિમાન પર્વ'ની ઉજવણી સમગ્ર વર્ષ દરમિયાન કરવાનું આયોજન છે.રાજ્ય સરકારે સોમનાથ જેવી પવિત્ર વિરાસત સાથે વિકાસને જોડીને "વિકાસ ભી, વિરાસત ભી"ના મંત્રને સાકાર કર્યો છે. વડાપ્રધાનશ્રીના 'વન સ્ટેટ : વન ગ્લોબલ ડેસ્ટિનેશન'ના વિઝનને સાકાર કરવા સોમનાથને 'ગ્લોબલ ડેસ્ટિનેશન' તરીકે વિકસાવવાનું આયોજન કરવામાં આવ્યુ છે.

ગુજરાતની પવિત્ર ધરા પર હજારો વર્ષ જૂની સિંધુ સંસ્કૃતિના સાક્ષી એવા લોથલ અને ધોળાવીરા વિશ્વભરના પ્રવાસીઓ માટે આકર્ષણનાં નવાં કેન્દ્ર બન્યાં છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના ડ્રીમ પ્રોજેક્ટ એવા ભારતની પ્રાચીન સંસ્કૃતિની અનુભૂતિ કરાવતું 'નૅશનલ મેરીટાઇમ હેરિટેજ મ્યૂઝિયમ' લોથલ ખાતે નિર્માણ પામી રહ્યું છે. રાજ્યનાં પ્રવાસન સ્થળો ખાતે એક હજાર ટૂરિસ્ટ ગાઇડને તાલીમ આપી તૈયાર કરવાનું આયોજન છે. ઉપરોક્ત આયોજનો માટે કુલ રૂ. ૯૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.અંબાજી યાત્રાધામના સર્વાંગી વિકાસ માટે 'અંબાજી કૉરિડૉર માસ્ટરપ્લાન' અંતર્ગત રૂ. ૩૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

પવિત્ર યાત્રાધામ બહુચરાજીના નવનિર્માણ, જૂનાગઢના ગિરનાર ખાતે યોજાતા મહાશિવરાત્રીના મેળામાં અને મા નર્મદાની પરિક્રમા માટે આવતા શ્રદ્ધાળુઓની સુવિધા માટે રૂ. ૫૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

સોમનાથ અને શિવરાજપુર બીચ પ્રવાસીઓ માટે વિશ્વસ્તરીય સુવિધાઓ સાથે આકર્ષક પ્રવાસન કેન્દ્ર તરીકે વિકસી રહ્યાં છે. તેમજ વિસાવડા-પોરબંદર ખાતે સ્થાનિક પ્રવાસનને પ્રોત્સાહન આપવા કુલ રૂ. ૬૦ કરોડની જોગવાઈ કરવામાં આવી.

રાજ્યનાં પવિત્ર યાત્રાધામ સોમનાથ અને અંબાજી ખાતે આઇકોનિક બસસ્ટેશન તેમજ અન્ય સ્થળોએ બસસ્ટેશન બનાવવામાં આવશે અને સોમનાથ મુકામે મલ્ટિ મૉડલ ટ્રાન્સપોર્ટ હબના ધોરણે અદ્યતન સુવિધા ધરાવતા બસપોર્ટનું નિર્માણ કરવામાં આવશે, જેના માટે રૂ. ૪૪૭ કરોડનું આયોજન છે.

જાહેર પરિવહનમાં નાગરિકોની સલામતી અને સગવડને ધ્યાને લઈ આધુનિક ટૅક્નોલૉજી ધરાવતી ૨૪૬૩ જેટલી નવી બસો, જેમાં ૫૦૦ AC ઈલેક્ટ્રિક બસો મૂકવાનું આયોજન છે. તેમજ આદિજાતિ વિસ્તારમાં વસતાં ભાઈ-બહેનો, વિદ્યાર્થીઓ તથા ઔદ્યોગિક વિસ્તારોમાં કામ અર્થે આવતા શ્રમિકો માટે ૫૦૦ મીડી બસ મૂકવામાં આવશે. જેના માટે કુલ રૂ. ૧૨૮૯ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

ગુજરાત સરકારે પર્યાવરણ સંરક્ષણ માટે પણ પગલાં લીધા છે. કચ્છ અને અન્ય વન વિસ્તારમાં ગાંડા બાવળને દૂર કરી તેના સ્થાને બામ્બુ(વાંસ) સહિત અન્ય સ્થાનિક વૃક્ષોનું વાવેતર કરવા તેમજ કચ્છના બન્ની ઘાસિયા મેદાનમાં ગ્રાસલેન્ડ રિસ્ટોરેશન માટે રૂ. ૯૭ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. અરવલ્લી પર્વતમાળાની આસપાસ ગ્રીન બેલ્ટ બનાવવાના હેતુથી તેમજ રાજ્યની પ્રમુખ નદીઓના બંને કાંઠે વૃક્ષોના સઘન વાવેતર થકી ધોવાણ અટકાવવા માટે રૂ. ૩૨ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

કાયદો અને વ્યવસ્થાને વધુ અસરકારક બનાવવા તેમજ માર્ગ સલામતીનાં પગલાં વધારવા રાજ્યની કટોકટી સેવાઓને ડાયલ-૧૧૨ જનરક્ષક પ્રોજેક્ટ હેઠળ આવરી લેવામાં આવી છે. જેથી ઈમર્જન્સી રિસ્પોન્સ સમયમાં વધુ ઘટાડો થશે, જેના અસરકારક અમલીકરણ માટે વિવિધ સંવર્ગનું ત્રણ હજારનું માનવબળ ઊભું કરવાનું આયોજન છે.

ગુજરાત પોલીસ માટે Data Fusion Centre & Centre of Excellence for AI in Policingની સ્થાપના કરવામાં આવશે. જે તમામ મહત્ત્વપૂર્ણ પોલીસ ડેટાનું સંકલન કરી વિશ્લેષણ કરશે. આ પ્રોજેક્ટ માટે રૂ. ૬૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. રાજ્યના કાયદો અને વ્યવસ્થા તેમજ પ્રજાજનોની સુરક્ષા માટે સતત ખડેપગે રહેતા પોલીસ કર્મચારીઓ માટે અત્યાધુનિક ટૅક્નોલૉજીથી આગામી પાંચ વર્ષમાં ૨૦,૪૪૪ જેટલાં રહેણાક મકાનો પૂરાં પાડવા માટેનું આયોજન છે, જે માટે આ બજેટમાં રૂ. ૧૫૭૧ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

PMJAYના ધોરણે રાજ્ય સરકારના ૬.૪૦ લાખ જેટલા કર્મયોગીઓ તેમજ પેન્શનરોને રૂ. ૧૦ લાખ સુધીની કૅશલેશ તબીબી સારવારનું સ્વાસ્થ્ય સુરક્ષા કવચ પૂરું પાડવામાં આવી રહ્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર 'અર્નિંગ વેલ-લિવિંગ વેલ' પર ફોકસ કરીને આયોજનબદ્ધ રીતે આગળ વધી રહી છે.

વિધાનસભામાં નાણામંત્રીશ્રીએ વડાપ્રધાનશ્રીના દિશાદર્શનમાં રાજ્ય સરકારનું સર્વગ્રાહી અને સર્વ સમાવેશી અભિગમ અપનાવતું પાંચ સ્તંભ- સામાજિક સુરક્ષા, માનવ સંસાધન વિકાસ, આંતર માળખાકીય સુવિધાઓ, આર્થિક પ્રવૃત્તિઓનો વિકાસ અને ગ્રીન ગ્રોથ પર આધારિત વર્ષ ૨૦૨૬-૨૭નું રૂ. ૪ લાખ ૮ હજાર ૫૩ કરોડનું (રૂ. ૪,૦૮,૦૫૩ કરોડ) વિક્રમી અંદાજપત્ર રજૂ કર્યું.



"બજેટ માત્ર આંકડાઓનો દસ્તાવેજ નથી, પરંતુ પ્રગતિના પથ પર અગ્રેસર ગુજરાતના સૌ નાગરિકોના જીવનને વધુ સુગમ્ય, સમૃદ્ધ અને સંતોષપ્રદ બનાવવાનો રાજ્ય સરકારનો સંકલ્પ છે. અંત્યોદયના ભાવ સાથે, વિકાસના નિતનવા શિખરો સર કરવા આ બજેટ મક્કમ પાયો બનશે.

**શ્રી જગદીશ વિશ્વકર્મા,** ધારાસભ્ય

# પ્રથમ સ્તંભ
## સામાજિક સુરક્ષા



સામાજિક ન્યાય અને સમાનતાના મંત્ર સાથે અંત્યોદય ઉત્કર્ષનું બજેટ નાણામંત્રીશ્રીએ રજૂ કર્યું. ગુજરાત સરકાર હંમેશાં 'વસુધૈવ કુટુંબકમ્'ની ભાવના સાથે સમાજના દરેક વર્ગના ઉત્થાન માટે કાર્યરત રહી છે. ચાલુ વર્ષના બજેટમાં સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ માટે રૂ. ૭,૦૮૯ કરોડની માતબર જોગવાઈ કરવામાં આવી છે. આ બજેટ સાબિત કરે છે કે સરકાર માત્ર વિકાસમાં જ નહીં, પરંતુ દરેક નાગરિકની સામાજિક સુરક્ષા અને ગરિમાપૂર્ણ જીવન સુનિશ્ચિત કરવામાં પણ મક્કમ છે.







### શૈક્ષણિક ઉત્કર્ષ : ઉજ્જવળ ભવિષ્યનો પાયો

- **શિષ્યવૃત્તિનો વ્યાપ :** પી.એમ. યશસ્વી યોજના હેઠળ અંદાજે ૯.૭૫ લાખ વિદ્યાર્થીઓ માટે રૂ. ૬૩૦ કરોડ અને પ્રાથમિક શાળાના ૩૬ લાખ વિદ્યાર્થીઓ માટે રૂ. ૬૧૭ કરોડની ફાળવણી.
- **વિદેશ અભ્યાસ લોન :** ઉચ્ચ અભ્યાસ માટે વિદેશ જવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે ૪%ના રાહત દરે રૂ. ૧૫ લાખ સુધીની લોન માટે રૂ. ૧૩૫ કરોડ ફાળવાયા છે.
- **કન્યા કેળવણી :** ધોરણ-૯ની ૧.૫૯ લાખ વિદ્યાર્થિનીઓને 'સરસ્વતી સાધના યોજના' અંતર્ગત વિનામૂલ્યે સાઈકલ આપવા રૂ. ૭૩ કરોડની જોગવાઈ.
- **નવીન સુવિધા :** ૫ આદર્શ નિવાસી શાળાઓમાં વિજ્ઞાન પ્રવાહ અને અત્યાધુનિક લૅબોરેટરીઓ શરૂ કરવામાં આવશે. સમાજના દિવ્યાંગો, નિરાધારો અને વંચિતોને આત્મનિર્ભર બનાવવા સરકાર સતત કાર્યશીલ છે.
- **આર્થિક લોન અને સબસિડી :** અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના લાભાર્થીઓ નિગમો હેઠળ ચાલતી શૈક્ષણિક લોન તથા સ્વરોજગારલક્ષી લોન યોજનાના તથા દિવ્યાંગજનો માટે ચાલતી સ્વરોજગાર યોજનાના ૧૯ હજાર લાભાર્થીઓને સ્વરોજગારલક્ષી લોન માટે રૂ. ૭૯૩ કરોડ અને બૅંક લોન પર ૬% સબસિડી માટે રૂ. ૨૫ કરોડની જોગવાઈ.
- **દિવ્યાંગ કલ્યાણ :** સંત સુરદાસ યોજના અને આર્થિક સહાય માટે રૂ. ૨૪૯ કરોડ. તેમજ દિવ્યાંગોની ગતિશીલતા માટે મોટરાઈઝ્ડ ટ્રાઈસિકલ અને વ્હીલચૅર માટે રૂ. ૬૦ કરોડ.
- **પાલક માતા-પિતા યોજના :** નિરાધાર બાળકોના ઉછેર માટે રૂ. ૮૩ કરોડની ફાળવણી.

### આવાસ અને તબીબી સહાય : પાયાની જરૂરિયાતોની પૂર્તિ

- **આવાસ સહાય :** અનુસૂચિત જાતિ અને પછાત વર્ગના ૨૪ હજારથી વધુ લાભાર્થીઓને પોતાનું ઘર મળે તે માટે રૂ. ૩૭૫ કરોડની જોગવાઈ.
- **આરોગ્ય સુરક્ષા :** ૫૩ હજાર લાભાર્થીઓને નિ:શુલ્ક તબીબી સહાય પૂરી પાડવા રૂ. ૧૪૩ કરોડ ફાળવવામાં આવ્યા છે.
- **નશામુક્તિ અભિયાન :** રાજ્યના ૩૪ જિલ્લાઓમાં નશામુક્તિ કેન્દ્રો સ્થાપવા રૂ. ૧૫ કરોડની ફાળવણી કરીને તંદુરસ્ત સમાજના નિર્માણનો સંકલ્પ કરાયો છે.

### વનબંધુઓના સર્વાંગી ઉત્કર્ષનો સંકલ્પ

- ગુજરાતની અસ્મિતાના અભિન્ન અંગ એવા આદિજાતિ સમાજના સશક્તીકરણ માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. 'વનબંધુ કલ્યાણ યોજના'ના માધ્યમથી આદિજાતિ વિસ્તારોમાં શિક્ષણ,

સ્વાસ્થ્ય અને રોજગારીનાં નવાં દ્વાર ખોલવા માટે આ વર્ષના બજેટમાં રૂ. ૫,૪૨૫ કરોડની ઐતિહાસિક જોગવાઈ કરવામાં આવી છે.


### શૈક્ષણિક કાયાકલ્પ : જ્ઞાનના ઉજાસથી સશક્તીકરણ

આદિજાતિ યુવાનો વૈશ્વિક સ્પર્ધામાં ટકી શકે તે માટે શિક્ષણ ક્ષેત્રે અભૂતપૂર્વ મૂડીરોકાણ કરવામાં આવ્યું છે.

- **શિષ્યવૃત્તિનો મજબૂત આધાર :** ૨.૩૫ લાખ વિદ્યાર્થીઓને પોસ્ટ-મૅટ્રિક શિષ્યવૃત્તિ માટે રૂ. ૯૦૯ કરોડ અને ૧૧ લાખ પ્રિ-મૅટ્રિક વિદ્યાર્થીઓ માટે રૂ. ૧૩૮ કરોડની જોગવાઈ.
- ૧૭૬ સરકારી કુમાર-કન્યા છાત્રાલયો અને ૮૯૩ ગ્રાન્ટ ઇન એઇડ એમ કુલ ૧૦૬૯ છાત્રાલયોના ૭૩ હજારથી વધુ વિદ્યાર્થીઓ માટે રૂ. ૩૨૭ કરોડની જોગવાઈ.
- ૧૦ ઇ.એમ.આર.એસ., ૪૩ જી.એલ.આર.એસ., ૧૨ મૉડેલ શાળાઓ તથા ૨ સૈનિક શાળાઓના અંદાજે ૨૭ હજાર જેટલા વિદ્યાર્થીઓ માટે રૂ. ૨૦૪ કરોડની જોગવાઈ.
- ૭૪ આદર્શ નિવાસી શાળાઓના અંદાજે ૧૨ હજાર જેટલા વિદ્યાર્થીઓ માટે રૂ. ૧૩૪ કરોડની જોગવાઈ.
- અદ્યતન સુવિધાવાળાં સમરસ છાત્રાલયોની યોજના માટે રૂ. ૨૬ કરોડની જોગવાઈ.
- **રહેણાક શાળાઓનું નેટવર્ક :** એકલવ્ય મૉડેલ સ્કૂલ, આદર્શ નિવાસી શાળા અને છાત્રાલયોના બાંધકામ માટે રૂ. ૬૭૯ કરોડ ફાળવાયા છે.
- **ઉચ્ચ શિક્ષણને વેગ :** રાજપીપળા ખાતે બિરસા મૂંડા આદિજાતિ યુનિવર્સિટી માટે રૂ. ૩૪ કરોડની જોગવાઈ કરવામાં આવી છે, જે આદિજાતિ સંશોધન અને શિક્ષણનું કેન્દ્ર બનશે.
- **ગણવેશ સહાય :** ૧૦ લાખ વિદ્યાર્થીઓને ગણવેશ સહાય માટે રૂ. ૯૮ કરોડ ફાળવાયા છે. આદિજાતિ વ્યક્તિઓને જાતિનાં માન્યતા પ્રમાણપત્ર ઝડપથી મળી રહે તે માટે વિભાગીય વિશ્લેષણ સમિતિનું વિસ્તૃતીકરણ અને સુદૃઢીકરણ કરવાનું આયોજન.

### આર્થિક ઉત્કર્ષ

- મુખ્યમંત્રી આદિમજૂથ અને હળપતિ સર્વાંગી ઉત્કર્ષ યોજના હેઠળ રૂ. ૧૨૫ કરોડની જોગવાઈ.
- મુખ્યમંત્રી વન અધિકાર ખેડૂત ઉત્કર્ષ યોજના માટે રૂ. ૧૧૧ કરોડની જોગવાઈ.
- મુખ્યમંત્રી બોર્ડર વિલેજ સર્વાંગી ઉત્કર્ષ યોજના હેઠળ રૂ. ૧૦૦ કરોડની જોગવાઈ.
- સંકલિત ડેરી વિકાસ કાર્યક્રમ હેઠળ રૂ. ૬૫ કરોડની જોગવાઈ.
- કૃષિ વૈવિધ્યીકરણ યોજના હેઠળ ખેડૂતોને સહાય માટે રૂ. ૪૨ કરોડની જોગવાઈ.
- અનુસૂચિત જનજાતિના પરિવારો માટે આજીવિકા ઉપાર્જન કરવા રૂ. ૪૦ કરોડની જોગવાઈ.
- આદિજાતિ ખેડૂતો માટે પ્રાકૃતિક કૃષિ આધારિત વાડી સહાય માટે રૂ. ૩૦ કરોડની જોગવાઈ.
- રવી ઋતુ માટે કૃષિ વૈવિધ્યીકરણ યોજના માટે રૂ. ૨૫ કરોડની જોગવાઈ.
- આદિજાતિ વિસ્તારનાં ગામોમાં મોબાઇલ કનેક્ટિવિટી સુદૃઢ કરવા નવા મોબાઇલ ટાવર ઊભા કરવા રૂ. ૨૫ કરોડની જોગવાઈ.
- યુવક-યુવતીઓને વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર મારફતે રોજગારલક્ષી તાલીમ માટે રૂ. ૧૨ કરોડની જોગવાઈ.









## સામાજિક ઉત્કર્ષ

- ન્યૂ ગુજરાત પેટર્ન યોજના અંતર્ગત રૂ. ૨૦૦ કરોડની જોગવાઈ.
- દૂધ સંજીવની યોજના અંતર્ગત રૂ. ૨૦૦ કરોડની જોગવાઈ.
- વ્યક્તિગત આવાસ યોજના અંતર્ગત રૂ. ૧૪૬ કરોડની જોગવાઈ.
- આદિજાતિ વિસ્તારોમાં આદિજાતિના તબીબોને સ્પેશિયાલિટી/મલ્ટિ સ્પેશિયાલિટી હૉસ્પિટલ/જનરલ નર્સિંગ હોમ/ડિસ્પેન્સરી શરૂ કરવા માટેની સ્વાસ્થ્ય સહાય યોજના માટે કુલ રૂ. ૨૨ કરોડની જોગવાઈ.
- કુંવરબાઈનું મામેરું યોજના માટે રૂ. ૧૪ કરોડની જોગવાઈ.










## કૌશલ્યબદ્ધ યુવા અને સુરક્ષિત શ્રમિક

ગુજરાતની આર્થિક પ્રગતિના પાયામાં કુશળ માનવબળ અને શ્રમયોગીઓનો પરસેવો રહેલો છે. 'વિકસિત ગુજરાત@૨૦૪૭'ના લક્ષ્યાંકને હાંસલ કરવા માટે આ વર્ષના બજેટમાં શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ માટે રૂ. ૨,૯૦૨ કરોડની માતબર જોગવાઈ કરવામાં આવી છે. આ બજેટ યુવાનોના કૌશલ્યવર્ધન અને શ્રમિકોના સામાજિક કલ્યાણનો સુભગ સમન્વય છે.

### શ્રમિક કલ્યાણ : સન્માન અને સુરક્ષા

રાજ્યના શ્રમયોગીઓને પાયાની સુવિધાઓ અને સુરક્ષા પૂરી પાડવા સરકાર સતત પ્રયત્નશીલ છે.

- **શ્રમિક અન્નપૂર્ણા યોજના :** શ્રમિકોને નજીવા દરે પૌષ્ટિક ભોજન મળી રહે તે માટે રૂ. ૨૦૦ કરોડની જોગવાઈ.
- **શ્રમિક બસેરા :** બાંધકામ શ્રમિકોને રહેવાની ઉત્તમ સુવિધા આપવા 'શ્રમિક બસેરા યોજના' હેઠળ રૂ. ૧૫૦ કરોડ ફાળવાયા છે.
- **આરોગ્ય અને વીમો :** શ્રમિકોના દ્વારે સ્વાસ્થ્ય સેવાઓ પહોંચાડવા 'ધન્વંતરિ આરોગ્ય રથ' માટે રૂ. ૬૦ કરોડ અને અકસ્માત વીમા યોજના અંતર્ગત બાંધકામ શ્રમિકોના આકસ્મિક મૃત્યુના કિસ્સામાં રૂ. ૫ લાખની સહાય માટે રૂ. ૧૨ કરોડની જોગવાઈ.
- **અગરિયા કલ્યાણ :** મીઠાના અગરિયાઓને યુનિક નંબર સાથે આવાસ ફાળવવા રૂ. ૨૫ કરોડની ફાળવણી.

### કૌશલ્ય વિકાસ : યુવાનોને વૈશ્વિક તક

ઔદ્યોગિક ક્રાંતિને ધ્યાનમાં રાખીને યુવાનોને અત્યાધુનિક તાલીમ આપવા પર ભાર મૂકવામાં આવ્યો છે.

- **ITI સુદૃઢીકરણ :** ૧૬ ITI બિલ્ડિંગના બાંધકામ માટે રૂ. ૯૭ કરોડ અને સંસ્થાઓમાં આધુનિક યંત્રસામગ્રી માટે રૂ. ૮૪ કરોડની જોગવાઈ.
- **DBT સહાય :** રાજ્યની ITIના ૧.૫૦ લાખ તાલીમાર્થીઓને ગણવેશ માટે સીધા બૅંક ખાતામાં (DBT) સહાય આપવા રૂ. ૩૦ કરોડ ફાળવાયા છે.

### વિશેષ પહેલ : પી. એમ. સેતુ યોજના

યુવાનોને ઉદ્યોગોની જરૂરિયાત મુજબ તૈયાર કરવા અને તેમને સીધા જ રોજગારીનાં માધ્યમો સાથે જોડવા માટે પી. એમ. સેતુ યોજના અંતર્ગત રૂ. ૨૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે, જે રાજ્યમાં સ્કિલ ઈકોસિસ્ટિમને મજબૂત બનાવશે.



# દ્વિતીય સ્તંભ

## માનવ સંસાધન વિકાસ

રાજ્યના વિકાસનો માપદંડ માત્ર આર્થિક વૃદ્ધિ નથી પરંતુ નાગરિકોના જીવનની ગુણવત્તામાં થતો સુધારો છે. બજેટનો દ્વિતીય સ્તંભ સર્વાંગી સુખાકારી સાથે માનવ સંસાધન વિકાસની દિશામાં એક મક્કમ પગલું છે. આરોગ્ય, પોષણ, અન્ન સુરક્ષા, મહિલા સશક્તીકરણ અને ગરીબ મધ્યમ વર્ગની સુરક્ષા, આ તમામ ક્ષેત્રોને એકત્રિત કરીને રાજ્ય સરકારે કોઇ પાછળ ન રહી જાય તેવું સર્વસમાવેશી વિકાસ મૉડલ રજૂ કર્યું છે.



### મિશન સ્કૂલ્સ ઑફ એક્સલન્સ : સ્માર્ટ શિક્ષણનો નવો યુગ

શાળાઓના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વૈશ્વિક સ્તરનું બનાવવા માટે સરકાર મક્કમ છે.

- **માળખાગત સુધારા :** મિશન સ્કૂલ્સ ઓફ એક્સલન્સ અંતર્ગત પ્રાથમિક અને માધ્યમિક શાળાઓના નવીનીકરણ માટે રૂ. ૩,૦૫૫ કરોડની ફાળવણી.
- **નવા બાંધકામ :** સરકારી માધ્યમિક અને મૉડેલ શાળાઓના રિપેરિંગ અને નવા બાંધકામ માટે રૂ. ૩૪૨ કરોડ.
- **પી.એમ.શ્રી યોજના :** ૯૨૬ શાળાઓને મૉડેલ સ્કૂલ તરીકે વિકસાવવા રૂ. ૧૧૪ કરોડની જોગવાઈ.

### વિદ્યાર્થી કલ્યાણ અને પ્રોત્સાહક યોજનાઓ

વિદ્યાર્થીઓને આર્થિક અને સામાજિક ટેકો પૂરો પાડવા માટેની મહત્ત્વની જાહેરાતો :

- **નમો લક્ષ્મી યોજના :** દીકરીઓના શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે રૂ. ૧,૨૫૦ કરોડની માતબર જોગવાઈ.
- **RTE અને શિષ્યવૃત્તિ :** રાઈટ ટુ એજ્યુકેશન હેઠળ ખાનગી શાળાઓમાં પ્રવેશ માટે રૂ. ૮૨૭ કરોડ અને જ્ઞાન સાધના મેરિટ સ્કૉલરશિપ માટે રૂ. ૧૦૦ કરોડ.
- **બસ પાસ કન્સેશન :** એસ.ટી. બસમાં મુસાફરી કરતા ૧૩ લાખ વિદ્યાર્થીઓ માટે રૂ. ૨૨૩ કરોડની સહાય.

### પોષણ અને આરોગ્ય : ભણતર સાથે સ્વાસ્થ્ય

વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે પોષણયુક્ત આહાર પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે :

- **પી.એમ. પોષણ અને અલ્પાહાર :** મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના માટે રૂ. ૫૯૮ કરોડ.
- **સેન્ટ્રલાઇઝ્ડ કિચન :** ૭૪ તાલુકાઓમાં આધુનિક રસોડા નિર્માણ માટે રૂ. ૫૫૨ કરોડ.
- **સ્ત્રી સ્વાસ્થ્ય:** ૯.૭૨ લાખ દીકરીઓને સેનિટરી નૅપ્કિન પૂરા પાડવા રૂ. ૪૭ કરોડ.

### વિશેષ સંકલ્પ : સંસ્કૃત શિક્ષા અને રક્ષાશક્તિ

રાજ્યમાં પ્રાચીન જ્ઞાન અને રાષ્ટ્ર સુરક્ષાની ભાવનાને વેગ આપવા માટે પણ જોગવાઈઓ છે:

- **રક્ષાશક્તિ સ્કૂલ :** ૧,૩૨૮ વિદ્યાર્થીઓને લાભ આપવા રૂ. ૧૮ કરોડ.
- **સંસ્કૃત શિક્ષણ :** ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ હેઠળ 'સંસ્કૃત નવાચાર યોજના' અમલી બનશે.

## ઉચ્ચ અને ટેક્નિકલ શિક્ષણ : નવતર સંશોધન અને કૌશલ્યની નવી ક્ષિતિજો

ગુજરાતને વૈશ્વિક કક્ષાનું 'એજ્યુકેશન હબ' બનાવવાના મક્કમ નિર્ધાર સાથે આ વર્ષનું બજેટ ઉચ્ચ અને ટેક્નિકલ શિક્ષણ પર વિશેષ ભાર મૂકે છે. યુવાનોને માત્ર ડિગ્રી જ નહીં, પરંતુ ઉદ્યોગોને અનુરૂપ કૌશલ્ય (Industry-ready) અને સ્ટાર્ટઅપ માટે પ્રોત્સાહન મળે તે માટે બજેટમાં સર્વગ્રાહી આયોજન કરવામાં આવ્યું છે.

### વિદ્યાર્થીઓ માટે આર્થિક પીઠબળ

પ્રતિભાશાળી યુવાનો નાણાકીય અભાવે ઉચ્ચ શિક્ષણથી વંચિત ન રહે તે માટે સરકાર ઉદાર હાથે સહાય કરી રહી છે:

- **MYSY યોજના :** મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના હેઠળ ૯૦ હજાર વિદ્યાર્થીઓને સહાય માટે રૂ. ૪૦૦ કરોડની ફાળવણી.
- **મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજના :** તેજસ્વી વિદ્યાર્થીઓ માટે રૂ. ૪૫ કરોડની જોગવાઈ.
- **કૌશલ્ય સહાય :** ઈન્ટર્નશિપ કરતા ૨.૧૨ લાખ વિદ્યાર્થીઓને આર્થિક પ્રોત્સાહન આપવા રૂ. ૪૩ કરોડ.









### શૈક્ષણિક સંસ્થાઓનું આધુનિકીકરણ

રાજ્યની પ્રતિષ્ઠિત ટેક્નિકલ સંસ્થાઓને વૈશ્વિક સ્તરે લઈ જવાની તૈયારી.

- **એલ.ડી. એન્જિનિયરિંગ (અમદાવાદ) :** હોસ્ટેલ કેમ્પસના વિકાસ અને અત્યાધુનિક રિસર્ચ પાર્કના નિર્માણ માટે કુલ રૂ. ૧૦૨ કરોડની જોગવાઈ.
- **એલ.ઈ. કોલેજ (મોરબી) :** આ સંસ્થાને ઓટોનોમસ (સ્વાયત્ત) દરજ્જો આપવા અને લૅબોરેટરીઝના અપગ્રેડેશન માટે રૂ. ૩૫ કરોડ.
- **નવી કોલેજો :** ૧૬ નવી સરકારી કૉલેજોની શરૂઆત અને ૨૦ કૉલેજોના ભવન નિર્માણ માટે રૂ. ૧૨૬ કરોડ.

### ઈનોવેશન અને ભવિષ્યલક્ષી અભ્યાસક્રમો

બદલાતા સમય સાથે તાલ મિલાવવા માટે બજેટમાં નવીન પહેલ કરવામાં આવી છે.

- **સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટિમ :** SSIP 2.0 (સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પૉલિસી) માટે રૂ. ૪૫ કરોડ.
- **નવા યુગના વિષયો :** યુનિવર્સિટીઓમાં સૅમિ-કન્ડક્ટર, વાઈલ્ડ લાઈફ લર્નિંગ, હેરીટેજ અને આર્કિયોલોજી જેવા વિષયો શરૂ કરવા રૂ. ૨૮ કરોડ.
- **ટેક્નિકલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર :** સોફ્ટવેર અને આઈ.ટી. રિસોર્સિસ માટે રૂ. ૬૭ કરોડ.

## યૂથ મેન્ટલ હેલ્થ અને ડિસિપ્લિન

સરકારે આ વર્ષે વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્યની દરકાર કરતાં, ૧૯.૮૪ લાખ વિદ્યાર્થીઓ માટે 'યૂથ મેન્ટલ હેલ્થ પ્રોગ્રામ'નું આયોજન કર્યું છે. સાથે જ, શિસ્ત અને દેશપ્રેમની ભાવના વધારવા ભાવનગર ખાતે ગુજરાત નેવલ યુનિટમાં બોટ હાઉસનું નિર્માણ પણ કરવામાં આવશે.

## નિરોગી ગુજરાત, સમૃદ્ધ ગુજરાત

"પહેલું સુખ તે જાતે નર્યા" - આ કહેવતને સાર્થક કરતાં ગુજરાત સરકારે રાજ્યના નાગરિકોના સ્વાસ્થ્ય અને સુખાકારી માટે બજેટમાં રૂ. ૨૫,૪૦૩ કરોડની જંગી ફાળવણી કરી છે. પ્રાથમિક સારવારથી લઈને હાઈ-ટેક સુપર સ્પેશિયાલિટી હૉસ્પિટલો સુધીનું જાળું બિછાવીને ગુજરાત હવે 'હેલ્થકૅર હબ' બનવા તરફ અગ્રેસર છે.

## આયુષ્માન ભારત : ગરીબ અને મધ્યમ વર્ગને મોટી રાહત

સરકારે સામાન્ય માનવીને ગંભીર બીમારીઓના આર્થિક બોજમાંથી મુક્ત કરવા માટે મક્કમ પગલાં લીધાં છે.

- **PMJAY - મા યોજના :** ૨.૭૨ કરોડ લોકોને રૂ. ૧૦ લાખ સુધીની કેશલેસ સારવાર પૂરી પાડવા માટે રૂ. ૩,૪૭૨ કરોડની જોગવાઈ.
- **શ્રેષ્ઠ ગુજરાત પ્રોજેક્ટ :** બિનચેપી રોગો અને જાહેર આરોગ્યની સમસ્યાઓના નિયંત્રણ માટે રૂ. ૫૦૨ કરોડ.

## સ્પેશિયાલિટી સારવારનું વિકેન્દ્રીકરણ

હવે મોટાં ઑપરેશન્સ કે સારવાર માટે માત્ર અમદાવાદ દોડવું નહીં પડે. સરકારે સેટેલાઈટ સેન્ટર્સ દ્વારા સુવિધાઓ છેવાડા સુધી પહોંચાડી છે.

- **કિડની, હૃદય અને કેન્સર :** અમદાવાદની જાણીતી કિડની ઈન્સ્ટિટ્યૂટ, યુ.એન. મહેતા અને કૅન્સર હૉસ્પિટલનાં સુરત, રાજકોટ, ભાવનગર અને પોરબંદર જેવાં શહેરોમાં સેટેલાઈટ સેન્ટર્સ માટે કરોડોની જોગવાઈ.
- **નવી મલ્ટિ સ્પેશિયાલિટી હોસ્પિટલ :** અમદાવાદ અને સુરત ખાતે નવી અદ્યતન હૉસ્પિટલો માટે રૂ. ૫૦૦ કરોડ.
- રાજકોટ સિવિલનો કાયાકલ્પ: પી.ડી.યુ. હૉસ્પિટલ ખાતે ૧૦૦૦ બેડની નવી ક્ષમતા માટે રૂ. ૯૦ કરોડ.

## માતૃ-બાળ કલ્યાણ અને પાયાની સુવિધાઓ

- **ખિલખિલાટ વાન :** માતા અને નવજાત શિશુની સુરક્ષા માટે નવી ૨૫૦ 'ખિલખિલાટ વાન' ખરીદવા રૂ. ૧૬ કરોડ.
- **સ્કૂલ હેલ્થ પ્રોગ્રામ :** ૦ થી ૧૮ વર્ષના બાળકોને આરોગ્ય કાર્ડ આપી તેમનું નિયમિત ચેકઅપ કરવાનું આયોજન.
- **ટી.બી.ના દર્દીઓ માટે :** પોષણક્ષમ આહાર (Nutritious Snacks) પૂરા પાડવા રૂ. ૩૦ કરોડ.

## નારીશક્તિ અને બાળ સુખાકારી

વિકસિત ગુજરાતના નિર્માણ માટેના ચાર મુખ્ય સ્તંભો (GYAN - ગરીબ, યુવા, અન્નદાતા અને નારીશક્તિ) પૈકી 'નારીશક્તિ' ના ઉત્કર્ષ માટે રાજ્ય સરકારે કટિબદ્ધતા દર્શાવી છે. આ વર્ષના બજેટમાં મહિલા અને બાળવિકાસ વિભાગ માટે રૂ. ૭,૬૯૦ કરોડની માતબર જોગવાઈ કરવામાં આવી છે, જે રાજ્યમાં સક્ષમ નારી અને સુપોષિત બાળકના સંકલ્પને સિદ્ધ કરશે.

## મહિલા સશક્તીકરણ અને આર્થિક સુરક્ષા

નિરાધાર અને જરૂરિયાતમંદ બહેનોને સન્માનભેર જીવન જીવવા માટે સરકાર મજબૂત આર્થિક પીઠબળ પૂરું પાડી રહી છે.

- **ગંગા સ્વરૂપ આર્થિક સહાય યોજના :** વિધવા બહેનોને માસિક આર્થિક મદદ પૂરી પાડવા DBT (Direct Benefit Transfer)ના માધ્યમથી રૂ. ૨,૮૪૮ કરોડની જોગવાઈ.
- **આંગણવાડી સેવાઓ :** રાજ્યની આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોના માનદવેતન માટે રૂ. ૧,૧૨૮ કરોડ ફાળવવામાં આવ્યા છે.
- **વ્હાલી દીકરી યોજના :** દીકરીઓના શિક્ષણ અને ઉજ્જવળ ભવિષ્ય માટે આ યોજના હેઠળ રૂ. ૨૪૫ કરોડની જોગવાઈ.

## કુપોષણ મુક્ત ગુજરાત: પોષણના વિવિધ આયામો

માતા અને બાળકના સ્વાસ્થ્યને પ્રાધાન્ય આપીને 'સુપોષિત ગુજરાત' ના લક્ષ્ય તરફ વધતાં ડગ :

- **મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના :** સગર્ભા માતાઓને શરૂઆતના ૧૦૦૦ દિવસ સુધી પૌષ્ટિક આહાર (ચણા, દાળ અને તેલ) આપવા રૂ. ૨૮૪ કરોડ.
- **પૂર્ણા યોજના :** કિશોરીઓમાં ઍનિમિયા (હિમોગ્લોબિન) સુધારવા અને કુપોષણ ઘટાડવા 'પૂર્ણા શક્તિ' પૅકેટો માટે રૂ. ૩૬૨ કરોડ.
- **પોષણ સુધા યોજના :** આદિજાતિ વિસ્તારોની માતાઓને ગરમ ભોજન અને વિટામિન્સ પૂરાં પાડવા રૂ. ૮૭ કરોડ.
- **પૂરક પોષણ અને દૂધ સંજીવની :** આંગણવાડીનાં બાળકો અને માતાઓને ટેક હોમ રેશન તેમજ ફોર્ટિફાઈડ દૂધ આપવા માટે અંદાજે રૂ. ૧,૧૭૭ કરોડની જોગવાઈ.

## આંગણવાડીના માળખામાં ગુણાત્મક સુધારો

સરકાર આંગણવાડીઓને વધુ ડિજિટલ અને સુવિધાજનક બનાવવા જઈ રહી છે:

- **નવા ભવન નિર્માણ :** રાજ્યમાં ૨૦૦૦ નવાં આંગણવાડી કેન્દ્રોના બાંધકામ માટે રૂ. ૩૬૦ કરોડની ફાળવણી.
- **પોષણ સંગમ :** પોષણ શિક્ષણ અને જાગૃતિ માટે રૂ. ૧૬ કરોડની જોગવાઈ

## અન્ન અને પોષણ સુરક્ષા

ગુજરાત સરકાર 'કોઈ પણ નાગરિક ભૂખ્યો ન રહે' તેવા સંકલ્પ સાથે અન્ન સુરક્ષા ક્ષેત્રે ક્રાંતિકારી નિર્ણયો લઈ રહી છે. આ વર્ષના બજેટમાં અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ માટે રૂ. ૨,૮૫૬ કરોડની જોગવાઈ કરવામાં આવી છે, જેનો સીધો લાભ રાજ્યના લાખો ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોને મળશે.

## અન્ન સુરક્ષા સાથે પ્રોટીનયુક્ત આહાર

માત્ર પેટ ભરવું નહીં, પણ પોષણક્ષમ આહાર આપવો એ સરકારની પ્રાથમિકતા છે:

- **રાહત દરે કઠોળ :** ૭૫ લાખ NFSA કાર્ડધારકોને પ્રોટીનયુક્ત આહાર મળે તે માટે રાહત દરે કઠોળ વિતરણ કરવા રૂ. ૮૪૨ કરોડની જોગવાઈ.
- **અન્ન પૂરવઠો :** NFSA યોજના હેઠળ નિયમિત અનાજ પૂરું પાડવા રૂ. ૭૦૦ કરોડ ફાળવવામાં આવ્યા છે.

- **ડબલ ફોર્ટિફાઇડ મીઠું :** આયોડિન અને આયર્નયુક્ત મીઠું માત્ર રૂ. ૧ પ્રતિ કિલોના ભાવે આપવા રૂ. ૫૯ કરોડ.

### ગૃહિણીઓને ભેટ : ઉજ્જ્વલા અને રાહત દરે તેલ-ખાંડ

તહેવારો અને રોજિંદા જીવનમાં સામાન્ય માણસને આર્થિક ટેકો આપવા માટે.

- **મફત ગેસ રિફીલિંગ :** પ્રધાનમંત્રી ઉજ્જ્વલા યોજના અને પીએનજી/એલપીજી સહાય યોજના હેઠળ વર્ષમાં ૨ સિલિન્ડર વિનામૂલ્યે રિફીલ કરી આપવા માટે રૂ. ૪૨૫ કરોડ.
- **ખાદ્ય તેલ સહાય :** જન્માષ્ટમી અને દિવાળીના તહેવારોમાં બીપીએલ પરિવારોને રૂ. ૧૦૦ પ્રતિ લિટરના રાહત દરે સિંગતેલ આપવા રૂ. ૧૧૭ કરોડ.
- **રાહત દરે ખાંડ :** ૩૨ લાખ અંત્યોદય અને બીપીએલ કુટુંબોને દર મહિને રાહત દરે ખાંડ આપવા રૂ. ૨૦૮ કરોડ.

### 'શ્રીઅન્ન' (મિલેટ્સ) અને ખેડૂતોને પ્રોત્સાહન

બાજરી, જુવાર અને રાગી જેવાં પૌષ્ટિક ધાન્યોના વપરાશને વધારવા માટે સરકાર ખાસ પ્રયાસો કરી રહી છે:

- ખેડૂતોને ટેકાના ભાવ ઉપરાંત રૂ. ૩૦૦ પ્રતિ ક્વિન્ટલ પ્રોત્સાહક બોનસ આપવાની જાહેરાત કરવામાં આવી છે.

### અન્નપૂર્તિ : અનાજ વિતરણમાં આધુનિકતા

NFSA લાભાર્થીઓને અનાજ મેળવવામાં વધુ સરળતા રહે તે માટે રાજ્યમાં પ્રાયોગિક ધોરણે જિલ્લા દીઠ એક વાજબી ભાવની દુકાન પર “Automatic Grain Dispensing Machine-અન્નપૂર્તિ” (Grain ATM) કાર્યરત કરવાનું આધુનિક આયોજન કરવામાં આવ્યું છે. આનાથી વિતરણ વ્યવસ્થા વધુ ઝડપી અને પારદર્શક બનશે.



### ઓલિમ્પિકના સપનાથી સાંસ્કૃતિક ધરોહર સુધી

ગુજરાત હવે માત્ર વેપાર અને ઉદ્યોગનું જ કેન્દ્ર નથી, પરંતુ તે રમતગમત અને સાંસ્કૃતિક ક્ષેત્રે પણ વિશ્વ ફલક પર ચમકવા તૈયાર છે. રાજ્યના યુવાનોની પ્રતિભાને ખીલવવા અને ઐતિહાસિક વારસાને જાળવવા માટે સરકારે રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ માટે રૂ. ૨,૦૦૬ કરોડની જોગવાઈ કરી છે.

### રમતગમત : 'ઓલિમ્પિક રેડી ગુજરાત'નો સંકલ્પ

ગુજરાત ભારતનું સ્પોર્ટ્સ હબ બને તે દિશામાં બજેટમાં મોટા પાયે ફાળવણી કરવામાં આવી છે.

- **મિશન ઓલિમ્પિક ૨૦૩૬ :** અમદાવાદને 'ઓલિમ્પિક રેડી સિટી' બનાવવા અને SVP સ્પોર્ટ્સ એન્ક્લેવના નિર્માણ માટે રૂ. ૫૦૦ કરોડની મોટી જોગવાઈ કરવામાં આવી છે.
- **આધુનિક સ્ટેડિયમ :** વૈશ્વિક કક્ષાના હૉકી સ્ટેડિયમના નિર્માણ માટે રૂ. ૯૦ કરોડ ફાળવાયા છે.
- **સ્પેશિયલ સેન્ટર્સ :** કરાઈ ખાતે ઓલિમ્પિક કક્ષાનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ગાંધીનગર ખાતે દિવ્યાંગ ખેલાડીઓ માટે પેરા હાઈ પર્ફોર્મન્સ સેન્ટર (રૂ. ૧૦૦ કરોડ) ઊભું કરવામાં આવશે.
- **જિલ્લા સ્તરે વિકાસ :** વિવિધ જિલ્લાઓમાં સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સના માળખાગત વિકાસ માટે રૂ. ૧૬૫ કરોડ.

### જ્ઞાન અને સંસ્કાર : પુસ્તકાલયોનો વ્યાપ

યુવા પેઢીમાં વાંચન ભૂખ જગાડવા અને જ્ઞાનના પ્રસાર માટે ગ્રંથાલયોના ક્ષેત્રમાં મોટી જાહેરાતો કરાઈ છે.

- **સ્માર્ટ ગ્રંથાલય :** ૪ જિલ્લા ગ્રંથાલયોને 'સ્માર્ટ' બનાવવામાં આવશે.
- **તાલુકા ગ્રંથાલયો :** નવાં રચાયેલાં ૧૭ તાલુકા મથકોએ નવાં ગ્રંથાલયો શરૂ કરાશે અને બાંધકામ માટે રૂ. ૧૨૮ કરોડની જોગવાઈ.

### વારસો અને સંસ્કૃતિ: ગૌરવશાળી ગુજરાત

ગુજરાતની ભવ્ય સાંસ્કૃતિક ધરોહરને જાળવી રાખવા સરકાર કટિબદ્ધ છે.

- **પુરાતત્ત્વીય સ્મારકો :** રાજ્ય રક્ષિત સ્મારકોના વિકાસ અને સંરક્ષણ માટે રૂ. ૫ કરોડ.
- **સાંસ્કૃતિક કાર્યક્રમો :** ગુજરાતની ધરોહરને ઉજાગર કરતા કાર્યક્રમો માટે રૂ. ૮ કરોડ અને ઐતિહાસિક દસ્તાવેજોના આર્કાઈવલ રેકોર્ડની જાળવણી માટે રૂ. ૩ કરોડ ફાળવાયા છે.



# તૃતીય સ્તંભ
# આંતરમાળખાકીય સુવિધાઓ
## આધુનિક ગુજરાતની નવી ઓળખ

ગુજરાતની વિકાસયાત્રાના પાંચ સ્તંભો પૈકીનો ત્રીજો અને અત્યંત મહત્ત્વનો સ્તંભ એટલે 'આંતરમાળખાકીય સુવિધાઓ'. રાજ્યના છેવાડાના ગામડાથી લઈને મેટ્રો સિટી સુધી સુવિધાઓનું એવું જાળું બિછાવવામાં આવી રહ્યું છે, જે ગુજરાતને વૈશ્વિક કક્ષાના ગ્રોથ હબ તરીકે પ્રસ્થાપિત કરશે. આ વર્ષના બજેટમાં માર્ગ-મકાન અને શહેરી વિકાસ માટે કરવામાં આવેલી માતબર જોગવાઈઓ રાજ્યની ગતિશીલતામાં વધારો કરશે.







રાજ્યના વિકાસ માટે મજબૂત માળખાકીય સુવિધા અનિવાર્ય છે. ગુજરાતે આ ક્ષેત્રે અનેકવિધ કાર્યો કર્યાં છે. આ વર્ષનું બજેટ આ ક્ષેત્રને વધુ મજબૂત બનાવશે.

### માર્ગો અને પુલો : રૂ. ૧૦,૦૦૮ કરોડની ફાળવણી

- **ગ્રામીણ કનેક્ટિવિટી :** મુખ્યમંત્રી અને પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ કુલ રૂ. ૬,૦૦૦ કરોડની જોગવાઈ.
- **હાઇ સ્પીડ કોરિડોર :** ભારે ટ્રાફિક ધરાવતા રસ્તાઓને ચાર/છ માર્ગીય બનાવી બી.ઓ.ટી. પ્રોજેક્ટમાં અપગ્રેડ કરવા રૂ. ૧,૬૩૩ કરોડ.
- **રેલવે ક્રોસિંગ મુક્ત ગુજરાત :** રેલવે ક્રોસિંગ પર ઓવરબ્રિજ બાંધવા માટે રૂ. ૫૦૦ કરોડની ફાળવણી
- **સ્માર્ટ ટ્રાફિક મેનેજમેન્ટ :** મુખ્ય ધોરીમાર્ગો પર સલામતી માટે ઇન્ટેલિજન્ટ ટ્રાફિક સિસ્ટિમ માટે રૂ. ૪૦ કરોડ ખર્ચાશે.

### શહેરી વિકાસ : (રૂ. ૩૩,૫૦૪ કરોડ)ની ફાળવણી

ગુજરાતની ૪૮% વસતી શહેરોમાં વસે છે. શહેરીજનોના જીવનધોરણને સુધારવા માટે સરકારનું વિઝન સ્પષ્ટ છે:

- **સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના :** આ આઇકોનિક યોજના માટે રૂ. ૧૬,૧૧૬ કરોડની ઐતિહાસિક જોગવાઈ.
- **મેટ્રો રેલ પ્રોજેક્ટ :** અમદાવાદ અને સુરત મેટ્રોના વિસ્તરણ માટે રૂ. ૨,૨૧૭ કરોડ ખર્ચાશે.
- **શહેરી આવાસ :** પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) હેઠળ ગરીબોના ઘર માટે રૂ. ૧,૪૨૦ કરોડની જોગવાઈ.
- **સ્વચ્છ અને નિર્મળ શહેર :** સ્વચ્છ ભારત મિશન અને ઝીરો વેસ્ટ શહેરો માટે મળશે રૂ. ૯૦૬ કરોડ.
- **આઇકોનિક પ્રોજેક્ટ્સ :** ગિફ્ટ સિટીમાં સુવિધાઓ, એસ.જી. હાઈવેને ગ્રીન હાઈવે બનાવવા અને લોથલ-અંબાજીના વિકાસ માટે વિશેષ ભંડોળ.

### આધુનિક જીવનશૈલી અને પર્યાવરણ

સરકારે શહેરોમાં માત્ર કોંક્રીટનું માળખું જ નહીં, પરંતુ 'ગ્રીન સ્પેસ' પર પણ ભાર મૂક્યો છે. સુગમ્ય ઉદ્યાન, નમો ગૌરવ પાર્ક અને લિનિયર પાર્ક જેવા પ્રોજેક્ટ્સ માટે રૂ. ૯૦ કરોડ ફાળવાયા છે. વધુમાં, મહિલાઓ માટે પિન્ક ટોઇલેટ અને શહેરી પરિવહન માટે PM ઈ-બસ યોજના દ્વારા પર્યાવરણ અને સુવિધાનો સમન્વય સાધવામાં આવ્યો છે.

### ગ્રામીણ ઉત્કર્ષ અને આધુનિક ટેક્નોલૉજી

ગુજરાત સરકારે તેના બજેટમાં છેવાડાના માનવીની સુખાકારી અને ભવિષ્યની ટેક્નોલૉજી વચ્ચે એક અદ્ભુત સંતુલન સાધ્યું છે.

ગામડાંને આત્મનિર્ભર બનાવવા અને રાજ્યને વૈશ્વિક ટેક-હબ બનાવવા માટે મંજૂર કરવામાં આવેલી જોગવાઈઓ ગુજરાતની નવી દિશા નક્કી કરશે.

### પંચાયત અને ગ્રામ વિકાસ : (રૂ. ૧૪,૮૫૮ કરોડ)

- **આવાસનું સ્વપ્ન સાકાર :** પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) હેઠળ રૂ. ૧,૮૪૫ કરોડ (ટોપ-અપ સહિત) ફાળવીને ૧.૬૦ લાખ નવા આવાસોનું નિર્માણ કરાશે.
- **નિર્મળ ગ્રામ :** સ્વચ્છતા માટે વિવિધ યોજનાઓને એકીકૃત કરી 'મુખ્યમંત્રી નિર્મળ ગ્રામ યોજના' માટે રૂ. ૬૫૦ કરોડની જોગવાઈ.
- **નારીશક્તિનો આર્થિક વિકાસ :** 'લખપતિ દીદી' યોજના અને સ્વ-સહાય જૂથો માટે માર્કેટ પ્લૅટફૉર્મ તથા 'ગ્રામ હાટ' સ્થાપવા વિશેષ ભંડોળ.
- **અટલવાડી યોજના :** ગામડાઓમાં બહુઉદ્દેશીય સામાજિક માળખું ઊભું કરવા માટે અટલવાડી યોજના હેઠળ રૂ. ૬૦ કરોડ.

- **જળસંપત્તિ અને પાણી પુરવઠો : 'जलं रक्षामः जीवनं रक्षामः'** (રૂ. ૨૫,૯૬૦ કરોડ)
- **સિંચાઈના મોટા પ્રોજેક્ટ્સ :** સુજલામ્ સુફલામ્, સૌની અને કચ્છની યોજનાઓ માટે કુલ રૂ. ૩,૦૪૩ કરોડ.
- **ભાડભૂત બૅરેજ :** નર્મદા નદીમાં ખારા પાણીને પ્રવેશતું અટકાવવા ભરૂચના ભાડભૂત ગામે બૅરેજ નિર્માણ માટે રૂ. ૧,૭૦૦ કરોડ ખર્ચાશે.
- **નળ થી જળ :** આદિજાતિ વિસ્તારોમાં ૨૬ જૂથ યોજનાઓ અને ડાંગ-બનાસકાંઠામાં પાણી પુરવઠાનાં કામો માટે રૂ. ૧૧૪૬ કરોડની જોગવાઈ.
- **સૌરાષ્ટ્રની જરૂરિયાત :** ઢાંકીથી નાવડા બલ્ક પાઇપલાઇન માટે રૂ. ૧,૦૪૪ કરોડ ફાળવાયા.

### વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી : ભવિષ્યની તૈયારી (રૂ. ૨,૬૩૪ કરોડ)

- **સેમિકન્ડક્ટર પોલિસી :** ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા રૂ. ૧,૧૦૦ કરોડની માતબર જોગવાઈ.
- **નવા યુગની ટેક્નોલૉજી :** ગુજરાતને AI હબ બનાવવા અને સ્પેસ ટેક પૉલિસી દ્વારા સ્પેસ મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે અગ્રેસર બનાવવા ખાસ ફંડ.
- **સાયન્સ સેન્ટર :** પોરબંદરમાં પ્રાદેશિક વિજ્ઞાન કેન્દ્ર અને વાવ-થરાદમાં જિલ્લા વિજ્ઞાન કેન્દ્રની સ્થાપના.

### બંદરો અને વાહન વ્યવહાર (રૂ. ૪,૩૧૪ કરોડ)

- **નવી બસોની ભેટ :** નાગરિકોની સુવિધા માટે ૨,૯૬૩ નવી બસો વસાવવા માટે રૂ. ૧,૨૮૬ કરોડ.
- **પોર્ટ કેપેસિટી :** ૨૦૪૭ સુધીમાં બંદરોની ક્ષમતા ૬૦૦ મિલિયન મેટ્રિક ટનથી વધારીને ૩,૦૦૦ મિલિયન મેટ્રિક ટન કરવાનું લક્ષ્ય.
- **માર્ગ સલામતી :** બાળકોમાં જાગૃતિ લાવવા 'ટ્રાફિક ચિલ્ડ્રન પાર્ક' વિકસાવવા રૂ. ૨૫ કરોડ.

**વિશેષ પહેલ :** લિટરસી અને લાઇવલીહુડ ગ્રામીણ મહિલાઓ માટે 'મિશન મંગલમ્' હેઠળ વ્યાજ સહાય અને પોષણક્ષમ કૃષિ સિંચાઈ માટે વોટરશેડ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ્સ દ્વારા ગ્રામીણ અર્થતંત્રને વેગ આપવામાં આવશે.

નર્મદાનાં નીરથી લઈને સૅમિકન્ડક્ટરની ચિપ સુધી, ગુજરાત સરકારનું આ બજેટ સાચા અર્થમાં 'ગ્લોબલ ગુજરાત'ના વિઝનને સાકાર કરનારું છે. ગામડાની સ્વચ્છતા, ખેડૂતોની સિંચાઈ અને યુવાનો માટેની નવી ટેક્નોલૉજી આ બજેટના કેન્દ્રસ્થાને છે.












# ચતુર્થ સ્તંભ
## આર્થિક પ્રવૃત્તિઓનો વિકાસ
### ઉદ્યોગ, કૃષિ અને પ્રવાસન

વિકસિત ગુજરાતના પાંચ સ્તંભો પૈકીનો ચોથો સ્તંભ રાજ્યની આર્થિક ગતિશીલતાનો છે. રાજ્યના આ બજેટમાં ખેડૂતની ખેતીથી લઈને આધુનિક ઉદ્યોગો અને આધ્યાત્મિક પ્રવાસન સુધીનાં તમામ પાસાંઓને આવરી લઈને સર્વસમાવેશી આર્થિક વિકાસને નવી ઊંચાઈ આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.







### ઉદ્યોગ અને ખાણ : 'આત્મનિર્ભર ગુજરાત' (₹૧૩,૯૪૨ કરોડની જોગવાઈ)

- **ટેક્સટાઇલ અને MSME :** ટેક્સટાઈલ એકમો માટે રૂ. ૨,૭૫૫ કરોડ અને MSME એકમોને આત્મનિર્ભર બનાવવા રૂ. ૧,૭૭૫ કરોડની જોગવાઈ.
- **સ્માર્ટ ઔદ્યોગિક વસાહતો :** દહેજ અને સાયખા જેવી વસાહતોમાં CETP સુવિધા અને નવી સ્માર્ટ ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ માટે વિશેષ ફંડ.
- **નિકાસ પ્રોત્સાહન :** રાજ્યની નિકાસ વધારવા માટે ગુજરાત એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ (GEPC)ની સ્થાપના કરાશે.
- **કુટિર ઉદ્યોગ :** 'વાજપાઈ બૅંકેબલ યોજના' માટે રૂ.૪૯૪ અને One District One Product(ODOP) ઉત્પાદનોને પ્રોત્સાહન મળી રહે તે માટે રૂ. ૨૫ કરોડની જોગવાઈ.

### કૃષિ અને પશુપાલન : ખેડૂતોની સમૃદ્ધિ (રૂ. ૨૪,૦૨૨ કરોડ)

- **વીજ સહાય અને સિંચાઈ :** ખેડૂતોને વીજ સહાય માટે રૂ. ૯,૩૨૪ કરોડ અને સૂક્ષ્મ સિંચાઈ માટે રૂ. ૧,૨૫૦ કરોડ.
- **યાંત્રિકીકરણ :** ટ્રેક્ટર અને અન્ય ઓજારોની ખરીદી માટે રૂ. ૧,૫૬૫ કરોડની સહાય. ખેતીમાં અદ્યતન ડ્રોન ટૅક્નોલૉજીના ઉપયોગ માટે રૂ. ૭૭ કરોડ.
- **પશુપાલન :** 'મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના' માટે રૂ. ૫૦૦ કરોડ અને નિ:શુલ્ક પશુ સારવાર માટે રૂ. ૫૨ કરોડ.
- **પ્રાકૃતિક કૃષિ :** ઝેરમુક્ત ખેતીને પ્રોત્સાહન આપવા રૂ. ૩૯૨ કરોડની જોગવાઈ.

### પ્રવાસન અને નાગરિક ઉડ્ડયન (રૂ. ૩,૦૯૦ કરોડ)

**યાત્રાધામ વિકાસ :** અંબાજી, સોમનાથ, દ્વારકા અને ડાકોર જેવાં પવિત્ર સ્થળોના વિકાસ માટે રૂ. ૫૫૦ કરોડ.દાહોદમાં નવું ગ્રીનફિલ્ડ ઍરપોર્ટ અને અન્ય પાંચ ઍરપોર્ટના વિસ્તરણ માટે જોગવાઈ.


### સુશાસન અને કાયદો-વ્યવસ્થા (ગૃહ અને મહેસૂલ)

- **પોલીસ આવાસ :** પોલીસ કર્મચારીઓ માટે ૨૦,૦૦૦થી વધુ મકાનો બાંધવા રૂ. ૧,૫૭૧ કરોડ. ડ્રોન સામે સુરક્ષા માટે Anti Drone System અને ડાયલ ૧૧૨ પ્રોજેક્ટનું વિસ્તરણ.
- **ઇ-કોર્ટ મિશન :** અદાલતોના ડિજિટાઈઝેશન માટે કાયદા વિભાગ દ્વારા નવી પહેલ.
- **નવીન પહેલ :** 'મોબાઈલ જર્નાલિઝમ' (MOJO) માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા અંતરિયાળ વિસ્તારોમાંથી ઝડપથી સમાચાર પહોંચાડવા માટે પ્રાયોગિક ધોરણે પત્રકારોને MOJO કિટ પૂરી પાડવાનું આધુનિક આયોજન કરવામાં આવ્યું છે.

# પંચમ સ્તંભ

## ગ્રીન ગ્રોથ : 'હરિયાળું ગુજરાત'

પર્યાવરણ અને ઊર્જાના સમન્વયથી 'હરિયાળું ગુજરાત' વિકસિત ગુજરાતના પાંચમા અને અત્યંત મહત્ત્વના સ્તંભ 'ગ્રીન ગ્રોથ' (હરિત વિકાસ) પર ભાર મૂકતાં, સરકારે આ વર્ષે પ્રકૃતિના જતન અને અક્ષય ઊર્જાના સ્રોતો પર વિશેષ ધ્યાન આપ્યું છે. 'Protect our planet, Preserve our future' ના મંત્ર સાથે ક્લાઇમેટ એક્શનમાં ગુજરાત દેશનું નેતૃત્વ કરી રહ્યું છે.





### ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ : કિસાન સૂર્યોદય અને અક્ષય ઊર્જા (રૂ. ૪,૮૪૨ કરોડ)

ખેડૂતોને દિવસ દરમિયાન વીજળી આપવા અને ગ્રીન એનર્જી ઈન્ફ્રાસ્ટ્રક્ચર મજબૂત કરવા માટે.

- **કિસાન સૂર્યોદય યોજના :** ખેડૂતોને દિવસે વીજળી આપવા માટે રૂ. ૫૦૦ કરોડની જોગવાઈ. અત્યાર સુધીમાં ૧૯ લાખથી વધુ ગ્રાહકોને આ યોજનાનો લાભ મળી રહ્યો છે.
- **પી.એમ. કુસુમ યોજના :** સોલાર એગ્રિકલ્ચર પંપ માટે રૂ. ૨૦૦ કરોડ.
- **નવા જોડાણો અને સબસ્ટેશન :** આદિજાતિ અને સાગરકાંઠા વિસ્તારમાં નવાં વીજજોડાણો માટે રૂ. ૧,૧૬૬ કરોડ અને સબસ્ટેશનો માટે રૂ. ૩૫૦ કરોડ.
- **ભવિષ્યની ટેક્નોલોજી :** EV ચાર્જિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે રૂ. ૫૦ કરોડ અને એનર્જી ઈનોવેશન ફંડ માટે રૂ. ૫ કરોડ.

### વન અને પર્યાવરણ : વન કવચ અને જીવસૃષ્ટિના જતન માટે રૂ. ૩,૫૬૦ કરોડની જોગવાઈ

- **સામાજિક વનીકરણ :** વન વિસ્તાર બહાર વૃક્ષો વાવવા માટે રૂ. ૭૫૦ કરોડ. ગુજરાત વન વિસ્તાર બહાર વૃક્ષો વધારવામાં દેશમાં મોખરે છે.
- **રામસર સાઇટ :** કચ્છના છારી-ઢંઢ વિસ્તારનો રામસર સાઈટમાં સમાવેશ થતાં, હવે ગુજરાતમાં કુલ ૫ રામસર સાઈટ છે.
- **નવીન પ્રોજેક્ટ્સ :** ગાંધીનગર-અમદાવાદમાં 'વન કવચ', અરવલ્લીમાં 'ગ્રીન વોલ' અને નદી કાંઠે સઘન વાવેતર માટે વિશેષ જોગવાઈ.
- **પ્રાણી સંગ્રહાલય :** ડીસા ખાતે નવું પ્રાણી સંગ્રહાલય અને તૃણભક્ષી પ્રાણીઓ માટેના બ્રીડિંગ સેન્ટર માટે રૂ. ૪૦ કરોડ.

### ક્લાઈમેટ ચેન્જ : ક્લાઈમેટ એક્શનમાં અગ્રેસર (રૂ. ૪૨૯ કરોડ)

પર્યાવરણીય પડકારોનો સામનો કરવા માટે ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય છે, જેણે જિલ્લા સ્તરે ક્લાઈમેટ સૂચકાંકોનું પોર્ટલ બનાવ્યું છે:

- **સોલર રૂફટોપ :** સરકારી કચેરીઓની છત પર સોલર સિસ્ટિમ લગાડવા રૂ. ૨૭૮ કરોડ.
- **EV સબસિડી :** બૅટરી સંચાલિત દ્વિચક્રી અને ત્રિચક્રી વાહનો માટે રૂ. ૧૬ કરોડ.
- **મિશન લાઇફ :** શાળાઓમાં Climate Experimental Learning Module દ્વારા બાળકોમાં જાગૃતિ લાવવા રૂ. ૯ કરોડ.


- **ગ્રીન સ્ટાર્ટઅપ :** ગ્રીન ટેક્નોલૉજી ક્ષેત્રે નવાં સાહસોને પ્રોત્સાહન આપવા રૂ. ૫ કરોડ.

### નવીન પહેલ : 'વન વિજ્ઞાન કેન્દ્ર' અને 'ગ્રીન વૉલ'

વનવાસીઓની રોજગારી વધારવા આહવા ખાતે વન વિજ્ઞાન કેન્દ્ર અને પર્યાવરણીય સંતુલન માટે ગ્રીન વૉલ ઓફ અરવલ્લી જેવા પ્રોજેક્ટ્સ ગુજરાતની પર્યાવરણીય દૂરંદેશી દર્શાવે છે.

સૂર્યશક્તિના મહત્તમ ઉપયોગથી લઈને વન કવચના વિસ્તાર સુધી, ગુજરાતનું આ બજેટ 'ગ્રીન ગ્રોથ'ના માધ્યમથી ભાવિ પેઢી માટે સુરક્ષિત અને સ્વચ્છ પર્યાવરણનું નિર્માણ કરશે. અક્ષય ઊર્જા અને પર્યાવરણ પ્રેમી નીતિઓ ગુજરાતને 'સસ્ટેનેબલ ડેવલપમેન્ટ'માં વિશ્વ સ્તરે નવી ઓળખ આપશે.

આ બજેટ 'જનકલ્યાણ' અને 'ટૅક્નોલૉજી'નો સુંદર સમન્વય છે. તે યુવાનો માટે રોજગારી, ખેડૂતો માટે સમૃદ્ધિ અને નાગરિકો માટે સુખાકારી સુનિશ્ચિત કરે છે. ગુજરાતીઓની ઉદ્યમી ભાવના અને સરકારની દૂરંદેશી નીતિઓ સાથે, ગુજરાત વિકસિત ભારતનો પાયાનો પથ્થર બનવા તરફ અગ્રેસર છે.



## ગુજરાત વિધાનસભા સંકુલ બન્યું સમૃદ્ધ કલાવારસાનો અરીસો

*ગુજરાતની પ્રજાનું પ્રતિનિધિત્વ કરતી ગુજરાત વિધાનસભા હવે ગુજરાતના પ્રાચીન, પરંપરાગત અને સમૃદ્ધ સાંસ્કૃતિક કલા વારસાનો અરીસો બની છે. ગુજરાત વિધાનસભા સંકુલ રાજ્યની પરંપરાગત તથા સાંસ્કૃતિક કલા-કારીગરીના રંગે રંગાઈ ગયું છે. પ્રજાના પ્રતિનિધિઓ - અતિથિઓ અને મુલાકાતીઓ માટે વિધાનસભા સંકુલની ભીંતો પર કંડારાયેલી માતાની પછેડી, કચ્છી મડ મિરર વર્ક તથા આદિવાસી વારલી કલાની લોક કલાકૃતિઓ આકર્ષણનું કેન્દ્ર બની છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ રાજ્યમાં હસ્તકળા અને હાથસાળ કલા-કારીગરીને સતત પ્રોત્સાહન મળતું રહ્યું છે અને એ જ દિશામાં આગળ વધતાં અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીના માર્ગદર્શન હેઠળ વિધાનસભા સંકુલને ગુજરાતના સમૃદ્ધ કલા વારસાથી શણગારવામાં આવ્યું છે. ગરવી-ગુર્જરીની ટીમ દ્વારા કારીગરોની કળાનું વ્યવસ્થિત પ્રસ્તુતીકરણ તૈયાર કરી રજૂ કરવામાં આવ્યું અને તેમની કુશળતા તથા કળાના સ્તરના આધારે પસંદગી કરવામાં આવી હતી.*

## વર્ષ ૨૦૦૪થી ખેતી વિષયક વીજળી પર વીજ કર સંપૂર્ણ નાબૂદ



ગુજરાત વિધાનસભામાં વીજ કરના મુદ્દે ધારાસભ્ય શ્રી હાર્દિકભાઈ પટેલે પૂછેલા પ્રશ્નનો જવાબ આપતાં નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, ખેતીવાડીમાં બોર અથવા કૂવામાંથી મોટર દ્વારા પાણી ખેંચવા માટે થતો વીજ વપરાશ તથા તે માટેની લાઈટિંગમાં થતા વીજ વપરાશ પર કોઈ પણ પ્રકારનો વીજ કર લેવામાં આવતો નથી. રાજ્ય સરકાર દ્વારા તા. ૧ જુલાઈ, ૨૦૦૪થી ખેતી વિષયક વીજળી પરનો વીજ કર સંપૂર્ણપણે નાબૂદ કરવામાં આવ્યો છે. ગ્રામીણ વિસ્તારના રહેણાક કક્ષાના વીજ ગ્રાહકો પાસેથી વાર્ષિક ૨૫૦ યુનિટના વપરાશ સુધી કોઈ વીજ કર લેવામાં આવતો નથી. ગ્રીન એનર્જીને પ્રોત્સાહન આપવા માટે પર્યાવરણની જાળવણી માટે રાજ્ય સરકાર દ્વારા સૂર્ય અને પવન ઊર્જા પર પણ કોઈ વીજ કર વસૂલવામાં આવતો નથી.

## ખેડૂતોને ટ્રેક્ટર માટે સહાય આપવામાં ગુજરાત દેશભરમાં અગ્રેસર



વિધાનસભામાં ધારાસભ્યશ્રી દ્વારા રાજ્યમાં ટ્રેક્ટર સહાય યોજના અંગે પુછાયેલા પ્રશ્નનો પ્રત્યુત્તર આપતાં કૃષિમંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ ગુજરાતના કૃષિ યાંત્રિકીકરણના વધતા વ્યાપ અને સરકારની ખેડૂતલક્ષી નીતિઓની વિગતો રજૂ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, ખેતીમાં શ્રમ ઘટાડવા અને ઉત્પાદકતા વધારવા માટે ટ્રેક્ટર એક અનિવાર્ય સાધન છે અને ગુજરાત સરકાર ખેડૂતોને આ દિશામાં મહત્તમ સહાય કરી રહી છે. ગુજરાતમાં કૃષિ યાંત્રીકીકરણને વેગ આપવા માટે એજીઆર-૫૦ (ટ્રેક્ટર સહાય યોજના)ની શરૂઆત વર્ષ ૨૦૧૧-૧૨માં રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા કરવામાં આવી હતી. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં આ યોજનાના વ્યાપમાં મોટો વધારો કરવામાં આવ્યો છે. વર્ષ ૨૦૨૬-૨૭ સુધીમાં આ યોજના માટે બજેટમાં રૂ. ૮૦૦ કરોડ સુધીની જોગવાઈ કરવામાં આવી છે. નોંધનીય છે કે, સમગ્ર દેશમાં ટ્રેક્ટર ઘટક માટે આટલી મોટી રકમની જોગવાઈ કરનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે.

## બોટાદ શહેર ફરતે રિંગરોડ માટેની જરૂરી સર્વેની કામગીરી પ્રગતિ હેઠળ



ગુજરાત વિધાનસભામાં ધારાસભ્યશ્રી ઉમેશભાઈ મકવાણા દ્વારા બોટાદમાં પ્રતિદિન ચાલીસથી પચાસ હજાર હીરાઘસુ લોકોની અવર-જવર તેમજ વિદ્યાર્થીઓ અને પ્રવાસીઓની સુવિધા માટે ટ્રાફિક સમસ્યાના નિવારણ માટે બોટાદ શહેર ફરતે રિંગરોડ બનાવવા માટેની કામગીરી અંગે પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા, જેના પ્રત્યુત્તરમાં ઊર્જા મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, બોટાદ શહેર ફરતે રિંગરોડ બનાવવા માટેના સર્વેની પ્રાથમિક તબક્કાની કામગીરી હાલ પ્રગતિ હેઠળ છે. સર્વેની કામગીરી પૂર્ણ થયા બાદ એલાઈમેન્ટની મંજૂરી મળ્યા બાદ રિંગરોડના નિર્માણ માટે થનારા ખર્ચની અંદાજિત રકમની વિગતો ઉપલબ્ધ થઈ શકશે. ઉપરાંત સર્વે પૂર્ણ થયાના તબક્કા બાદ એલાઈમેન્ટ મંજૂરી પ્રાપ્ત થયેથી રિંગરોડની લંબાઈ અને ટ્રાફિકની જરૂરિયાત મુજબની પહોળાઈ નક્કી કરવામાં આવશે.

## શિષ્યવૃત્તિ મર્યાદામાં વધારો



વિધાનસભામાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતના સંબોધન પરના આભાર પ્રસ્તાવની ચર્ચામાં સહભાગી થતાં શિક્ષણમંત્રી ડૉ. પ્રદ્યુમનભાઈ વાજાએ જણાવ્યું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર 'સર્વજન હિતાય, સર્વજન સુખાય'ના મંત્ર સાથે આગળ વધી રહી છે. રાજ્ય સરકારે એક ઐતિહાસિક નિર્ણય લઈને આદિજાતિ અને અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે પોસ્ટ મૅટ્રિક શિષ્યવૃત્તિની વાર્ષિક આવકમર્યાદા રૂ. ૨.૫૦ લાખથી વધારીને રૂ. ૬ લાખ કરી છે. આ જ પ્રકારે, શિક્ષણક્ષેત્રે 'નમો લક્ષ્મી' યોજના હેઠળ ૧૧ લાખ કિશોરીઓને અને 'નમો સરસ્વતી' યોજના હેઠળ ૧.૫૦ લાખ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓને આર્થિક સહાય પૂરી પાડવામાં આવી છે. જેના પરિણામે શાળામાં ડ્રોપઆઉટ રેટ ઘટીને માત્ર ૨.૪૨ ટકા રહ્યો છે. રાજ્યમાં 'સ્કૂલ ઓફ એક્સલન્સ' અને 'મૉડલ સ્કૂલ' પ્રોજેક્ટ દ્વારા આધુનિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરવામાં આવ્યું છે. આ ઉપરાંત, વિદ્યાર્થીઓને સ્ટાર્ટઅપ્સ માટે Student Start up & Innovation Policy 2.0 હેઠળ : ૪,૯૪૮ પ્રૂફ ઓફ કન્સેપ્ટ ૨,૨૮૨ IP ફાઈલિંગ, ૮૨૮ સ્ટાર્ટઅપ્સને સપોર્ટ આપવામાં આવ્યો છે.

## રાજકોટમાં પહોંચ્યાં નર્મદાનાં નીર



વિધાનસભા ગૃહમાં રાજકોટ જિલ્લાના રાજકોટ અને જસદણ તાલુકામાં કાર્યરત જૂથ પાણી પુરવઠા યોજના અંતર્ગત કરવામાં આવેલી કામગીરી અંગે ધારાસભ્ય શ્રી ઉદયભાઈ કાનગડ દ્વારા પુછાયેલા પ્રશ્નનો ઉત્તર આપતાં જળસંપત્તિ અને પાણી પુરવઠા રાજ્ય મંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલે જણાવ્યું હતું કે, આ યોજના હેઠળ રાજકોટ જિલ્લાના ગ્રામીણ વિસ્તારોમાં નર્મદાનાં પાણી અથવા સ્થાનિક ડેમ આધારિત શુદ્ધ પાણી નાગરિકોને પહોંચાડવામાં આવે છે. જૂથ પાણી પુરવઠા યોજના હેઠળ રાજકોટ અને જસદણ તાલુકાનાં કુલ ૧૧૫ ગામના ૩,૪૮,૮૪૨ નાગરિકોને લાભ આપવામાં આવી રહ્યો છે. આ યોજના અંતર્ગત રૂ. ૨૦,૩૩૨.૨૮ લાખનાં નાગરિકલક્ષી કામ પૂર્ણ કરવામાં આવ્યાં છે.

## અત્યાધુનિક ઇન્ટિગ્રેટેડ હૉસ્પિટલોથી મેડિકલ ટૂરિઝમને વેગ મળશે



રાજ્ય સરકારે વર્ષ ૨૦૨૬-૨૭ ના બજેટમાં કામરેજ વિધાનસભા ક્ષેત્રને આરોગ્ય ક્ષેત્રમાં સીમાચિહ્નરૂપ અને અણમોલ ભેટ આપી છે. આરોગ્ય રાજ્યમંત્રીશ્રી પ્રફુલ્લભાઈ પાનસેરીયાએ જણાવ્યું હતું કે, દક્ષિણ ગુજરાતમાં નિર્માણ પામનાર ૩ અત્યાધુનિક ઈન્ટિગ્રેટેડ હૉસ્પિટલો સુરતને દેશના મેડિકલ ટૂરિઝમ મૅપ પર મજબૂત સ્થાન અપાવશે.

સુરતના કામરેજમાં અંદાજિત રૂ.૧૪૫૦ કરોડના ખર્ચે ૩૦.૫૫ હેક્ટર જેટલી વિશાળ જમીનમાં અત્યાધુનિક હૉસ્પિટલ કેમ્પસનું નિર્માણ કરવામાં આવશે. આ પ્રોજેક્ટ માટે બજેટમાં રૂ.૨૫૦ કરોડની પ્રારંભિક જોગવાઈ કરવામાં આવી છે, જેના ભાગરૂપે ૧૫૦૦ બેડની જનરલ બ્રોડ સ્પેશિયાલિટી હૉસ્પિટલ, ૫૦૦થી વધુ બેડની કાર્ડિયાક એન્ડ ન્યુરો સુપર સ્પેશિયાલિટી હૉસ્પિટલ, ૫૦૦થી વધુ બેડની યુરોલોજી એન્ડ નેફ્રોલોજી સુપર સ્પેશિયાલિટી હૉસ્પિટલ સાકાર થશે. આ એક જ કેમ્પસમાં જનરલ હૉસ્પિટલની સાથે ત્રણ મુખ્ય સુપર સ્પેશિયાલીટી હૉસ્પિટલો ઈન્ટિગ્રેટેડ રીતે નિર્માણ પામશે.

## શિહોરીમાં બસસ્ટેશન બનાવવાની કાર્યવાહી



ધારાસભ્ય શ્રી અમૃતજી ઠાકોરે વાહન વ્યવહાર રાજ્ય મંત્રી શ્રી પ્રવીણભાઈ માળીને બનાસકાંઠાના કાંકરેજ તાલુકાના શિહોરી ખાતે બસસ્ટેશન બનાવવા અંગે પૂછેલા પ્રશ્નના જવાબમાં મંત્રીશ્રીએ કહ્યું હતું કે, છેલ્લાં બે વર્ષમાં શિહોરીમાં બસસ્ટેન્ડ બનાવવા માટે સરકારને ત્રણ અરજીઓ મળી હતી. આ અરજીઓ અન્વયે સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીને જમીન ફાળવવા માટે રજૂઆતો કરવામાં આવી પરંતુ કૃષિ યુનિવર્સિટી દ્વારા જમીન ફાળવી શકાય તેમ નથી. શિહોરીમાં રોડ-ટચ-હાઈવે પર કોઈ સરકારી પડતર જમીન નથી તેમ મામલતદાર શ્રી કાંકરેજ દ્વારા સૂચિત કરવામાં આવેલું. નિગમ દ્વારા શિહોરીમાં નવું બસસ્ટેન્ડ બનાવવા વૈકલ્પિક રીતે જમીન મેળવવા માટેની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે.

## શિક્ષણ માટે બજેટમાં જંગી જોગવાઇ



કોઈ પણ વ્યક્તિ, સમાજ કે રાષ્ટ્રના વિકાસ માટે શિક્ષણ પાયાની જરૂરિયાત છે. આ મહત્ત્વની બાબત કેન્દ્રસ્થાને રાખીને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં શિક્ષણ માટે અંદાજપત્ર : ૨૦૨૬-૨૭માં સૌથી વધુ ઐતિહાસિક રૂ. ૬૩ હજાર કરોડથી વધુની જોગવાઈ કરવામાં આવી છે તેમ રાજ્ય સરકાર દ્વારા રજૂ કરાયેલા સર્વસમાવેશી અંદાજપત્ર ઉપર પ્રતિક્રિયા આપતાં ઉચ્ચ અને ટૅકનિકલ શિક્ષણ રાજ્યમંત્રી શ્રી ત્રિકમભાઈ છાંગાએ જણાવ્યું હતું. રાજ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના(MYSY) અંતર્ગત ૯૦ હજારથી વધુ વિદ્યાર્થીઓને સહાય આપવા રૂ. ૪૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. i-Hub, અમદાવાદ અને i-Hubનાં ચાર પ્રાદેશિક કેન્દ્રો ખાતે વિવિધ કામગીરી માટે રૂ.૮૦ કરોડ, સરકારી ટૅકનિકલ સંસ્થાઓ ખાતે ભૌતિક સંસાધનો, વિવિધ આઇ.ટી. ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને શૈક્ષણિક સોફ્ટવેર પૂરાં પાડવા માટે રૂ.૬૭ કરોડ, એલ. ડી. કૉલેજ ઓફ એન્જિનિયરિંગ, અમદાવાદ ખાતે હોસ્ટેલ કેમ્પસના વિકાસ માટે બોયઝ હોસ્ટેલના બે નવા બ્લોકના બાંધકામ માટે રૂ.૫૧ કરોડ તેમજ એલ. ડી. કૉલેજ ઓફ એન્જિનિયરિંગ, અમદાવાદ ખાતે રિસર્ચ પાર્કના બાંધકામ માટે રૂ.૫૧ કરોડની જોગવાઈ કરાઈ છે.




# CBDC આધારિત જાહેર વિતરણ વ્યવસ્થાનો પ્રારંભ

'ડિજિટલ ઈન્ડિયા'નું વિસ્તરણ જાહેર વિતરણ વ્યવસ્થા સુધી પહોંચ્યું છે. ગાંધીનગર ખાતેથી કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહે દેશની સૌપ્રથમ સેન્ટ્રલ બૅંક ડિજિટલ કરન્સી (CBDC) આધારિત પારદર્શક, આધુનિક અને સરળ જાહેર વિતરણ વ્યવસ્થાનો પ્રારંભ કરાવ્યો હતો. તેમણે ૧ કિલોના સીલબંધ પૅકિંગમાં ચણા અને તુવેરદાળનું વિતરણ, અમદાવાદના સાબરમતી ઝોનમાં અન્નપૂર્તિ ગ્રેન ATM સુવિધા તેમજ 'ગરિમા પોષણ - સુપોષિત ગરુડેશ્વર તાલુકો' અભિયાનનો પણ પ્રારંભ કરાવ્યો હતો.

આ સમારોહમાં અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ તથા ગ્રાહક શિક્ષણ અને સંશોધન કેન્દ્ર (CERC) વચ્ચે સમજૂતી કરાર (MoU) કરવામાં આવ્યા હતા. આ કરારથી ફરિયાદોના નિવારણ માટે પ્રિ-લિટિગેશન ઈકોસિસ્ટિમ ઊભી થશે, જેથી કોર્ટ સુધી પહોંચ્યા વગર જ પ્રશ્નોનો ઉકેલ આવશે. વધુમાં, 'કન્ઝ્યુમર રિસ્પોન્સિબિલિટી ઈન્ડેક્સ' (CRI) તૈયાર કરવા માટે પણ અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ દ્વારા 'કૅર રેટિંગ' અને ગ્રાહક શિક્ષણ અને સંશોધન કેન્દ્ર (CERC) સાથે સમજૂતી કરાર (MoU) કરવામાં આવ્યા હતા.

કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગરીબોને સસ્તું અનાજ આપવા CBDC એટલે કે, સેન્ટ્રલ બૅંક ડિજિટલ કરન્સી પ્રોજેક્ટ અને 'મેઈડ ઈન ગુજરાત' એવા અન્નપૂર્તિ ગ્રેન એટીએમ જેવી આધુનિક સુવિધાઓ કાર્યરત કરવામાં આવી છે. પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના હેઠળ દેશના ૮૧ કરોડ લોકોને મળતી ખાદ્ય સુરક્ષા ડિજિટલ અને પારદર્શી બની છે.

અન્નપૂર્તિ મશીન દ્વારા માત્ર ૩૫ સેકન્ડમાં ૨૫ કિલો અનાજનું વિતરણ શક્ય બનશે, જે વજન, મૂલ્ય અને ગુણવત્તાની દૃષ્ટિએ સંપૂર્ણ સચોટ હશે. અંતમાં કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રીએ CBDC અને પારદર્શક વિતરણ વ્યવસ્થાના પાઈલટ પ્રોજેક્ટ માટે ગુજરાતની પસંદગી કરવા બદલ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, કેન્દ્રીય મંત્રી શ્રી પ્રહ્લાદ જોશી અને ગુજરાત સરકારને અભિનંદન પાઠવ્યાં હતાં.

કેન્દ્રીય ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રી શ્રી પ્રહ્લાદ જોશીએ કહ્યું કે, વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં ચાલતા વિશ્વના સૌથી મોટા ફૂડ પ્રોગ્રામને આ નવીન પહેલથી વિશેષ બળ મળશે. CBDC આધારિત વ્યવસ્થા શરૂ થવાથી સાચા લાભાર્થીને જ તેનો લાભ મળશે. આ ડિજિટલ આધારિત અનાજ વિતરણ પ્રક્રિયાનો ગુજરાતમાંથી સૌપ્રથમ પ્રારંભ થવાથી દેશનાં બાકીનાં રાજ્યોમાં પણ તેનો હકારાત્મક પ્રભાવ પડશે અને ડુપ્લિકેટ રેશનકાર્ડ પણ પોતાની રીતે નાબૂદ થશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, રાજ્યમાં 'ગ્રેન ATM' ૨૪ કલાક કાર્યરત રહેવાથી શ્રમિક વર્ગ ગમે ત્યારે રાષ્ટ્રીય અન્ન સુરક્ષા કાયદા હેઠળ મળવાપાત્ર ઘઉં, ચોખા અને દાળ મેળવી શકશે. આ ટૅક્નોલૉજીના માધ્યમથી લાભાર્થીઓને ડિજિટલ ટોકન દ્વારા સબસિડી, વસ્તુનું વજન અને તેની કિંમતની સચોટ જાણકારી મળશે.

નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, CBDC, ગ્રેન ATM અને બાયોમેટ્રિક મુક્તિ તરફ આગળ વધી રહેલું ગુજરાતનું આ મૉડલ આગામી સમયમાં સમગ્ર દેશ માટે પથદર્શક બનશે. આ અવસરે ખાદ્ય અને જાહેર વિતરણ કેન્દ્રીય રાજ્ય મંત્રી શ્રીમતી નીમુબહેન બાંભણિયા, ગુજરાતના અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી શ્રી રમણભાઈ સોલંકી, અન્ન અને નાગરિક પુરવઠા રાજ્યમંત્રી શ્રી પી. સી. બરંડા અને મોટી સંખ્યામાં લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.



## સહકારી સંસ્થાઓને રૂ. ૨૬૫ કરોડના પ્રકલ્પોની ભેટ


ગાંધીનગરમાં દેશનાં તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના સહકાર મંત્રીશ્રીઓ સાથેની એક ઉચ્ચસ્તરીય 'મંથન બેઠક' કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી, જેમાં વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી, મુખ્યમંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી, કેન્દ્રીય સહકારિતા રાજ્યમંત્રી શ્રી કૃષ્ણપાલ ગૂર્જર અને શ્રી મુરલીધર મોહોલ, ગુજરાતના સહકાર મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી, સહકાર રાજ્ય મંત્રી શ્રી રમેશભાઈ કટારા તેમજ સહકાર વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કેન્દ્રીય સહકારિતા મંત્રીશ્રીના હસ્તે ગુજરાતની વિવિધ સહકારી સંસ્થાઓના કુલ રૂ. ૨૬૫.૩૦ કરોડના પ્રકલ્પોનું ઇ-લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. જેમાં નર્મદાના નાંદોદમાં ઈથેનોલ ડિસ્ટિલરી પ્લાન્ટ, ૩૦ મેગાવૉટ પાવર કો-જનરેશન પ્લાન્ટ, ઓર્ગેનિક પોટાસ પ્લાન્ટ તથા આણંદના ખાત્રજમાં વેરહાઉસ, વ્હે પ્રોટીન કૉન્સેન્ટ્રેશન પાવડર પ્લાન્ટનાં લોકાર્પણનો સમાવેશ થાય છે. જ્યારે સાવરકુંડલા અને પાટણ APMCમાં વેરહાઉસનું ખાતમુહૂર્ત કરાયું હતું.

આ બેઠકમાં કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રીશ્રીએ “આંતરરાષ્ટ્રીય સહકારિતા વર્ષ ૨૦૨૫” પરના એક વિશેષ અહેવાલનું વિમોચન પણ કર્યું હતું. કાર્યક્રમ પૂર્વે કેન્દ્રીય સહકારિતા મંત્રીશ્રીએ આ પ્રદર્શનીનો પણ પ્રારંભ કરાવ્યો હતો.



**લોકાર્પણ** *કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે અમદાવાદની સોલા સિવિલ હૉસ્પિટલમાં મોબાઈલ બ્લડ કલેક્શન વાન અને નિયોનેટલ વેન્ટિલેટરનું લોકાર્પણ કર્યું હતું. આ પ્રસંગે આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ્લભાઈ પાનસેરીયા તેમજ સોલા સિવિલ હૉસ્પિટલના તબીબો અને કર્મયોગીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.*



**મહાઆરતી** *કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે મહાશિવરાત્રીના પાવન પર્વે વડોદરા ખાતે આયોજિત ભવ્ય 'શિવજી કી સવારી' કાર્યક્રમમાં સહભાગી થઈને ભગવાન શ્રી સર્વેશ્વર મહાદેવના દર્શન કરી આરતી ઉતારી હતી. સુરસાગર તળાવ ખાતે આયોજિત કાર્યક્રમમાં મહિલા અને બાળ-કલ્યાણ રાજ્યમંત્રી ડૉ. મનીષાબહેન વકીલ અને વડોદરા નગરના લાખો શિવભક્તો ઉત્સાહભેર જોડાયાં હતાં.*



**અનાવરણ** *છત્રપતિ શિવાજી મહારાજની ભવ્ય પ્રતિમાનું કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહના હસ્તે ગાંધીનગરમાં અનાવરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી તેમજ ધારાસભ્ય શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ગૃહ મંત્રીશ્રી સહિત ઉપસ્થિત મહાનુભાવોએ સિદ્ધિ વિનાયક મંદિર ખાતે દર્શન કરી ધન્યતા અનુભવી હતી.*

# ગુજરાત દુકાન અને સંસ્થા અધિનિયમ સુધારા વિધેયક પસાર

વિધાનસભા ગૃહમાં શ્રમ અને રોજગાર મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયા દ્વારા રજૂ કરાયેલું ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો) અધિનિયમ સુધારા વિધેયક વિધાનસભામાં સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું હતું.

મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો) અધિનિયમ, ૨૦૧૯માં કામદારોની કામની સ્થિતિમાં સુધારો કરવા, સ્ત્રીઓ માટે નોકરીની વધુ તકો ઊભી કરવા, ધંધો કરવા માટે સાનુકૂળ વાતાવરણ પૂરું પાડવાની, વર્ષમાં ૩૬૫ દિવસ સંસ્થા ચલાવવાની અને સંસ્થા ખોલવાના અને બંધ કરવાના સમયની સ્વતંત્રતાની, સ્ત્રીઓને પૂરતી સુરક્ષા અને સલામતીની જોગવાઈઓ સાથે રાતપાળી દરમિયાન કામ કરવાની પરવાનગી, ઓનલાઈન રજિસ્ટ્રેશન જેવી વિવિધ જોગવાઈ કરવામાં આવી છે, સામાજિક અને આર્થિક પરિસ્થિતિઓને અનુરૂપ શ્રમયોગીઓ, વેપારીઓ, માલિકો તથા પ્રજાજનો એમ તમામનાં હિતોનો તટસ્થ રીતે વિચાર કરીને ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો) અધિનિયમ, ૨૦૧૯માં સુધારો કરવા અંગેનું વિધેયક લાવવામાં આવ્યું.

અગાઉ ૧૦ કે તેથી વધારે કામદારોને બદલે હવે ૨૦ કે તેથી વધારે કામદારો ધરાવતી દુકાનો અને સંસ્થાઓને આ કાયદો લાગુ પડશે, જેના પરિણામે હજારો નાના વેપારીઓ અને સ્ટાર્ટ-અપ્સને આગળ વધવામાં વેગ મળશે. દૈનિક કામના કલાકોની મર્યાદામાં ૯ કલાકથી વધીને ૧૦ કલાક અને સળંગ કામના કલાકોની મર્યાદા પાંચ કલાકથી વધારી ૬ કલાક કરાઈ છે. ઓવરટાઇમની મહત્તમ મર્યાદા, ત્રણ મહિનામાં વધારીને ૧૪૪ કલાક કરાઈ છે, જેથી ઉત્પાદકતા અને દુકાનદારોના નફામાં વધારો થશે.

મહિલા શ્રમયોગીની સંમતિ હોય અને સંસ્થા દ્વારા મહિલાઓને આરામ માટેની રૂમ, રાત્રિ ઘોડિયાઘર, મહિલા માટેનાં શૌચાલય, તેમના ગૌરવ, સન્માન અને સલામતીના યોગ્ય રક્ષણ, જાતીય સતામણીથી રક્ષણ તેમજ સંસ્થાથી તેમના નિવાસસ્થાન સુધી તેમને લાવવા-લઈ જવાની વ્યવસ્થા માલિક દ્વારા પૂરી પાડવામાં આવતી હોય એવી દુકાન અથવા સંસ્થામાં મહિલા શ્રમયોગીને રાત્રિના ૯ કલાકથી સવારના ૬ કલાક વચ્ચેના સમયમાં કામ કરવાની પરવાનગી આપી શકાશે.

# ગેરકાયદે જમીન તબદીલી પર અંકુશ માટેનું વિધેયક પસાર

રાજ્ય વિધાનસભાના બજેટ સત્રમાં મહેસૂલ રાજ્યમંત્રી શ્રી સંજયસિંહ મહીડાએ રજૂ કરેલું સૌરાષ્ટ્ર ઘરખેડ ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન વટહુકમ ૧૯૪૯ની કલમ-૭૫ અને ૭૫(એ)માં સુધારા સૂચવતું વિધેયક વિધાનસભા ગૃહમાં પસાર કરવામાં આવ્યું હતું.

મંત્રીશ્રીએ કહ્યું હતું કે, આ સુધારા થકી જમીન વ્યવહારોમાં કાયદાકીય સ્પષ્ટતા આવશે અને ગેરકાયદે જમીન તબદીલી પર અંકુશ આવશે. રાજ્યમાં ત્રણ જુદા-જુદા ગણોત કાયદાઓ અમલમાં છે. આ વિધેયકમાં મહત્ત્વપૂર્ણ સુધારા સૂચવતાં મંત્રીશ્રીએ જણાવ્યું કે, હાલની જોગવાઈમાં ફક્ત અનધિકૃત કબજો ખાલી કરાવવાની જ જોગવાઈ છે. આ સુધારા દ્વારા હવે ગેરકાયદેસર તબદીલીના કિસ્સામાં સ્પષ્ટ અને વ્યવસ્થિત પ્રક્રિયા નક્કી કરવામાં આવી રહી છે.

જે મુજબ, કલેક્ટર આપમેળે અથવા જમીનમાં હિત ધરાવતી કોઈ વ્યક્તિની અરજીના આધારે કાર્યવાહી શરૂ કરી શકશે. જો તબદીલી ગેરકાયદે જણાય, તો કલેક્ટર ત્રણ મહિનાની મુદતમાં જમીન વેચનારને જમીન પરત કરવા જણાવશે અને ખરીદનારે તે જમીન પરત કરવાની રહેશે. અને, જો નક્કી કરેલ મુદતમાં જમીન અગાઉની સ્થિતિમાં પરત ન કરવામાં આવે, તો કલેક્ટર તબદીલી ગેરકાયદેસર જાહેર કરશે અને આવી જમીન તમામ બોજા રહિત સરકારમાં નિહિત થશે અને આવી જમીનનો નિકાલ સરકારી પડતર જમીન તરીકે કરવામાં આવશે.

આ જ પ્રકારે, કલમ-૭૫(એ)માં સૂચિત સુધારા સૂચવતાં મંત્રીશ્રીએ કહ્યું કે, આ સુધારા દ્વારા દંડના કિસ્સામાં બિનખેડૂત વ્યક્તિ અથવા સંસ્થાએ જમીનની પ્રવર્તમાન જંત્રી કિંમતની ત્રણ ગણી રકમ એક મહિનાની મુદતમાં ભરપાઈ કરવાની રહેશે અને જમીન વેચાણ આપનાર ખેડૂત ખાતેદારને અગાઉની સ્થિતિમાં પરત કરવાની રહેશે. વધુમાં, રાજ્યમાં અમલમાં અન્ય ગણોત કાયદાઓ સાથે એકરૂપતા જાળવવા માટે કલમ-૭૫(એ)નો સુધારો તા.૦૫/૧૨/૨૦૧૫ની અસરથી લાગુ પાડવા સૂચવ્યું હતું. આ સિવાય, બિનખેડૂતે એક મહિનામાં દંડ ચૂકવવાનો રહેશે અને જમીન પરત કરવાની રહેશે. આથી ખેડૂતોને ઝડપથી ન્યાય મળશે અને મૂળ ખાતેદારના હકનું રક્ષણ થશે. રાજ્યના તમામ વિસ્તારોમાં એક જ રીતે કાયદો લાગુ થવાથી વહીવટી સુગમતા આવશે અને કાયદાકીય વિવાદોમાં ઘટાડો થશે.

# સંસ્કૃતિ અને એકતાનો મહોત્સવ 'વસંતોત્સવ'



**નેહા તલાવીયા**

ગાંધીનગરના સાબરમતી નદીકાંઠે આવેલી શાંત કોતરો વસંતના આગમન સાથે જાણે રંગોની ચાદર ઓઢી હર્ષોલ્લાસથી ખીલી ઊઠે છે. સામાન્ય દિવસોમાં સૂમસામ લાગતો આ વિસ્તાર ‘વસંતોત્સવ’ના ભવ્ય આયોજનથી સંગીત, નૃત્ય અને સંસ્કૃતિના રંગોથી ઝળહળી ઊઠે છે. એક સામાન્ય નદીકાંઠો કેવી રીતે જીવંત લોકમેળામાં પરિવર્તિત થઈ શકે તેનું શ્રેષ્ઠ ઉદાહરણ ગાંધીનગરનો ‘વસંતોત્સવ’ છે.

ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હેઠળની ‘કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી’ તથા ‘પશ્ચિમ ક્ષેત્ર સાંસ્કૃતિક કેન્દ્ર, ઉદયપુર’ના સંયુક્ત ઉપક્રમે સંસ્કૃતિ કુંજ ખાતે આ રંગારંગ મહોત્સવનું ભવ્ય ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. ગાંધીનગર ઉત્તરનાં ધારાસભ્ય રીટાબહેન પટેલના હસ્તે કાર્યક્રમનો પ્રારંભ થતાં જ વાતાવરણમાં ઉત્સાહ છવાયો હતો. આ અવસરે યુવા અને રમતગમત વિભાગ દ્વારા તૈયાર કરાયેલ વિશેષ કૅલેન્ડરનું પણ વિમોચન કરવામાં આવ્યું હતું.

વસંતોત્સવના કુલ ૨૯૦ સ્ટોલ પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. જેમાં હસ્તકલા (ક્રાફ્ટ)ના ૨૩૦ સ્ટોલ પર ‘હર ઘર સ્વદેશી’ અભિયાન અંતર્ગત હાથવણાટની અવનવી ચીજવસ્તુઓનું પ્રદર્શન તેમજ ૬૦ સ્ટોલ પર વિસરાતી જતી સ્વદેશી વાનગીઓએ મુલાકાતીઓમાં સ્વદેશીપણાનો ભાવ જગાડ્યો હતો.

ભારતભરના ૧૬ જેટલાં કલા-વૃંદોના ૫૦૦થી વધુ કલાકારો દ્વારા વિવિધ રાજ્યોની લોકકલાઓ રજૂ કરવામાં આવી હતી. ગુજરાતના ભાતીગળ ગરબા, ડાકલા, રાઠવા આદિવાસી નૃત્ય અને સીદી ધમાલથી માંડીને હરિયાણાનું ‘ફાગ’, પંજાબના ‘ભાંગડા’, યુપીનું ‘મયૂર નૃત્ય’, જમ્મુ-કાશ્મીરનું ‘રૌફ’, પશ્ચિમ બંગાળનું ‘પુરલીયા છાઉ’, અસમનું ‘બિહુ’, મણિપુરનું ‘થાંગ-ટા’ અને ‘પુંગ ઢોલ ચોલમ’, મહારાષ્ટ્રની ‘લાવણી’, રાજસ્થાનની ‘ભવાઈ’ અને છત્તીસગઢનું ‘પાંડવાની ગાયન’ આ દરેક પ્રસ્તુતિએ દર્શકોને મંત્રમુગ્ધ કરી દીધા. આ ઉપરાંત વસંતોત્સવમાં વિવિધ કલાકારોની ગાયકીએ શ્રોતાઓને ભાવવિભોર કરી દીધા હતા.

સરિતા ઉદ્યાન પાસે આવેલ સંસ્કૃતિ કુંજ ખાતે દર વર્ષે યોજાતો આ દસ દિવસીય વસંતોત્સવ માત્ર મનોરંજન પૂરતો સીમિત નથી. તે આપણી સમૃદ્ધ હસ્તકલા, લોકકલા અને પરંપરાઓને જીવંત રાખવાનો એક સરાહનીય પ્રયાસ છે. ‘વિવિધતામાં એકતા’ના મંત્રને સાકાર કરતો આ મહોત્સવ ગાંધીનગરના આંગણે ભારતીય સંસ્કૃતિના દર્શન કરાવે છે જે દરેક રંગ, દરેક તાલ સાથે એક જ સંદેશ આપે છે આપણી સંસ્કૃતિ જ આપણી ઓળખ છે.







# સહકારને સ્માર્ટ બનાવતી નવીન ક્રાંતિનો પ્રારંભ

સરકાર, સહકાર અને ટૅક્નોલૉજીની ત્રિવેણીથી આધુનિક વિકાસની ગતિ અનેક ગણી વધી ગઈ છે, જેને હવે AI વધુ સંગીનતા પ્રદાન કરી રહી છે. આ પ્રગતિના રથને આગળ વધારતાં અમૂલે વિશ્વમાં પ્રથમવાર દૂધના ફેટ, SNF અને દૈનિક હિસાબ મોબાઇલ ઍપ પર આપવાની વ્યવસ્થા તૈયાર કરી છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે Amul AI ડિજિટલ પ્લૅટફૉર્મનું લોકાર્પણ કર્યું હતું. ત્યારબાદ ઉપસ્થિત સર્વેએ અમૂલ AIની ટૂંકી ફિલ્મ નિહાળી હતી. અમૂલના ચૅરમૅનશ્રીએ અમૂલ AI વિશે જાણકારી આપી હતી. અમૂલના મૅનેજિંગ ડિરેક્ટર શ્રી જયન મહેતાએ પ્રાસંગિક ઉદ્દબોધન કર્યું હતું. અમૂલ AI ઍપ બનાવનાર ડૉ. શંકરે ઍપ વિશે વિસ્તૃતમાં વાત કરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ડેરી ઇકો સિસ્ટિમને મજબૂત કરવા ૨૦ હજાર વેટરનરી પ્રોફેશનલ્સ તૈયાર કરવા માટે વિશેષ ફંડની કેન્દ્રીય બજેટમાં જોગવાઈ થઈ છે. Amul AI વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં કૃષિ, પશુપાલન અને ડેરી ક્ષેત્રને આધુનિક અને આત્મનિર્ભર બનાવવાનો માઈલસ્ટોન બની રહેશે. મુખ્યમંત્રીશ્રીએ રાજ્યનાં ૧૮,૫૦૦થી વધુ ગામડાઓમાં ૩૬ લાખ દૂધ ઉત્પાદકોની સહકારી સંસ્થા અને વિશ્વની અગ્રણી સહકારી સંસ્થાની તથા ડેરી બ્રાન્ડની ખ્યાતિ પ્રાપ્ત અમૂલ દ્વારા ખેડૂતથી ટૅક્નોલૉજી સુધી સહકારને સ્માર્ટ બનાવતી નવીન અમૂલ AI ક્રાંતિનો પ્રારંભ ગણાવ્યો હતો.

અમૂલે પોતાના સભાસદો, દૂધ ઉત્પાદકોને વધુ આવક મળે તેવી નવીનતમ ટૅક્નોલૉજીનો ઉપયોગ ડિજિટલ ક્રાંતિથી કર્યો છે. પોતાની સુવિકસિત આગવી આઇ.ટી. સિસ્ટિમમાં પશુપાલકો, દૂધ ઉત્પાદકો, સભાસદોનો જે ડેટાબેઝ છે તેને ઇન્ટિગ્રેટ કરીને હવે Amul AIથી એડવાન્ટૅજ ઇન્ડિયા માટે સજ્જ થયું છે. અમેરિકા અને યુરોપિયન યુનિયન સાથે થયેલી ટ્રેડ ડીલ ડેરી ક્ષેત્ર માટે લાભદાયી થશે તેનો પણ મુખ્યમંત્રીશ્રીએ ઉલ્લેખ કર્યો હતો. આ ડીલમાં ડેરી પ્રોડક્ટ્સની ઇમ્પોર્ટને બાકાત રાખવાના તેમના આગવા નિર્ણયથી દેશમાં દૂધ ઉત્પાદન પર નિર્ભર ૧૦ કરોડથી વધુ નાના અને સીમાંત ખેડૂતોનો જીવનનિર્વાહ સુરક્ષિત રહેશે. વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં દેશનું ડેરી ક્ષેત્ર દૂધ ઉત્પાદન વધારીને વિશ્વની ડેરી બનવાની દિશામાં ઝડપથી આગળ વધશે.

કૃષિ અને પશુપાલન મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણીએ આ ઘટનાને એક 'ઐતિહાસિક ક્ષણ' ગણાવી હતી. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ પશુપાલન અને ડેરી ક્ષેત્ર માટે જે પ્રયાસો કર્યા છે, તેને પરિણામે જ ગુજરાત આજે આ ક્ષેત્રે નવી ઊંચાઈઓ સર કરી રહ્યું છે. અમૂલની આ AI ઍપ્લિકેશન વિશ્વની સૌથી મોટી ઍપ્લિકેશન બનવા જઈ રહી છે, જે ડિજિટલ યુગમાં ગુજરાતની એક અનેરી સિદ્ધિ છે. જે રીતે લોકોએ યુપીઆઇ (UPI) અને સ્માર્ટફોન અપનાવ્યાં છે, તેવી જ રીતે આ AI ટૅક્નૉલોજી પણ પશુપાલકોના જીવનનો ભાગ બની જશે.

આ પ્રસંગે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષશ્રી અને બનાસ ડેરીના ચૅરમૅન શંકરભાઈ ચૌધરી, કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી તેમજ અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી શ્રી રમણભાઈ સોલંકી, નાણા રાજ્યમંત્રીશ્રી કમલેશભાઈ પટેલ અને ગુજરાત સ્ટેટ મિલ્ક માર્કેટિંગ ફેડરેશનના અધ્યક્ષ અને પદાધિકારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



## સુજલામ્ સુફલામ્ જળ અભિયાન-જળસંચય જનભાગીદારી 2.0 રાજ્યવ્યાપી પ્રારંભ



જળસંચય અને જળસંગ્રહ માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કરેલા "કેચ ધ રેઈન" આહવાનને સાકાર કરવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સુજલામ્ સુફલામ્ જળ અભિયાન-જળસંચય જનભાગીદારી 2.0નો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવ્યો હતો. આ અભિયાનનો શુભારંભ ગાંધીનગરના ભાટ ગામના તળાવને ઊંડું કરવાની કામગીરીથી કરવામાં આવી હતી. આ તળાવ ઊંડું થવાથી તેની કુલ સંગ્રહ ક્ષમતા ભવિષ્યમાં ૨.૦૧ લાખ ઘન ફૂટ થશે. આ અવસરે જળસંપત્તિ અને પાણી પુરવઠા રાજ્યમંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલ, મહાનુભાવો તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતાં.



આ મહાઅભિયાન તા. ૩૧ મે ૨૦૨૬ સુધી યોજાશે જે અંતર્ગત તાલુકા દીઠ ૧૦ તળાવો ઊંડાં કરવા સહિત પાણીના સંગ્રહ માટેની વ્યવસ્થાઓ વધુ સુદૃઢ કરીને ભૂગર્ભ જળસ્તર ઊંચા લાવવાના અને વરસાદી પાણીના સંગ્રહનાં કામો હાથ ધરવામાં આવશે.

રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૧૮થી દર વર્ષે આ મહત્ત્વપૂર્ણ અભિયાન એક ઝુંબેશ સ્વરૂપે હાથ ધરાય છે. વર્ષ ૨૦૧૮ થી વર્ષ ૨૦૨૫ના ૮ વર્ષ દરમિયાન ૧,૨૨,૨૯૯ કામો હાથ ધરવામાં આવ્યા હતા. જેના પરિણામે રાજ્યની જળસંગ્રહ ક્ષમતામાં કુલ ૧,૩૯,૯૫૯ લાખ ઘન ફૂટ જેટલો વધારો થયો છે અને ૨૧૦ લાખ માનવદિનની રોજગારી ઊભી થઈ છે.

## વિધાનસભામાં ગુંજ્યું વંદે માતરમ્‌ના ૧૫૦ વર્ષનું ગૌરવ



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વંદે માતરમ્ ગાનના ૧૫૦ વર્ષની ઉજવણીના ગૌરવ અવસરને વધાવવાનો સંકલ્પ ગુજરાત વિધાનસભા ગૃહમાં પ્રસ્તુત કરતાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી દેશભરમાં જે ગીતની રચનાના ૧૫૦ વર્ષની ઉજવણી થઈ રહી છે તે વંદે માતરમ્‌ની દરેક પંક્તિમાં ભારતમાતાનું અર્થપૂર્ણ ભક્તિગાન છે.

મુખ્યમંત્રીશ્રીએ વંદે માતરમ્ ગીતની રચનાથી લઈને ૧૯૫૦માં બંધારણ સભાએ આ ગીતને "જન ગણ મન" રાષ્ટ્ર ગીતની સમાન દરજ્જો આપ્યો ત્યાં સુધીના રોમાંચક ઈતિહાસની વિસ્તૃત ભૂમિકા આપી હતી. વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં વિરાસતોના સન્માન સાથે હર ઘર તિરંગા, મારો દેશ-મારી માટી, હર ઘર સ્વદેશી - ઘર ઘર સ્વદેશી જેવાં અભિયાનો અને વંદે માતરમ્‌ની ૧૫૦મી ઉજવણીથી રાષ્ટ્રીય ચેતના વધુ પ્રબળ બની છે તેમ પણ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યુ હતું.

"વંદે માતરમ્ એ ગાન નથી આપણી આન, બાન અને શાન છે. આઝાદીના મહાયજ્ઞની આહુતિ છે. રાષ્ટ્રભક્તિની આહાલેક છે. વિકાસની સતત ધબકતી અણનમ ઓળખ છે. પ્રજાજીવનની દરેક પ્રભાતની પ્રબુદ્ધ ચેતનાનો સ્વર છે" એવી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પોતાની એક કાવ્યરચનામાં વ્યક્ત કરેલી વંદે માતરમ્ પ્રત્યેની અટલ શ્રદ્ધા અને રાષ્ટ્ર ભાવનાનું પણ ગૌરવસહ સ્મરણ મુખ્યમંત્રીશ્રીએ સભાગૃહમાં સભ્યોના વંદે માતરમ્‌ના નારાના ગુંજારવ સાથે કર્યું હતું.

# સાબરમતી આશ્રમનું નવીનીકરણ



સાબરમતીના સંત, વૈશ્વિક ચેતના એવા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના સાબરમતી આશ્રમના નવીનીકરણનું કાર્ય પ્રગતિ હેઠળ છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને સાબરમતી આશ્રમ મેમોરિયલ ટ્રસ્ટની ગવર્નિંગ કાઉન્સિલની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં નાયબ મુખ્યમંત્રીશ્રી અને કાઉન્સિલના વાઈસ ચૅરમૅન શ્રી હર્ષ સંઘવી ઉપસ્થિત રહ્યા હતા.

આ સંદર્ભમાં સાબરમતી આશ્રમમાં હાથ ધરાઈ રહેલાં વિવિધ કામોની પ્રગતિની સમીક્ષા કરવામાં આવી હતી. એક્ઝિક્યુટિવ કાઉન્સિલના ચૅરમૅન શ્રી આઇ.પી ગૌતમે વિસ્તૃત પ્રેઝન્ટેશન દ્વારા આ કામગીરીની સર્વગ્રાહી પ્રગતિનો ચિતાર આપ્યો હતો, જે અંતર્ગત ૨૮ જેટલાં મકાનોના રિસ્ટોરેશનની કામગીરીમાંથી ૨૨ (બાવીસ)ની કામગીરી પૂર્ણ થઈ છે ઉપરાંત સમગ્ર રિસ્ટોરેશનની કામગીરી માર્ચ-૨૬ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે તેવી જાણકારી આપી હતી. આ નવીનીકરણમાં ગ્રીન ગ્રોથને અગ્રતા આપવાના વડાપ્રધાનશ્રીના દિશાનિર્દેશો અનુસાર ૯૮ હજાર જેટલાં નાનાં-મોટાં ઝાડ-છોડ રોપવામાં આવ્યાં છે અને માર્ચ-૨૬ સુધીમાં વધુ ૧૬ હજાર પ્લાન્ટેશનની કાર્યવાહી થઈ રહી છે. બાપુના શ્રમદાનના વિચારને આશ્રમની પ્રવૃત્તિઓ સાથે જોડીને આશ્રમની મુલાકાતે આવનારા મુલાકાતીઓ ખાસ કરીને યુવાઓ વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓમાં સહભાગી થઈ શકે તે દિશામાં પણ આ બેઠકમાં વિસ્તૃત ચર્ચા - પરામર્શ થયાં હતાં.

# ‘હર હર મહાદેવ’ના નાદ વચ્ચે ભવનાથમાં ભક્તિનો મહાકુંભ



ગરવા ગિરનારની પવિત્ર તળેટીમાં ભવનાથ મહાદેવના સાંનિધ્યમાં યોજાતો’ મહાશિવરાત્રી મહામેળો’ આસ્થા, અધ્યાત્મ અને લોકસંસ્કૃતિનો મહાકુંભ છે. આ વર્ષે મેળામાં સાધુ-સંતોની નગરપ્રવેશ યાત્રા, ઐતિહાસિક ડમરુ યાત્રા, મહાઆરતી અને સાંસ્કૃતિક કાર્યક્રમો સાથે ભવ્યતાનો અનોખો સંગમ સર્જાયો હતો.

ભવનાથ મંદિરમાં ધ્વજારોહણ સાથે મહાશિવરાત્રી મેળાનો શુભારંભ થયો હતો. મહાશિવરાત્રિના દિવસે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ભવનાથ મહાદેવનાં દર્શન કરી પૂજા-અર્ચના કરી સાધુ-સંતોના આશીર્વાદ લીધા હતા. આ પ્રસંગે ઊર્જા રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયા હાજર રહ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ અખંડ ધૂણી અને મૃગીકુંડના દર્શન કરીને ભાવિકો સાથે સહજ સંવાદ સાધ્યો હતો.

મહામેળાના પ્રથમ દિવસે ઐતિહાસિક ડમરુ યાત્રાએ આકર્ષણ જમાવ્યું હતું. નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી ગિરનાર દરવાજાથી ખુલ્લા પગે આશરે ૩.૫ કિ.મી. ચાલીને ભવનાથ મંદિરે પહોંચ્યા અને મહાઆરતીમાં જોડાયા હતા. તેઓએ ભવનાથ મંદિરની વેબસાઈટ લોન્ચ કરી અદ્યતન સીસીટીવી કૅમેરા પ્રોજેક્ટનું લોકાર્પણ પણ કર્યું હતું. આ ઉપરાંત નાણા રાજ્યમંત્રી કમલેશભાઈ પટેલે ભવનાથ મહાદેવ મંદિરના દર્શન કરી સ્વયંસેવકોને બિરદાવ્યા હતા. ગાયિકા મૈથિલી ઠાકુર સહિતના કલાકારોની રજૂઆતોને ભાવિકોએ ઉત્સાહપૂર્વક માણી હતી. આ મેળાના સુચારુ આયોજન અને સંચાલન માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વિભિન્ન વ્યવસ્થાઓ સાથે માઈક્રો પ્લાનિંગ કરવામાં આવ્યું હતું. “ઓમ નમઃ શિવાય”ના જયઘોષથી ગિરનાર તળેટી ગુંજી ઊઠી હતી.



# ગુજરાત સાથે વિવિધ ક્ષેત્રે સંબંધો વધારવા ઝિમ્બાબ્વિયન ડેલિગેશન ઉત્સુક



ભારત, નેપાળ અને શ્રીલંકા તથા માલદીવ્સના ઝિમ્બાબ્વિયન એમ્બેસેડર સુ.શ્રી. સ્ટેલા નકોમો અને ઇન્ડસ્ટ્રી એન્ડ કૉમર્સના ડેપ્યુટી મિનિસ્ટર શ્રી રાજેન્દ્ર કુમાર મોદી અને ડેલિગેશને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સૌજન્ય મુલાકાત લીધી હતી. અમદાવાદમાં આયોજિત સૌરાષ્ટ્ર વેપાર ઉદ્યોગ મંડળના ૧૨મા ટ્રેડ-શોમાં સહભાગી થવા આ આંતરરાષ્ટ્રીય ડેલિગેશન ગુજરાત આવ્યું હતું.

આ મુલાકાતમાં ઝિમ્બાબ્વેના સ્મોલ એન્ડ મીડિયમ એન્ટરપ્રાઇઝ ક્ષેત્રને ગુજરાતના SME સેક્ટરની સ્કિલ અને એક્સપર્ટિઝનો સહયોગ મળે તે અંગે ફળદાયી ચર્ચા કરવામાં આવી હતી. ઝિમ્બાબ્વેના એમ્બેસેડરશ્રી અને ડેપ્યુટી મિનિસ્ટરશ્રીએ જણાવ્યું હતું કે, ગુજરાત મેન્યુફેક્ચરિંગ હબ, ઑટો હબ અને ઊભરતા ક્ષેત્ર એવા સેમિકન્ડક્ટરમાં પણ હબ બનવાની સાથે MSME સેક્ટર અને શિક્ષણમાં પણ અગ્રેસર છે તેનો લાભ લેવા ઝિમ્બાબ્વે ઉત્સુક છે.

મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતના MSMEની આ વિદ્વતાનો લાભ ઝિમ્બાબ્વેને મળી રહે તે માટે તેમના SME સેક્ટરના પૉટેન્શિયલ અને સ્કિલ ડેવલપમેન્ટ તથા ટ્રેનિંગમાં સંયુક્ત રીતે આગળ વધવા માટે તત્પરતા વ્યક્ત કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ ઝિમ્બાબ્વેને આગામી વાઈબ્રન્ટ સમિટ-૨૦૨૭ અને વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કૉન્ફરન્સની કડીમાં સહભાગી થવા માટેનું આમંત્રણ પાઠવ્યું હતું.

# ગુજરાત સાથે ઔદ્યોગિક ક્ષેત્રે ભાગીદારી માટે શ્રીલંકા તત્પર



ભારત અને શ્રીલંકાના સંબંધો વધુ સુદૃઢ થયા છે તેમજ બે દેશો વચ્ચે લાંબા ગાળાના ઐતિહાસિક અને સાંસ્કૃતિક સંબંધોને વધુ ગતિ મળી છે. તાજેતરમાં શ્રીલંકાના શાસક પક્ષ જનતા વિમુક્તી પેરામુનાના જનરલ સેક્રેટરી શ્રી ટિલ્વિન સિલ્વા અને પ્રતિનિધિમંડળ તેમજ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ વચ્ચે મહત્ત્વની બેઠક યોજાઈ હતી.

ગુજરાત પૉલિસી ડ્રિવન સ્ટેટ છે ત્યારે વિવિધ સેક્ટર્સની પૉલિસીઝનો લાભ શ્રીલંકા લઈ શકે તે માટે મુખ્યમંત્રીશ્રીએ પરસ્પર સંકલનની હિમાયત કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ વાઈબ્રન્ટ સમિટ ૨૦૨૭માં શ્રીલંકાને પાર્ટનર કન્ટ્રી તરીકે જોડાવાનું આમંત્રણ પાઠવ્યું હતું. શ્રીલંકાના કોલંબોમાં યોજાયેલા પ્રદર્શન માટે ગુજરાતે ભગવાન બુદ્ધના પવિત્ર અવશેષો (રિલિક્સ) આપ્યા તે બદલ જે.વી.પી.ના જનરલ સેક્રેટરીશ્રીએ કેન્દ્ર અને રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો. ભારતે હંમેશાં શ્રીલંકાને ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ સહિતની મદદની તત્પરતા દર્શાવી છે તે બદલ શ્રીયુત ટિલ્વિન સિલ્વાએ કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી.

તેમણે ગુજરાત-શ્રીલંકાની ઔદ્યોગિક ક્ષેત્રે ભાગીદારી અંગે પણ ઉત્સુકતા દર્શાવી હતી અને અમૂલની તેમના સહકાર ક્ષેત્ર સહિતના વિવિધ ક્ષેત્રમાં ગુજરાત પાસેથી એક્સપર્ટાઇઝ અને નોલેજ શેરિંગ વિશે જાણવામાં ઊંડો રસ દાખવ્યો હતો.

# વાઇબ્રન્ટ ગુજરાત સમિટ માટે ઇંગ્લેન્ડના પ્રતિનિધિમંડળને આમંત્રણ



ઈંગ્લેન્ડના વેસ્ટ મિડલેન્ડ કમ્બાઇન્ડ ઓથોરિટીના વેસ્ટ મિડલેન્ડના મેયરશ્રી રિચાર્ડ પાર્કર અને હાઈલેવલ ડેલિગેશને ગાંધીનગરમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સૌજન્ય મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન ડેલિગેશનના સભ્યોએ ખાસ કરીને હાયર એજ્યુકેશન-ગ્રીન ઈકોનોમી અને EV, સ્કિલ ડેવલપમેન્ટ, એ.આઈ., એડવાન્સ મેન્યુફેક્ચરિંગ જેવાં વિવિધ ક્ષેત્રોમાં સહયોગની તત્પરતા વ્યક્ત કરી હતી. તેમણે મુખ્યમંત્રીશ્રી સાથે ગુજરાતમાં ૨૦૩૦માં યોજનારી કૉમનવૅલ્થ ગેઇમ્સ માટે સ્પોર્ટ્સ ઈકોસિસ્ટિમ અને સ્પોર્ટ્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચરના નિર્માણમાં યુ.કે.ની ભાગીદારી અંગે ચર્ચાઓ કરી હતી તેમજ મુખ્યમંત્રીશ્રી અને ગુજરાતના ઉચ્ચસ્તરીય પ્રતિનિધિ મંડળને વેસ્ટ મિડલેન્ડની મુલાકાતે આવવાનું આમંત્રણ પાઠવ્યું હતું. આ બેઠકમાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, વર્ષ ૨૦૦૩ની વાઇબ્રન્ટ સમિટથી ગુજરાત ગ્લોબલ ડેસ્ટિનેશન ફોર ઇન્વેસ્ટમેન્ટ બન્યું છે. ગુજરાતે પૉલિસી ડ્રીવન સ્ટેટ તરીકે વિવિધ પૉલિસીઝ મેકિંગથી સેક્ટર સ્પેસીફિક ગ્રોથેનું વિઝન અપનાવ્યું છે. વિકસિત ભારત ૨૦૪૭ના વડાપ્રધાનશ્રીના લક્ષ્યમાં પણ ગુજરાત ગ્રીન ગ્રોથ સહિતના ઊભરતાં ક્ષેત્રોથી લીડ લેવા સજ્જ છે. મુખ્યમંત્રીશ્રીએ ગુજરાત સરકાર અને વેસ્ટમિડલેન્ડના અધિકારીઓની એક જોઈન્ટ વર્કિંગ ગ્રૂપ બનાવવા તથા એ માટેના સંપર્ક સૂત્ર તરીકે ઇન્ડેક્સ્ટ-બીને નોડલ એજન્સી નિયુક્ત કરવાનું સૂચન કર્યું હતું તેમજ આગામી વાઇબ્રન્ટ ગુજરાત સમિટમાં જોડાવાનું ડેલિગેશનને આમંત્રણ આપ્યું હતું.

## ડેક્લેરેશન

| | | |
|---|---|---|
| ૧. | પ્રકાશનનું નામ | ગુજરાત |
| ૨. | પ્રકાશન સ્થળ | માહિતી કમિશનરશ્રીની કચેરી, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦ |
| ૩. | પ્રકાશનની સામયિકતા | પાક્ષિક |
| ૪. | મુદ્રકનું નામ | સરકારી ફોટો લિથો પ્રેસ, અમદાવાદ |
| ૫. | રાષ્ટ્રિયતા | ભારતીય |
| ૬. | સરનામું | સરકારી ફોટો લિથો પ્રેસ, દુધેશ્વર, અમદાવાદ |
| ૭. | પ્રકાશકનું નામ | માહિતી કમિશનરશ્રી, ગુજરાત સરકાર |
| ૮. | રાષ્ટ્રિયતા | ભારતીય |
| ૯. | સરનામું | માહિતી કમિશનરશ્રીની કચેરી, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦ |
| ૧૦. | તંત્રીનું નામ | શ્રી કે. એલ. બચાણી |
| ૧૧. | રાષ્ટ્રિયતા | ભારતીય |
| ૧૨. | સરનામું | માહિતી કમિશનરશ્રીની કચેરી, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦ |
| ૧૩. | માલિકનું નામ | ગુજરાત સરકાર, માહિતી ખાતું |
| ૧૪. | સરનામું | માહિતી કમિશનરશ્રીની કચેરી, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦ |

હું કે. એલ. બચાણી, માહિતી કમિશનર આથી જાહેર કરું છું કે, ઉપર જણાવેલ તમામ હકીકતો મારી જાણ અને માન્યતા મુજબ સાચી છે. સરનામું : માહિતી કમિશનરશ્રીની કચેરી, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦

- કે. એલ. બચાણી, માહિતી કમિશનર

# બજેટની નવી યોજનાઓના અમલીકરણની સૂચના

રાજ્યનું અંદાજપત્ર રાજ્યના લોકોના જીવનધોરણને અને વિકાસને ખૂબ નજીકથી સ્પર્શતી બાબત છે. આથી જ બજેટમાં રજૂ થયેલી વર્તમાન અને નવી યોજનાઓ માટેના ડ્રાફ્ટ જીઆર, ડ્રાફ્ટ ટેન્ડર અને અન્ય વહીવટી પ્રક્રિયા વહેલામાં વહેલી તકે શરૂ કરવા તેમજ બજેટ મંજૂર થતાંની સાથે જ દરેક યોજનાનું ત્વરિત અમલીકરણ થાય જેથી જનતાને આ યોજનાઓનો ખૂબ ઝડપથી લાભ મળતો થાય તે માટે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે મંત્રીમંડળની બેઠકમાં તમામ વિભાગોને સ્પષ્ટ સૂચનાઓ આપી હતી. મુખ્યમંત્રીશ્રીએ એક મહત્ત્વપૂર્ણ વહીવટી સુધારણા સૂચવતા બેઠકમાં મુખ્ય સચિવશ્રીને સૂચના આપી હતી કે, વર્તમાન અને નવી બાબતોનું અમલીકરણ કરવાની પૂર્વ તૈયારીઓ શરૂ કરી દેવી જોઈએ. આ ઉપરાંત ભારત સરકાર અને ગુજરાત સરકારની વિવિધ યોજનાઓની તુલના અને સમીક્ષા કરવી અને તેમાં જો કોઈ ત્રુટી હોય તો તેને ઝડપથી દૂર કરવા તેમણે દરેક વિભાગના સચિવશ્રીઓને આદેશ આપ્યા.

# 'શતાબ્દી શિક્ષા મહોત્સવ'ની ભવ્ય ઉજવણી



પ્રત્યેક સભ્યસમાજનો પાયો શિક્ષણ હોય છે. અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન દ્વારા સંચાલિત શહેરની શિક્ષણયાત્રાએ 'શતાબ્દી' પૂર્ણ કરી છે. અમદાવાદ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિનાં ૧૦૦ વર્ષ પૂર્ણ થવાના અવસરે 'શતાબ્દી શિક્ષા મહોત્સવ'નું ભવ્ય આયોજન થયું હતું. આ કાર્યક્રમ અંતર્ગત શહેરના નવનિર્મિત સ્કૂલ બોર્ડ ભવન, ૧૫ સ્માર્ટ અનુપમ શાળાઓનું ઇ-લોકાર્પણ, ૧૦૦ શ્રેષ્ઠ શાળાઓ તથા શિક્ષકોના ઍવૉર્ડ વિતરણનો કાર્યક્રમ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને સંપન્ન થયો. તેમણે વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરેલી કૃતિઓ નિહાળી બાળકની કલાને બિરદાવી હતી. પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ સાથે સીધો સંવાદ કરીને તેમનો ઉત્સાહ વધાર્યો હતો.

અમદાવાદ સ્કૂલ બોર્ડ સાથે વાઇસ ચૅરમૅન તરીકેના દિવસો યાદ કરતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આપણા સમર્પિત શિક્ષકો જ્ઞાન પીરસવાની સાથે-સાથે વિદ્યાર્થીઓના ઘર સુધી પહોંચી તેમની વ્યક્તિગત કાળજી લે છે એ ખરેખર બિરદાવવાલાયક છે. શિક્ષકોની નિષ્ઠાનું આ પરિણામ છે કે આજે સરકારી શાળાઓ વિશેની જૂની માન્યતાઓ બદલાઈ છે અને ખાનગી શાળાઓ છોડીને ૫૬ હજારથી વધુ વિદ્યાર્થીઓએ સ્કૂલ બોર્ડની સ્માર્ટ શાળાઓમાં પ્રવેશ મેળવ્યો છે.

આ કાર્યક્રમમાં શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમનભાઈ વાજા અને શિક્ષણ રાજ્યમંત્રી શ્રીમતી રિવાબા જાડેજા તેમજ શહેરી વિકાસ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબહેન વાઘેલા ઉપસ્થિત રહ્યાં હતાં.

# અમદાવાદમાં ઇ-બસ પ્રોજેક્ટ ગ્રીન મોબિલિટીનો નવો અધ્યાય






ગુજરાત તેની આંતરમાળખાકીય સવલતો દ્વારા દેશભરમાં જાણીતું છે. સમગ્ર દેશમાં અન્ય રાજ્યોની સરખામણીમાં ગુજરાત તેના ઇન્ફ્રાસ્ટ્રક્ચર માટે જાણીતું થયું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નાગરિક કલ્યાણલક્ષી નેતૃત્વમાં રાજ્ય સરકાર સતત શ્રેષ્ઠથી શ્રેષ્ઠતમ સેવાઓ પૂરી પાડવા કટિબદ્ધ છે. આ કટિબદ્ધતાને પ્રતિબિંબિત કરતાં મુખ્યમંત્રીશ્રી દ્વારા અમદાવાદ મહાનગરની જીવાદોરી સમાન અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ (AMTS)ના કાફલામાં ૨૮ નવી અત્યાધુનિક ઇલેક્ટ્રિક બસોનું લોકાર્પણ કરવામાં આવ્યું.

લોકાર્પિત થયેલી આ ઇ-બસોમાં મુસાફરોની સુરક્ષા અને સલામતી બાબતે વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે. દેશમાં પ્રથમ વખત ઇલેક્ટ્રિક બસોમાં ફરજિયાત સાયબર સિક્યૉરિટી અને સેફ્ટી ઑડિટ અમલમાં મૂકવામાં આવ્યાં છે. દરેક બસમાં 'ફાયર ડિટેક્શન એન્ડ સપ્રેસન સિસ્ટિમ' (FDSS) કાર્યરત કરીને પ્રવાસીઓની સુરક્ષા પ્રત્યે વિશેષ કાળજી રાખવામાં આવી છે.

અમદાવાદ શહેરના રસ્તા પર દોડતી AMTSની બસોના કાફલામાં ૨૨૫ નવી ઇ-બસોનો ઉમેરો થયો છે જેથી શહેરીજનોને વધુ સુવિધાજનક અને ગ્રીન પરિવહન પ્રાપ્ત થશે. આ ૨૨૫ ઇ-બસોના સંચાલનથી દર વર્ષે અંદાજે ૭૫૦૦૦ કિલોગ્રામ કાર્બનડાયૉક્સાઇડના ઉત્સર્જનમાં ઘટાડો થશે. આ પ્રોજેક્ટ દેશના સૌથી ઝડપી અમલીકરણ ધરાવતા પ્રોજેક્ટ્સમાંનો એક છે, જેમાં સંપૂર્ણ ટેન્ડર પ્રક્રિયા ૬ માસમાં પૂર્ણ કરી માત્ર ત્રણ જ માસમાં બસોની ડિલિવરી સુનિશ્ચિત કરવામાં આવી અને લોકોની સેવામાં લોકાર્પિત કરવામાં આવી.



**વિમોચન :** મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અમદાવાદમાં શ્રી ઉદય માહુરકર લિખિત અને નવભારત સાહિત્ય મંદિર દ્વારા પ્રકાશિત 'મારી રાષ્ટ્ર પ્રથમની કલ્પના' પુસ્તકનું વિમોચન કર્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ વિદેશ પ્રવાસ દરમિયાન માતૃભાષામાં વ્યક્ત થયેલા ગૌરવના અનુભવનો ઉલ્લેખ કરતાં કહ્યું કે, પોતાની ભાષા અને સંસ્કૃતિ જ રાષ્ટ્રીય ઓળખનું મૂળ છે. કાર્યક્રમમાં પૂ. જ્ઞાનવત્સલ સ્વામીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. લેખકે પુસ્તકના વિષયવસ્તુ અંગે પ્રાથમિક માહિતી આપી હતી. આ પ્રસંગે પૂર્વ મંત્રીશ્રીઓ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા તેમજ શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, ધારાસભ્યશ્રીઓ, સાહિત્યકારો તથા સાહિત્યરસિક ઉપસ્થિત રહ્યા હતા..



**અનુદાન :** મહાશિવરાત્રીએ ગીર-સોમનાથમાં ભક્તિ અને સેવાનો અનોખો સુભગ સંયોગ રચાયો હતો. સોમનાથ ટ્રસ્ટ દ્વારા સોમનાથ દાદાના દર્શને આવેલો "કોઈ ભક્ત ભૂખ્યો ન જાય"ના ધ્યેયને સાર્થક કરવા નિ:શુલ્ક ભોજનપ્રસાદ સેવાની શરૂઆત કરવામાં આવી હતી. મહાશિવરાત્રીના પાવન અવસરે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી જે.ડી. પરમાર, સેક્રેટરી શ્રી યોગેન્દ્ર દેસાઈ અને જનરલ મૅનેજર શ્રી ચાવડાએ ભંડારામાં યોગદાન આપી રૂ. ૧.૦૮ કરોડનો ચૅક ગીર-સોમનાથ જિલ્લા વહીવટી તંત્રને અર્પણ કર્યો હતો.



**માતૃભાષા :** વિશ્વ માતૃભાષા દિવસની નિમિત્તે ગાંધીનગરમાં ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં 'માતૃભાષા મહોત્સવ'નું આયોજન કરાયું હતું, જેમાં રમતગમત, યુવક સેવાઓ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના રાજ્યમંત્રી શ્રી ડૉ. જયરામભાઈ ગામીત પણ હાજર રહ્યા હતા. આ અવસરે મુખ્યમંત્રીશ્રીએ ૨૦૨૪ના વર્ષ માટેનો 'સાહિત્ય ગૌરવ પુરસ્કાર' ગુજરાતી ભાષા માટે શ્રી પ્રવીણ દરજીને તથા કચ્છી ભાષા માટે શ્રી માવજી મહેશ્વરીને તેમજ 'યુવા ગૌરવ પુરસ્કાર' શ્રી અજય સોની અને શ્રી દીપક નંદાને આપી સન્માનિત કરવામાં કર્યા હતા.

# અદ્યતન ટૅક્નોલૉજી સાથે ગુજરાત પોલીસને મળશે નવું બળ







ગુજરાત રાજ્યની સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત અને આધુનિક બનાવવાની દિશામાં મહત્ત્વપૂર્ણ પગલું ભરતાં, અમદાવાદમાં અંદાજે રૂ. ૨૦૨.૮૫ કરોડના વિવિધ પોલીસ પ્રકલ્પોનું નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ વર્ચ્યુઅલ ખાતમુહૂર્ત કર્યું હતું.

આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રીશ્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, અદ્યતન ટૅક્નોલૉજી અને આધુનિક સાધનો સાથે ગુજરાત પોલીસ રાષ્ટ્રીય સુરક્ષામાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપી રહી છે. ATS માત્ર હથિયારધારી દળ નહીં પરંતુ સાડા છ કરોડ ગુજરાતીઓની સુરક્ષા અને વિશ્વાસનું કેન્દ્ર છે.

મહાનુભાવોએ ગુજરાત પોલીસનાં આધુનિક હથિયારો અને મરીન કમાન્ડો ફોર્સનાં અત્યાધુનિક સંસાધનોના પ્રદર્શનની મુલાકાત લીધી હતી. કાર્યક્રમ દરમિયાન ATSની કામગીરી અને સિદ્ધિઓ પર આધારિત વિશેષ શોર્ટ ફિલ્મ પણ રજૂ કરવામાં આવી હતી.

આ પ્રસંગે શહેરી વિકાસ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબહેન વાઘેલા, નાણાં અને પોલીસ હાઉસિંગ રાજ્યમંત્રીશ્રી કમલેશભાઈ પટેલ તેમજ રાજ્ય પોલીસ વડા (DGP) શ્રી કે.એલ.એન. રાવ સહિતના મહાનુભાવો તથા પોલીસ પરિવારોનાં સભ્યો ઉપસ્થિત રહ્યાં હતાં.

***આ પ્રકલ્પોમાં અમદાવાદના છારોડીમાં ATS બિલ્ડિંગ, બોડકદેવમાં અર્બન પોલીસ સ્ટેશન, અમરાઈવાડી પોલીસલાઈન ખાતે પોલીસ આવાસ અને PSI ક્વાર્ટર્સ, કાગડાપીઠમાં પોલીસ આવાસ તેમજ સૈજપુર બોઘા ખાતે ડૉગ કૅનાલ તથા ટ્રેનિંગ ઑફિસ અને SRP ગ્રૂપ-૨ના બંગલાનાં કામોનો સમાવેશ થાય છે.***

# ભાવનગરમાં વિકાસ, સેવા અને સંસ્કૃતિનો સંગમ

ભાવનગરમાં વિકાસકાર્યો, ધાર્મિક સમારોહનો સમન્વય થયો હતો. જેમાં ભાવનગરના સર્વાંગી વિકાસને નવી દિશા આપતાં રૂ. ૫૦૯.૨૩ કરોડના વિવિધ વિકાસકામો હાથ ધરાયાં હતાં. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ રૂ. ૧૪૦.૮૩ કરોડનાં ૩૫ કામોનાં ખાતમુહૂર્ત કર્યાં હતાં અને રૂ. ૩૬૮.૪૦ કરોડના એક કાર્યનું લોકાર્પણ કર્યું હતું.

આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકારની PM e-Bus Seva યોજના હેઠળ ભાવનગરને ૫૦ ઇલેક્ટ્રિક બસો ફાળવાઈ છે અને અધેવાડા ખાતે આધુનિક ડેપો તૈયાર થયો છે. ફેઝ-૨માં ઈ-બસ સેવા શરૂ કરનાર ગુજરાતનું પ્રથમ શહેર બનવાનું ગૌરવ ભાવનગરને મળ્યું છે.



મહાશિવરાત્રી નિમિત્તે પાલિતાણાના નાનીમાળ ગામે કૈલાસધામ મંદિર આશ્રમ ખાતે ૧૨ જ્યોતિર્લિંગ સહિત ૧૭ મંદિરોના જીર્ણોદ્ધાર સમારોહમાં પણ નાયબ મુખ્યમંત્રીશ્રી સાથે કેન્દ્રીય રાજ્યમંત્રી શ્રીમતી નિમુબહેન બાંભણિયા, કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી તથા મત્સ્યોદ્યોગ રાજ્યમંત્રીશ્રી પરસોત્તમભાઈ સોલંકી હાજર રહ્યા હતા. ઉપરાંત નાયબ મુખ્યમંત્રીશ્રી અને કાયદા રાજ્ય મંત્રીશ્રી કૌશિકભાઈ વેકરીયા સહિતના મહાનુભાવોએ 'ચૅરિટી ભવન'નું ખાતમુહૂર્ત કર્યું હતું તેમજ રત્નકલાકારોનાં બાળકોને શૈક્ષણિક સહાયનું વિતરણ કર્યું હતું. સાથે જ નક્સલ વિરોધી અભિયાનમાં શહીદ થયેલા જવાન મેહુલભાઈ સોલંકીને શ્રદ્ધાંજલિ આપી તેમના પરિવારને રૂ. ૧ કરોડની સહાય અર્પણ કરવામાં આવી હતી.

# માતા-પિતા લગ્નનોંધણીની પ્રક્રિયામાં સામેલ

ગુજરાત વિધાનસભા ગૃહમાં નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ નિયમ ૪૪ હેઠળ એક અત્યંત મહત્ત્વપૂર્ણ અને સંવેદનશીલ બાબત પર નિવેદન આપ્યું હતું. રાજ્યમાં દીકરીઓની સુરક્ષા અને સામાજિક માળખાને જાળવી રાખવા માટે સરકાર 'ગુજરાત મૅરેજ રજિસ્ટ્રેશન એક્ટ ૨૦૦૬'ના નિયમોમાં રહેલી લગ્નનોંધણીની પ્રક્રિયામાં ધરખમ સુધારા કરવા જઈ રહી છે. આ સુધારા અંતર્ગત હવે લગ્ન નોંધણી પ્રક્રિયામાં માતા-પિતાને સામેલ કરવામાં આવ્યાં છે.

લગ્ન નોંધણીમાં 'છળકપટ' રોકવા માટે લાવવામાં આવેલા આ સુધારાઓ અંગે નાયબ મુખ્યમંત્રીશ્રીએ ગૃહમાં વેદના સાથે જણાવ્યું હતું કે, રાજ્યમાં લગ્નનોંધણી પ્રક્રિયાનો કેટલીક છટકબારીને કારણે દુરુપયોગ થઈ રહ્યો છે. નવા સૂચિત નિયમોની મુખ્ય વિશેષતાઓ અંગે તેમણે જણાવ્યું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં ગુજરાત સરકાર દીકરીઓના સુરક્ષા કવચ સમાન જે ફેરફારો લાવી રહી છે તેમાં મુખ્યત્વે માતા-પિતાની સામેલગીરી છે. લગ્નની નોંધણી વખતે હવે માતા-પિતાને જાણ કરવામાં આવશે અને તે માટે એક અલગથી પોર્ટલ પણ બનાવવામાં આવશે. આ નવા નિયમો અંગે રાજ્યના નાગરિકો પાસેથી ૩૦ દિવસ સુધી વાંધા અને સૂચનો મંગાવવામાં આવશે. એક કમિટીની રચના કરવામાં આવશે, જે બંધારણીય મર્યાદામાં રહીને યોગ્ય સૂચનો ધ્યાને લઈ તેનો અમલ કરશે.

આ સરકાર દરેક દીકરીના સન્માનની અને આપણી સનાતન પરંપરાની રક્ષક છે. સનાતન પરંપરા અને ભારતની લગ્ન વ્યવસ્થાને બચાવવા માટે મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ ગુજરાત સરકાર કટિબદ્ધ છે. રાજ્યની અનેક સામાજિક સંસ્થાઓ સાથે છેલ્લા ત્રણ મહિનામાં કાયદા અને ન્યાય વિભાગના રાજ્યમંત્રી શ્રી કૌશિકભાઈ વેકરિયાએ પણ ૩૦ જેટલી બેઠકો યોજ્યા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે.

## રાજ્યભરમાં તુવેરની ટેકાના ભાવે ખરીદી

**નિર્ણય :** ખેડૂતોના આર્થિક રક્ષણ માટે તેમની ખેત પેદાશોના પોષણક્ષમ ભાવ મળી રહે તે હેતુથી ભારત સરકાર દ્વારા ટેકાના ભાવ જાહેર કરીને ઉત્પાદનોની ખરીદી કરવામાં આવે છે. વિધાનસભા સત્ર દરમિયાન રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં રાજ્યભરમાં તુવેરની ટેકાના ભાવે ખરીદી શરૂ કરવા નિર્ણય લેવામાં આવ્યો હતો.

**ટેકાના ભાવની જાહેરાત :** વાવેતર શરૂ થયા પહેલા જ ભારત સરકારે વર્ષ ૨૦૨૫-૨૬ માટે તુવેરનો ટેકાનો ભાવ રૂ. ૮,૦૦૦ પ્રતિ ક્વિન્ટલ (રૂ. ૧,૬૦૦ પ્રતિ મણ) જાહેર કરતા રાજ્યના ખેડૂતો દ્વારા તુવેરનું પુષ્કળ વાવેતર કરવામાં આવ્યું છે. તુવેરના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે નોંધણી કરાવનાર ૧.૩૩ લાખથી વધુ ખેડૂતો પાસેથી આશરે ૧૩૦ ખરીદ કેન્દ્રો પરથી તુવેરની ટેકાના ભાવે ખરીદી કરાશે.

તુવેર પાકની ટેકાના ભાવે ખરીદી માટે નોંધણી કરાવેલા ખેડૂતોએ SMSથી ખરીદી માટેની અગાઉથી જાણ કરવામાં આવશે અને SMS મળ્યેથી ફાળવેલ ખરીદ કેંદ્ર ખાતે ખેડૂતોએ જથ્થા સાથે ઉપસ્થિત રહી આ યોજનાનો લાભ મેળવવા કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ અનુરોધ કર્યો છે.

## બોર્ડ-કોર્પોરેશનને જમીન ફાળવણીની ૨૩ દરખાસ્તોને મંજૂરી

**નિર્ણય :** રાજ્યના સર્વાંગી વિકાસને વેગ આપવા માટે રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં પાણી પુરવઠા, ઊર્જા અને બંદર વિકાસ માટે જમીન ફાળવણીની ૨૩ દરખાસ્તોને મંજૂરી આપવામાં આવી છે.

**જમીન ફાળવણી :** મહેસૂલ વિભાગ દ્વારા રાજ્યના વિવિધ જિલ્લાઓમાં પાણી પુરવઠા બોર્ડ, જેટકો (JETCO), ગુજરાત પાવર કૉર્પોરેશન અને મેરીટાઈમ બોર્ડ જેવાં સંસ્થાનોને વિવિધ વિકાસલક્ષી પ્રોજેક્ટ્સ માટે કુલ ૧,૨૨,૫૩,૦૯૬ ચો. મીટર જમીન ફાળવવામાં આવી છે. સૌથી વધુ ગુજરાત પાવર કૉર્પોરેશનને બનાસકાંઠાના રાધાનેસડા ખાતે અંદાજે ૧,૨૦,૬૦,૦૦૦ ચો.મી. જેટલી વિશાળ જમીન ફાળવવામાં આવી છે. ગુજરાત પાણી પુરવઠા બોર્ડને વિવિધ ૧૪ સ્થળોએ આશરે ૧,૩૬,૨૯૧ ચો.મી. જમીન ફાળવવામાં આવી છે. જ્યારે, જેટકો (JETCO)ને રાજ્યમાં વીજ માળખું મજબૂત કરવા માટે કુલ ૭ સ્થળોએ અંદાજે ૩૧,૦૧૦ ચો.મી. જમીન ફાળવવામાં આવી છે. આ ઉપરાંત, ગુજરાત મેરીટાઈમ બોર્ડને પણ મહુવાના કતપર ખાતે બંદર વિકાસ માટે ૨૫,૭૯૫ ચો.મી. જમીનની ફાળવણી કરવામાં આવી છે.

આ ઉપરાંત પાણી પુરવઠા બોર્ડને તાપી, મોરબી, ગીર સોમનાથ, છોટાઉદેપુર, કચ્છ, વલસાડ, અમદાવાદ, રાજકોટ અને બોટાદમાં જ્યારે, જેટકોને ગીર સોમનાથ, છોટા ઉદેપુર, પોરબંદર, વલસાડ, રાજકોટ અને સાબરકાંઠા જિલ્લામાં જમીનની ફાળવણી કરવામાં આવી છે.

**પરિણામ :** આ જમીન ફાળવણીથી રાજ્યમાં પીવાના પાણીની સુવિધા તેમજ વીજ પુરવઠાની ક્ષમતા વધશે. તદુપરાંત, રિન્યૂએબલ એનર્જી ક્ષેત્રે પણ ગુજરાત નવી ઊંચાઈઓ સર કરશે. આ નિર્ણયના પરિણામે ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં માળખાકીય સુવિધાઓ સુદૃઢ બનશે.

સંકલન સહયોગ : સમાચાર શાખા, ગાંધીનગર

# જી-આઇ ટૅગથી રાજકોટનાં પટોળાને મળી નવી ઓળખ

**રાજકુમાર / રાજ લક્કડ**



એક સમયે રાજવી પરિવારની શાન સમાન આકર્ષક નવરતન, માણેક ચોક, રંગબેરંગી હાથી, પોપટની કલાકૃતિ સાથેનાં પટોળાં હવે ફિલ્મ સ્ટાર્સ, એન.આર.આઈ. અને વિદેશી નાગરિકોના પરિધાનમાં પસંદગીનું સ્થાન ધરાવે છે. લગ્ન કે શુભ પ્રસંગે ભાતીગળ પટોળાં મહિલાઓની પ્રથમ પસંદગી રહી છે. રેશમી દોરામાંથી રંગબેરંગી ડિઝાઈન ધરાવતાં પટોળા કારીગરોના હાથવણાટનું સુંદર કૌશલ્ય છે. ૯૦૦ વર્ષ જૂની આ હસ્તકલાને આજના ટેક્નોલૉજિકલ-આધુનિક યુગમાં પણ જીવંત રાખવાનું કામ ગુજરાતનાં પાટણ, સુરેન્દ્રનગર અને રાજકોટ શહેરના કલાકારો દ્વારા કરવામાં આવે છે.

**પટોળાં કેવી રીતે તૈયાર થાય છે?**
પટોળાં બનાવતાં પહેલાં તેની ડિઝાઈન, જેમાં રંગબેરંગી પાન, ચંદ્ર, પતંગિયાં, હાથી, પોપટ, રંગોળી, લેરિયા સહિતની વિવિધ ભાત નક્કી થાય છે. સૌ પ્રથમ પટોળાનું રૉ મટીરિયલ એટલે મલબારી રેશમ જે ખાસ પ્રકારના કીડામાંથી તૈયાર કરવામાં આવે છે તેને બાંધવામાં આવે છે. ડિઝાઈન મુજબ તેમાં ગાંઠ બાંધી એક પછી એક કલર ચડાવવામાં આવે છે. ત્યારબાદ બધા તારને છૂટા પાડી રીલ તૈયાર કરી તેને વણાટ મશીન પર ચડાવવામાં આવે છે. ઊભા તાર માટે બેકગ્રાઉન્ડ કલરના તાર અને બોર્ડર માટે સોનેરી વરખના તાર સાથે વણાટકામ કરવામાં આવે છે, જેમાં સિંગલ ઈકત-ડબલ ઈકત એમ બે પ્રકારે મશીન પર તારનું વણાટ કરવામાં આવે છે.

**પટોળાંની ખાસિયત :** રાજકોટનાં સિંગલ ઈકત પટોળાં એ એક પરંપરાગત રીતે હાથવણાટની સાડી છે. આ સાડીઓ તેમની જટિલ ડિઝાઈન, વાઈબ્રન્ટ રંગો અને દોષરહિત વણાટ માટે જાણીતી છે. એક પટોળું તૈયાર કરતાં લગભગ ૩૦થી ૪૫ દિવસ જેટલો સમય લાગે છે. પટોળાં માત્ર રેશમના દોરામાંથી તૈયાર કરવામાં આવે છે, જેથી તેની ગુણવત્તા, મજબૂતાઈ અને ચમક જળવાઈ રહે. પટોળાંનું આયુષ્ય ૫૦ વર્ષથી પણ વધુ રહે છે. તેની આગવી ડિઝાઈન અને કલર કોમ્બિનેશનના કારણે તેની ખૂબસૂરતી વર્ષો સુધી અકબંધ રહે છે.

ધીરજ અને ખંત સાથે હાથવણાટની પટોળાં હસ્તકલા માત્ર ગુજરાતની જ નહીં, સમગ્ર ભારતની એક વિશિષ્ટ કલા છે. રાજકોટનાં પટોળાં ગૃહ-ઉદ્યોગના ૧૫૦થી વધુ પરિવારના ૭૦૦થી વધુ લોકો આ કલાને જીવંત રાખે છે. આધુનિક સમયમાં નવા કલેવર ડિઝાઈન સાથે બનતાં પટોળાંના વેચાણ માટે હવે નવી પેઢી ડિજિટલ માધ્યમનો સહારો પણ લઈ રહી છે. રાજકોટનાં પટોળાંને જી-આઇ ટૅગ પ્રાપ્ત થવાથી પટોળાંની વિશ્વસનીયતામાં વધારો થયો છે. રાજકોટના પટોળાં ગૃહ-ઉદ્યોગને વધુ એક્સપોઝર મળ્યું છે અને આ કલાને જીવંત રાખતા કારીગરોના ઉત્સાહમાં વધારો થયો છે. સાડી ઉપરાંત પટોળાં લહેંગા, દુપટ્ટા, પટોળા શાલ, પોટલી-ક્લચ પર્સ, મોજડી તથા પુરુષો માટે પટોળા ટાઈ, જૅકેટ (કોટી)ની માંગમાં અને ઉત્પાદનમાં વધારો થયો છે.





# વાંસદાના ગોધાબારીના સુરેશભાઈની પ્રેરણાદાયી સફર

**મનીષ બ્રહ્મભટ્ટ**

નવસારી જિલ્લાના વાંસદા તાલુકાના ગોધાબારી ગામના એક પ્રગતિશીલ ખેડૂત છે સુરેશભાઈ નગીનભાઈ પટેલ. તેમણે રાસાયણિક ખેતીમાંથી બહાર નીકળીને પ્રાકૃતિક ખેતી દ્વારા સફળતાનો નવો માર્ગ અપનાવ્યો છે. સુરેશભાઈની જમીન રાસાયણિક ખેતીના કારણે નિષ્પ્રાણ થવા લાગી તેમજ અનાજ અને શાકભાજીની સ્વાસ્થ્ય પર વિપરીત અસરો તેમના ધ્યાને આવી ત્યારે તેમણે મનોમન નક્કી કર્યું કે, "હવે બસ, ખેતીમાં પરિવર્તન લાવવું જ પડશે."

કૃષિ વિભાગ અને ખેતીવાડી શાખા દ્વારા તેમણે પ્રાકૃતિક ખેતી અંગેની પાયાની તાલીમ લીધી. અહીં તેમને સમજાયું કે, ખેતી માટે બજારમાંથી મોંઘી વસ્તુઓ લાવવાની જરૂર નથી, બધું ખેતરમાં જ ઉપલબ્ધ છે. તેમણે જાતે જ જીવામૃત અને ઘનજીવામૃત બનાવવાનું શરૂ કર્યું. રાસાયણિક દવાઓને બદલે વનસ્પતિ આધારિત કીટનાશકો અપનાવ્યાં. જે જમીન કઠણ થઈ ગઈ હતી, તેમાં ધીરે-ધીરે ઓર્ગેનિક કાર્બન વધ્યો અને તેની પાણી સંગ્રહવાની શક્તિમાં ગજબનો સુધારો જોવા મળ્યો. ઓછો ખર્ચ અને બમણા નફા સાથે સુરેશભાઈ પોતાની ૫૦ ગુંઠા જમીનમાં સંપૂર્ણ પ્રાકૃતિક પદ્ધતિથી કારેલાં, કાકડી અને ડાંગર જેવા પાકો લઈ રહ્યા છે. રાસાયણિક ખેતીની સરખામણીએ તેમનો ઉત્પાદન ખર્ચ ૫૦થી ૬૦ ટકા ઘટી ગયો છે. સુરેશભાઈના ખેતરનાં શાકભાજી અને અનાજ સ્થાનિક બજારો અને ગ્રાહકોમાં હોંશે-હોંશે વેચાય છે. ગ્રાહકોને શુદ્ધ અને સાત્ત્વિક ખોરાક મળે છે અને ખેડૂતને તેના પોષણક્ષમ ભાવ. આમ, તેઓ પોતાના પરિવાર સાથે સમાજને પણ આરોગ્યપ્રદ ખોરાક પીરસી રહ્યા છે. સુરેશભાઈ પોતે એક માર્ગદર્શકની ભૂમિકા ભજવી રહ્યા છે અને અન્ય ખેડૂતોને જીવામૃત બનાવતાં શીખવે છે.



## દેશી ગોળની મીઠી આવક

**જિજ્ઞા પાણખાણિયા**

કચ્છના ખેડૂત શ્રી પ્રદીપભાઈએ ગાય આધારિત પ્રાકૃતિક ખેતી અપનાવી ઓછા ખર્ચે ઉત્તમ ગુણવત્તાની શેરડીનું ઉત્પાદન કર્યું. શેરડી વેચાણથી ઓછી આવક મળતાં તેમણે અન્ય ખેડૂત મિત્રો સાથે મળી ગોળ બનાવવાની શરૂઆત કરી. આજે તેઓ શુદ્ધ દેશી ગોળ બનાવી સમગ્ર ગુજરાતમાં વેચાણ કરીને ડબલ આવક અને સારો નફો મેળવી રહ્યા છે.

શરૂઆતમાં તેઓએ એક એકર જમીનમાં પ્રાકૃતિક ખેતીની શરૂઆત કરી હતી, હાલ સંપૂર્ણ જમીનમાં દરેક પાકનું વાવેતર પ્રાકૃતિક ખેતી પદ્ધતિથી કરે છે. પ્રાકૃતિક ખેતીથી ગુણવત્તાયુક્ત શેરડીનો પાક તૈયાર કર્યો પરંતુ શરૂઆતમાં માત્ર શેરડીના વેચાણ કરતાં પ્રમાણમાં ઓછી આવક થતી હતી. આથી નવીન વિચાર સાથે ૭-૮ ખેડૂતોએ ભેગા મળીને શેરડીમાંથી જાતે જ ગોળ બનાવાની શરૂઆત કરી છે. કનકપુર ગામમાં ગોળ બનાવવાની ફેક્ટરી શરૂ કરીને શેરડીમાંથી શુદ્ધ દેશી ગોળ બનાવવાનું શરૂ કર્યું. આજે વડોદરા, રાજકોટ, અમદાવાદ, કચ્છ સાથે ગુજરાતભરમાં તેઓ શેરડી સાથે ગોળનું વેચાણ કરી રહ્યા છે.



# શબ્દરમત

**અરુણા ડાવરા**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| રા | બ | ના | ડ | મો | વાં | હા | ના | કી |
| ણા | સ | સા | ગ | ળી | કા | ને | થ | વિ |
| વા | લ | ગી | ના | ડાં | ને | ફ | બા | ર |
| વ | વિ | ર | ન | ગ | ર | સા | સૂ | ઊ |
| કા | ક | સો | જ | લ્પ | લો | બ | દા | રા |
| બો | ગી | મ | હા | ઠ | ળી | ર | જી | ના |
| લુ | ર | ના | બ | ના | સ | કાં | ઠા | વ |
| ન્દ્રા | ડા | થ | લે | વાં | જા | ઠા | શી | સો |
| દૂ | હા | બા | લે | જ | યો | વ | ન | ક્ષો |

૧. મણિભદ્ર વીરનું મંદિર કયા જિલ્લામાં છે?

૨. ભીમ અગિયારસના દિવસે જ્યાં મેળો ભરાય છે તે પ્રખ્યાત જાંબુવન ગુફા.......માં આવેલી છે.

૩. ગુજરાતનું એક અને અનન્ય અષ્ટમુખી મહાદેવ મંદિર .. ખાતે છે.

૪. શિવના અવતાર તરીકે પૂજાતા કાલભૈરવનું ગુજરાતમાં એકમાત્ર શિખરબંધ ઐતિહાસિક મંદિર ક્યાં આવ્યું છે?

૫. અન્નપૂર્ણા માતાજીનું મંદિર આવેલું છે તે કનસરિયા ગઢ ....... જિલ્લામાં છે.

૬. પ્રસિદ્ધ કુબેર ભંડારી મંદિર ક્યાં આવેલું છે?

૭. શાણા વાંકિયાની ગુફાઓ કયા જિલ્લામાં આવેલી છે?

૮. જડેશ્વર મહાદેવનો શિલાલેખ...માં છે.

૯. ભાવનગરના કયા સ્થળે દરિયાકિનારે કાચબા ઉછેર કેન્દ્ર છે?

૧૦. સોલંકી યુગનું સૌરાષ્ટ્રનું એકમેવ તોરણ ... માં છે.

૧૧. કયા જિલ્લામાં ગાઢ જંગલોથી આચ્છાદિત પર્વતોની હારમાળા વચ્ચે અભાપુરનાં શિલ્પ સ્થાપત્યો છે?

૧૨. મહાલક્ષ્મી માતાજીનું હજારો વર્ષ જૂનું પ્રાચીન મંદિર આવેલું છે તે ભૂતસર કયાં જિલ્લામાં આવેલું છે?

૧. બનાસકાંઠા, ૨. રાણાવાવ, ૩. વિરનગર, ૪. બોલુન્દ્રા, ૫. ડાંગ
૬. કરનાળી, ૭. ગીર સોમનાથ, ૮. વાંકાનેર, ૯. હાથબ,
૧૦. બાલેજ, ૧૧. સાબરકાંઠા, ૧૨. વલસાડ



# વિરુદ્ધ આહારથી સાવધાન

**ડૉ. શીતલ ભાગીયા**

રોગનું મૂળ કારણ વિરુદ્ધ આહારને ગણાવી શકાય. હેલ્થ ટિપ્સ અંતર્ગત આપણે વિરુદ્ધ આહારના પ્રકારો વિશે વિસ્તૃત જાણીએ.

**દેશ વિરુદ્ધ :** જ્યાં રહેતા હોઈએ તે પ્રદેશ અથવા પરિસ્થિતિ પ્રમાણે અયોગ્ય આહાર લેવો, જેમકે ગરમ પ્રદેશમાં વધુ ગરમ અને તીખો આહાર લેવો અને ભેજવાળા પ્રદેશમાં પચવામાં ભારે અને વધારે પડતો સ્નિગ્ધ આહાર લેવો, ગુજરાતમાં તલ અને મગફળીનું ઉત્પાદન વધારે થાય છે, તો તલનું તેલ અને મગફળીનું તેલ લેવું હિતાવહ છે, જ્યારે સૂરજમુખીનું તેલ પણ દેશ વિરુદ્ધ આહાર ગણાય છે.

**કાલ વિરુદ્ધ :** ઋતુ અથવા સમય પ્રમાણે અયોગ્ય આહાર જેવો કે, ઉનાળામાં અતિ ભારે, તેલવાળો અને તીખો ખોરાક, શિયાળામાં અતિ ઠંડો અને સૂકો આહાર તથા શિયાળામાં ઠડું પાણી પીવું કે આઈસક્રીમ ખાવો એ કાલ વિરુદ્ધ છે. આયુર્વેદ અનુસાર રાત્રે દહીં ખાવાનો નિષેધ છે, તેથી રાત્રે દહીં ખાવું એ પણ કાલ વિરુદ્ધ આહાર છે.

**અગ્નિ વિરુદ્ધ :** હમેશાં જઠરાગ્નિની ક્ષમતા (ભૂખ) મુજબ આહાર લેવો. મંદાગ્નિ (ઓછી ભૂખ) ધરાવતી વ્યક્તિએ અતિ ભારે, તળેલો, સ્નિગ્ધ આહાર લેવો અને વધારે ભૂખ લાગી હોય એ સ્થિતિમાં ખૂબ ઓછો અથવા લઘુ આહાર લેવો. તીવ્ર ભાગદોડવાળી જિંદગીમાં આજકાલ સમય અને ઑફિસ/કામ પરની જગ્યાના રિસેસના સમયે ભૂખ ન લાગી હોવા છતાં જમવું વગેરે પણ અગ્નિ વિરુદ્ધ છે.

**માત્રા વિરુદ્ધ :** અયોગ્ય માત્રામાં આહાર અથવા પોતાના શરીરને અનુકૂળ ન હોય એટલી માત્રામાં આહાર જેમકે મધ અને ઘી સમાન માત્રામાં લેવાં. અતિ ભોજન અથવા અતિ ઉપવાસ એ પણ માત્રા વિરુદ્ધ આહાર છે.

**સંયોગ વિરુદ્ધ :** બે પદાર્થો પોતપોતાની રીતે સારા હોય, પણ સાથે ખાવાથી શરીરને નુકસાન કરે જેમકે, દૂધ અને ખાટાં ફળો: દૂધ સાથે સંતરાં, લીંબુ કે દ્રાક્ષ લેવાથી દૂધ ફાટી જાય છે અને પાચન પણ બગાડે છે.

**દૂધ અને માછલી :** આ સૌથી ખતરનાક ગણાય છે, જે ચામડીના રોગો (જેમકે સફેદ ડાઘ) કરી શકે છે. દહીં સાથે ગરમ ખોરાક પણ વિરુદ્ધ આહાર ગણાય છે.

વાચક મિત્રો, વિરુદ્ધ આહારના અન્ય પ્રકારો વિશે આવતા અંકમાં જાણીશું.

# ઇન્ટરનેટ... આધુનિક વિશ્વની અજાયબ શોધ

દેવાંગ મેવાડા

આજે દરેક વ્યક્તિની સવાર મોબાઈલ ફોનના દર્શનથી થાય છે. આપણે ત્યાં સવારે ઉઠીને આપણી હથેળીના દર્શન કરવાની પરંપરા રહી છે. આ પરંપરા અત્યારે બીજી રીતે અસ્તિત્વમાં છે. પહેલાં હથેળીના દર્શન કરતાં હતા, હવે લોકો હાથમાં પકડેલા ફોનના દર્શન કરે છે. ૯૦ના દાયકામાં જ્યારે ભારતમાં ઈન્ટરનેટ નવું હતું ત્યારે તે એક ચમત્કાર કે જાદુ જોવું લાગતું હતું. તમે ઈમેલના માધ્યમથી દૂરસુદૂર રહેતાં મિત્રો-સગાવ્હાલાઓ સાથે પત્ર વ્યવહાર કરી શકતા હતાં.

### ઈન્ટરનેટ કેવી રીતે કામ કરે છે?

સમગ્ર વિશ્વમાં ૯૦ ટકા ઇન્ટરનેટ કેબલથી કામ કરે છે. આ કેબલ એટલે સમુદ્રના નીચે પાથરેલા ઓપ્ટિકલ ફાયબર. આ ઓપ્ટીકલ ફાયબર કેબલમાં એક કેબલ આપણા વાળથી પણ પતલો હોય છે. જેમાં ઘણા ઓપ્ટીકલ ફાયબર કેબલ પસાર થાય છે. આ પ્રત્યેક ઓપ્ટીકલ ફાયબરમાં 100 જીબીપીએસની સ્પીડથી ડેટા ટ્રાન્સફર થાય છે. એટલે કે, તમને જે મોબાઈલ કે કોમ્પ્યુટરમાં સ્પીડ મળે છે, તેના કરતાં ક્યાંય વધુ સ્પીડ આ ઓપ્ટીકલ ફાયબરમાં હોય છે. સમુદ્રની નીચે જે ઓપ્ટીકલ ફાયબર કેબલ હોય છે, તે કોઈ શહેર સુધી પહોંચે છે. ત્યાંથી તે કેબલ ઈન્ટરનેટ સર્વિસ પ્રોવાઈડર જેવા કે જીઓ, એરટેલ વગેરેનું કામ શરૂ થાય છે. આ આઈ.એસ.પી. પોતાનું ફાયબર નેટવર્ક સ્થાપીને જે -તે દેશ કે રાજ્યમાં ઈન્ટરનેટની સેવા આપવાનું કામ કરે છે.

તમારી આસપાસ આવેલા મોબાઈલ ટાવરમાં પણ આ જ પ્રકારના આઈ. એસ.પી.નું નેટવર્ક હોય છે. એટલે તમને જવાબ મળી ગયો હશે કે... તમારા સ્માર્ટ ફોનમાં ચાલતું ઈન્ટરનેટ એ કેબલ આધારિત છે.



### ઈન્ટરનેટ શું છે?

દુનિયાના નાના નેટવર્ક જ્યારે એકબીજા જોડાય ત્યારે ઈન્ટરનેટ બને છે. ઈન્ટરનેટ એટલે નેટવર્ક્સ ઓફ નેટવર્ક... તેનું બીજું નામ ઈન્ટરનેશનલ નેટવર્ક છે. આ કમ્પ્યુટર્સ અલગ-અલગ આઈ.પી.એડ્રેસથી જોડાયેલા હોય છે. જે સર્વર સાથે કનેક્ટ હોય છે. એટલે કે કમ્પ્યુટર વાપરવા માટે આઈ.પી. એડ્રેસ હોવું જરૂરી છે. હવે, તમે સામેવાળાને જ્યારે કોઈ ફોટો-વિડીયો કે ડોક્યુમેન્ટ્સ મોકલો છો ત્યારે તે ડેટાને સર્વર જરૂરી પ્રોટોકોલ ફોલો કરીને તેના ગંતવ્ય સ્થાન સુધી પહોચાડે છે. જ્યારે સેકડો કોમ્પ્યુટર્સ એકબીજા સાથે સર્વરથી જોડાય છે ત્યારે જ તે માહિતીના આપ લે કરી શકે છે. બે લેન- (LAN) નેટવર્કને આઈ.એસ.પી.થી જોડાય ત્યારે જ એક કોમ્પ્યુટરમાંથી બીજા કોમ્પ્યુટરમાંથી માહિતીનું આદાન પ્રદાન થાય છે.

જેમ કે, આજકાલ તમામ મોબાઈલધારકો દિવસમાં એકવાર યુ ટ્યુબ જોતા હોય છે. આ યુ ટ્યુબનું સર્વર અમેરિકામાં છે. એટલે તમે જે પણ વિડીયો જોતા હોવ છો તે બધા અમેરિકામાં રહેલાં સર્વરમાંથી આવતા હોય છે. એટલે યુ ટ્યુબનાં વિડીયો હજારો કિલોમીટર લાંબી સફર કાપીને તમારા મોબાઈલ ફોનમાં આવતાં હોય છે.

### કેટલીક રસપ્રદ માહિતી

- 1970માં vint cerfએ ઈન્ટરનેટ પ્રોટોકોલ - આઈપી પ્રોટોકોલ બનાવ્યા. તેથી તેને ઈન્ટરનેટના પિતા કહે છે.
- ઈન્ટરનેટનું કોઈ માલિક પણ નથી.
- આજે વિશ્વના 7 અબજ નાગરિકો પૈકી 4 અબજ ઈન્ટરનેટ સાથે જોડાયેલા છે.
- વિશ્વમાં સૌપ્રથમ ઈ-મેઈલ 1971માં કરવામાં આવ્યો હતો.
- ભારતમાં 1986માં નેટવર્કથી સ્થાપના થઈ.
- ERnet- Education Research Network

NCST- બોમ્બે, IIS- બેંગલુરૂ, IIT- દિલ્હી, મુંબઈ, કાનપુર, ખડગપુર, કોલકાતા અને ડિપાર્ટમેન્ટ ઓફ ઈલેક્ટ્રોનિક્સ - આમ, 8 ઈન્સ્ટીટ્યુટમાં સૌપ્રથમ ઈઆર નેટ વડે જોડાવામાં આવ્યા.

- ભારતમાં સૌપ્રથમ ઈન્ટરનેટની શરૂઆત વીએસએનએલ દ્વારા 15 ઓગસ્ટ, 1995 કરવામાં આવી.
- બીએસએનએલ એ દેશની સૌપ્રથમ ઈન્ટરનેટની સેવા પૂરી પાડતી કંપની હતી.
- રેડીફ.કોમ એ દેશની પ્રથમ વેબસાઈટ બની.



# ફાઇલોથી ફિલ્ડ સુધી : જનસેવાના યજ્ઞની ગાથા

**વિરેન્દ્રસિંહ પરમાર**

હજારો ગામો, હજારો ચહેરા અને હજારો પ્રશ્નો... પરંતુ એક જ સંકલ્પ–લોકો સુધી પહોંચવાનો. જ્યારે કોઈ જિલ્લાના કલેક્ટર પોતાની કચેરીની સીમાઓ પાર કરીને અંતરિયાળ ગામોની પ્રત્યક્ષ મુલાકાત લઈને લોકોની વાત ધીરજથી સાંભળે અને તેમની સમસ્યાઓને પોતાની જવાબદારી માને, ત્યારે તે અધિકારીની કામગીરી 'જનસેવા'માં પરિણમે છે. જામનગર જિલ્લાનાં અંતરિયાળ ગામોમાં છેલ્લા એક વર્ષથી એક અલગ જ દૃશ્ય જોવા મળ્યું છે. જામનગર જિલ્લાના કલેક્ટર શ્રી કેતન ઠક્કરે તા. ૦૧-૦૪-૨૦૨૫થી ૧૦-૦૨-૨૦૨૬ દરમિયાન જિલ્લામાં આવેલાં લગભગ ૧૦૦ જેટલાં અંતરિયાળ ગામોની પ્રત્યક્ષ મુલાકાત દ્વારા જનસેવાના કાર્ય માટે પ્રેરણારૂપ બન્યા છે.

ગત એક વર્ષના આ સમયગાળામાં કલેક્ટરશ્રીએ ગ્રામપંચાયતોની ઓચિંતી તપાસ કરી રેકર્ડ અદ્યતન કરવા, વેરા વસૂલાત અને સરકારી જમીન પરનાં દબાણો હટાવવા જેવી વહીવટી કામગીરી હાથ ધરી હતી. શિક્ષણ અને બાળકોના ભવિષ્ય પ્રત્યે સંવેદનશીલતા દાખવી તેઓએ જિલ્લાની શાળાઓ અને આંગણવાડીઓની રૂબરૂ મુલાકાત લઈ બાળકોના શિક્ષણનું સ્તર, અભ્યાસેતર પ્રવૃત્તિઓ અને ખાસ કરીને મધ્યાહ્ન ભોજનની ગુણવત્તાની ઝીણવટભરી તપાસ કરી બાળકોને પોષણક્ષમ આહાર મળે તેવી તકેદારી રાખી હતી. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની મુલાકાત લઈ ઓ.પી.ડી., દવાનો જથ્થો અને ઉપલબ્ધ સાધનોની સમીક્ષા કરી ગ્રામીણ સ્તરે શ્રેષ્ઠ સારવાર મળે તેવું વાતાવરણ સર્જ્યું હતું.

કલેક્ટરશ્રીના આ પ્રવાસમાં 'રાત્રી સભાઓ' ગ્રામીણ વિકાસ માટેનું અસરકારક માધ્યમ બની. ગામડાઓમાં રાત્રિરોકાણ અને સભાઓ યોજી ગ્રામજનો સાથે સીધો સંવાદ સાધ્યો, વિકાસના કામોની ચર્ચા કરી અને આયુષ્માન કાર્ડ, આવાસ યોજના તથા કૃષિ યોજનાઓની જાણકારી પૂરી પાડી હતી. ખેડૂતોના હિતમાં ખેતરોની મુલાકાત લઈ પાક, સિંચાઈ અને ખાતરની ઉપલબ્ધતા અંગે સમીક્ષા કરી પ્રાકૃતિક ખેતી કરતા પ્રગતિશીલ ખેડૂતોને પ્રોત્સાહન પૂરું પાડી અન્યોને પણ ઝેરમુક્ત ખેતી તરફ વળવા પ્રેરણા આપી હતી.

તેમની કાર્યશૈલીમાં માનવીય અભિગમ જોવા મળ્યો છે. ગત દિવાળીની ઉજવણી તેઓએ શહેરનાં મનોદિવ્યાંગ બાળકો સાથે કરીને સમાજમાં એક અનોખો સંદેશ આપ્યો હતો, જેની મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પણ વિશેષ સરાહના કરી હતી. ઉપરાંત, માર્ગ પર ચાલીને જતાં શાળાનાં બાળકો સાથે શિક્ષણ અને મધ્યાહ્ન ભોજનની સમીક્ષા કરવાના તેમના અંદાજ સહિતની ઉપરોક્ત કામગીરીને રાજ્યનાં એડિ.ચીફ સેક્રેટરી શ્રી જયંતી રવિ સહિતના ઉચ્ચ અધિકારીઓએ બિરદાવી હતી.

મહેસૂલી કોર્ટ કેસ, ડિઝાસ્ટર મૅનેજમેન્ટ, અતિવૃષ્ટિ જેવી કુદરતી આફતો અને મહાનુભાવોની મુલાકાતો જેવી અનેકવિધ જવાબદારીઓ વચ્ચે પણ કલેક્ટરે છેવાડાના માનવી સુધી પહોંચીને જામનગર જિલ્લાના સર્વાંગી વિકાસ માટે નવી કેડી કંડારી છે. તેઓનાં આ જનસમર્પિત કાર્યોની સરાહના કરીએ એટલી ઓછી છે.



# ગુજરાત પાક્ષિક ક્વિઝ

- મૃગેશ એસ. દવે

૧. દિલ્હીમાં યોજાયેલ ગ્લોબલ એઆઇ ઈમ્પેક્ટ સમિટમાં ભારતે કેટલા એઆઇ મોડલ લોન્ચ કર્યા?
(A) ૧ (B) ૨ (C) ૩ (D) ૪

૨. ગ્લોબલ એઆઇ ઈમ્પેક્ટ સમિટમાં ગુજરાતની કઈ ડેરીએ પશુઓની સારવાર અને હિસાબ માટે અપનાવેલ એઆઇ ટેક્નોલોજીથી દુનિયાભરના નેતાઓ પ્રભાવિત થયા હતા?
(A) મધર (B) બનાસ (C) અમૂલ (D) સાબર

૩. બજેટ ૨૦૨૬-૨૭ મુજબ, દેશની સૌથી મોટી 'નમો સેન્ટ્રલ લાઈબ્રેરી' ક્યાં સ્થાપવામાં આવશે?
(A) પાટણ (B) વડનગર (C) અમદાવાદ (D) ગાંધીનગર

૪. બજેટ ૨૦૨૬-૨૭ મુજબ, આ વર્ષે કેટલા આદિજાતિ તાલુકાઓમાં 'ભગવાન બિરસા મૂંડા લાઈબ્રેરી' સ્થાપવાની જાહેરાત થઈ?
(A) ૧૨ (B) ૧૫ (C) ૧૧ (D) ૧૪

૫. વર્ષ ૨૦૨૬-૨૭ ના અંદાજપત્રમાં હાલમાં કાર્યરત ૧૫૪ ધન્વંતરિ આરોગ્ય રથમાં બીજા ...... આરોગ્ય રથનો વધારો કરવામાં આવશે.
(A) ૫૦ (B) ૩૦ (C) ૨૦ (D) ૧૦

૬. દેશના ઔદ્યોગિક ઉત્પાદનમાં ગુજરાતનું યોગદાન કેટલા ટકા છે?
(A) ૨૫ (B) ૧૯ (C) ૧૫ (D) ૧૮

૭. વર્ષ ૨૦૨૬-૨૭ના અંદાજપત્રમાં નીચેનામાંથી કયા વિભાગને કરવામાં આવેલ ફાળવણીની રકમ સાચી નથી?
(A) શહેરી વિકાસ વિભાગ-રૂ.૩૩૫૦૪ કરોડ
(B) આરોગ્ય વિભાગ-રૂ.૨૫૪૦૩ કરોડ
(C) પંચાયત વિભાગ-રૂ.૧૪૮૫૮ કરોડ
(D) શિક્ષણ વિભાગ-રૂ.૫૪૨૧૪ કરોડ

૮. વર્ષ ૨૦૨૬-૨૭ ના અંદાજપત્રમાં જાહેર કરાયેલ GEPC એટલે ગુજરાત સ્ટેટ ......... પ્રમોશન કાઉન્સિલ.
(A) એક્સપોર્ટ (B) એજ્યુકેશન
(C) એન્ટરપ્રિન્યોરશિપ (D) એનર્જી

૯. વર્ષ ૨૦૨૬-૨૭ ના અંદાજપત્રમાં સંવેદનશીલ સરહદી વિસ્તારોમાં ઓવરહેડ લાઇનના માળખાને એલિવેટેડ કેબલ નેટવર્કમાં રૂપાંતરીત કરવા રૂ. ....... કરોડની જોગવાઈ કરવામાં આવી છે.
(A) ૫૦ (B) ૭૫ (C) ૧૦૦ (D) ૧૨૦

૧૦. વર્ષ ૨૦૨૬ ને 'ગુજરાત .......... વર્ષ' તરીકે ઊજવવાની જાહેરાત કરવામાં આવી છે.
(A) ગ્રામીણ વિકાસ (B) પ્રવાસન
(C) રમત-ગમત (D) સહકાર

૧૧. વડાપ્રધાનશ્રીના વન સ્ટેટઃ વન ગ્લોબલ ડેસ્ટિનેશનના વિઝનને સાકાર કરવા ...... ને ગ્લોબલ ડેસ્ટિનેશન તરીકે વિકસાવવાનું આયોજન છે.
(A) સોમનાથ (B) વડનગર
(C) ધોળાવીરા (D) ખીજડીયા

૧૨. વર્ષ ૨૦૨૬-૨૭ ના અંદાજપત્રનું કુલ કદ કેટલું છે?
(A) રૂ. ૪,૦૧,૨૮૬ કરોડ (B) રૂ. ૪,૦૦,૦૪૮ કરોડ
(C) રૂ. ૪,૦૩,૦૮૯ કરોડ (D) રૂ. ૪,૦૮,૦૫૩ કરોડ

૧૩. વિદ્યાર્થીઓમાં શિસ્ત અને દેશપ્રેમની ભાવના વધારવા માટે ........ ખાતે ગુજરાત નેવલ યુનિટમાં બોટ હાઉસનું નિર્માણ કરવામાં આવશે.
(A) ભાવનગર (B) જામનગર (C) પોરબંદર (D) કચ્છ

૧૪. બજેટ ૨૦૨૬-૨૭ મુજબ, શ્રીઅન્ન (મિલેટ્સ) ના વાવેતર માટે ખેડૂતોને પ્રતિ ક્વિન્ટલ કેટલા રૂપિયાનું બોનસ આપવામાં આવશે?
(A) રૂ. ૨૫૧ (B) રૂ. ૨૦૦ (C) રૂ. ૩૫૧ (D) રૂ. ૩૦૦

૧૫. યુવા પેઢીમાં વાંચનની આદત વધારવા માટે કેટલાં જિલ્લા ગ્રંથાલયોને સ્માર્ટ બનાવવામાં આવશે?
(A) ૪ (B) ૩ (C) ૨ (D) ૧

૧૬. નીચેનામાંથી કયા જિલ્લામાં પ્રાદેશિક વિજ્ઞાન કેન્દ્રની સ્થાપના કરવાની જાહેરાત કરવામાં આવી છે?
(A) પાટણ (B) વાવ થરાદ (C) પોરબંદર (D) કચ્છ

૧૭. કેન્દ્રિય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહ દ્વારા ......... ખાતેથી દેશની પ્રથમ સેન્ટ્રલ બેન્ક ડિજિટલ કરન્સી આધારિત જાહેર વિતરણ વ્યવસ્થાનો પ્રારંભ કરવામાં આવ્યો છે.
(A) અમદાવાદ (B) ગાંધીનગર
(C) મહેસાણા (D) બનાસકાંઠા

૧૮. મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતી ભાષા માટે વર્ષ ૨૦૨૪ ના સાહિત્ય ગૌરવ પુરસ્કાર નીચેનામાંથી કોને એનાયત કર્યો?
(A) શ્રી માવજી મહેશ્વરી (B) શ્રી પ્રવીણ દરજી
(C) શ્રી દીપક નંદા (D) શ્રી અજય સોની

૧૯. ગુજરાત દુકાન અને સંસ્થા (સુધારા) વિધેયક મુજબ, ઓછામાં ઓછા કેટલા કામદારો ધરાવતી સંસ્થાઓને આ નિયમો લાગુ પડશે
(A) ૧૦ (B) ૧૫ (C) ૨૦ (D) ૨૫

૨૦. શતાબ્દી શિક્ષા મહોત્સવ' કઈ મહાનગરપાલિકાની શિક્ષણ સમિતિ દ્વારા યોજાયો?
(A) અમદાવાદ (B) ગાંધીનગર
(C) ભાવનગર (D) રાજકોટ

**જવાબ: 1(C), 2(C), 3(D), 4(B), 5(A), 6(B), 7(D), 8(A), 9(C), 10(B), 11(A), 12(D), 13(A), 14(D), 15(A), 16(C), 17(B), 18(B), 19(C), 20(A)**

*ગુજરાત ક્વિઝ અંગે આપના પ્રતિભાવ gujaratmagazine@gmail.com પર મોકલવા વિનંતી છે.*



# મિશન LiFE પર્યાવરણ અનુકૂળ જીવનશૈલી

**નિધિ રાવલ**

સમગ્ર વિશ્વ વર્તમાનમાં પર્યાવરણીય કટોકટીનો સામનો કરી રહ્યું છે ત્યારે ભારત આ દિશામાં વિશ્વને માર્ગ બતાવી રહ્યું છે. 'મિશન LiFE' પોર્ટલ (https://missionlife-moefcc.nic.in) એટલે કે 'લાઇફસ્ટાઇલ ફોર એન્વાયરમેન્ટ' એ પર્યાવરણ સાથે સંતુલન જાળવી સભાન જીવન કેળવવા માટેનું જન-આંદોલન છે. આ મિશનનો મુખ્ય ઉદ્દેશ 'વિચારવિહીન વપરાશ' (Mindless Consumption) ને બદલે 'વિચારપૂર્વક ઉપયોગ' (Mindful Utilization) તરફ આગળ વધવાનો છે.

### મિશનનાં મુખ્ય લક્ષ્યો :

- **જનભાગીદારી :** વર્ષ ૨૦૨૨થી ૨૦૨૭ના સમયગાળામાં વિશ્વભરમાં એક અબજ લોકોને પર્યાવરણલક્ષી સાતત્યપૂર્ણ જીવનશૈલી અપનાવવા માટે પ્રોત્સાહિત કરવા.
- **પર્યાવરણ પ્રેમી ગામ અને શહેરો :** વર્ષ ૨૦૨૮ સુધીમાં ભારતનાં ૮૦ % ગામડાઓ અને શહેરી સંસ્થાઓને પર્યાવરણને અનુકૂળ બનાવવાં.
- **P3 અભિગમ :** 'પ્રો-પ્લેનેટ પીપલ' (Pro-Planet People) તૈયાર કરવા જેઓ પોતાની દૈનિક આદતો દ્વારા પૃથ્વીના સંરક્ષણમાં યોગદાન આપે.
- **રોજિંદા જીવનની ૭૫ લાઈફ એક્શન્સ :** દા.ત. તરીકે જરૂર ન હોય ત્યારે લાઈટ-પંખા બંધ કરવા, પ્લાસ્ટિકની થેલીને બદલે કાપડની થેલીનો ઉપયોગ કરવો, વ્યક્તિગત વાહનોને બદલે જાહેર પરિવહન અથવા સાઈકલનો ઉપયોગ કરવો, પાણીનો બચાવ અને રેઈન વૉટર હાર્વેસ્ટિંગ અપનાવવું, ખોરાકનો બગાડ અટકાવવો અને સ્થાનિક પેદાશોનો ઉપયોગ વધારવો.

### પોર્ટલના ઉપયોગની સરળ રીત :

- **માર્ગદર્શન :** મુખ્ય ૭ વિષયો જેવા કે ઊર્જા અને પાણીની બચત, પ્લાસ્ટિકના વિકલ્પો, પર્યાવરણલક્ષી આહાર કેળવણી, હેલ્થી જીવનશૈલીનો સ્વીકાર, કચરો ઘટાડવાની રીતો અને ઈ વેસ્ટમાં ઘટાડો વગેરેમાં યોગ્ય માર્ગદર્શન મેળવવું.
- **ડાઉનલૉડ :** તમે પર્યાવરણ જાગૃતિનાં પોસ્ટર્સ, વીડિયો, અને બ્રોશર્સ મફતમાં ડાઉનલૉડ કરી આ સાહિત્યનો ઉપયોગ સોસાયટી, શાળા કે ઑફિસમાં જાગૃતિ ફેલાવવા માટે કરી શકો છો.
- **પ્રતિજ્ઞા લેવી :** પોર્ટલ પર આપ પર્યાવરણ પ્રત્યે સભાન રહેવાની પ્રતિજ્ઞા લઈ તેનું પ્રમાણપત્ર પણ મેળવી શકો છો.
- **ઇન્ટરેક્ટિવ ઝોન :** અહીં ક્વિઝ-ગેઈમ્સ જેવી પ્રવૃત્તિઓ દ્વારા ગમ્મત સાથે જ્ઞાન મેળવી પર્યાવરણ વિશે જાગૃતિ કેળવી શકો છો.
- **પ્રવૃત્તિઓનું ડેશબોર્ડ :** તમે જોઈ શકો છો કે દેશભરમાં અને તમારા રાજ્યમાં મિશન LiFE અંતર્ગત કેટલી પ્રવૃત્તિઓ થઈ રહી છે અને કેટલા લોકો તેની સાથે જોડાયા છે. આ તમને એક મોટા આંદોલનમાં તમારા યોગદાનથી જોડાવવાની તક પૂરી પાડે છે.

### પોર્ટલ વાપરવા માટેનાં પગથિયાં :

૧. સૌ પ્રથમ missionlife-moefcc.nic.in પર જાઓ.
૨. મેનુમાં આપેલી Themes પર ક્લિક કરીને અલગ-અલગ વિષયોની માહિતી મેળવો.
૩. Publications વિભાગમાંથી મિશન LiFEની પુસ્તિકાઓ ડાઉનલૉડ કરો.

આ પોર્ટલ તમને માત્ર માહિતી જ નથી આપતું, પરંતુ તમને એક 'પ્રો-પ્લેનેટ પર્સન' બનવા માટે પ્રેરણા પૂરી પાડે છે. આ પોર્ટલ યાદ અપાવે છે કે આપણી આજની સ્પષ્ટતા જ આવતીકાલના સુરક્ષિત ભવિષ્યનો પાયો છે. ચાલો, આપણે પર્યાવરણને અનુકૂળ જીવનશૈલી અપનાવીએ અને આપણાં બાળકો માટે પૃથ્વીનું જતન કરીએ.



# અંતર છતાં અંતરમાં હોય તે 'પ્રિયજન'

હરેશ્વરી રાબા

૮૦ના દાયકામાં પ્રકાશિત 'પ્રિયજન' એક એવી નવલકથા છે જે એક વાર વાંચ્યા બાદ કાયમી તમારા અંગત પુસ્તકાલયમાં સ્થાન મેળવી લે છે. દરેક વાંચન સાથે પાત્રોના સંવાદો નવા અર્થ લઈ ઉજાગર થાય છે. ૮૦-૯૦ના દાયકામાં ખૂબ લોકપ્રિય અને કૉલેજના યુવાવર્ગના વાંચનની યાદીમાં સ્થાન પામનાર આ નવલકથાનું ગત વર્ષે ૨૦મું સંસ્કરણ પ્રકાશિત થયું. જે સાંપ્રત સમયમાં પણ આ નવલકથાની પ્રસ્તુતતા દર્શાવે છે. શ્રી વીનેશ અંતાણીની લેખનની સહજ અને સરળ શૈલી બહારના કોલાહલમાં શાતા આપી જાય છે. આ નવલકથાની પ્રસ્તાવનામાં જ શ્રી અંતાણીએ રસપ્રદ કિસ્સાઓનો ઉલ્લેખ કર્યો છે. તેમના દ્વારા લિખિત અને નિર્દેશિત 'માલીપા' રેડિયો નાટકથી આ નવલકથાનાં બીજ રોપાયાં હતાં. તેઓ જણાવે છે કે, પલાશવન લખાયા પછી તેમના ચિત્તમાં ઉઠેલો પ્રશ્ન : એવું ન બને કે લગ્નજીવનમાં પરિણમી શક્યો ન હોય તેવો પ્રણય પણ વ્યક્તિના જીવનનું પ્રભાવક અવલંબન બને ! એ જ સમયમાં હિન્દી લેખિકા સુ.શ્રી મન્નુ ભંડારીની વાર્તા 'યહી સચ હૈ' પરથી બનેલી ફિલ્મ 'રજનીગંધા'ની નાયિકાના નિર્ણયથી તેઓ સહમત થઈ શક્યા નહોતા. આ પ્રસંગો પ્રિયજનની કથાવસ્તુ માટે ઉદ્દીપક સમાન બની રહ્યા.

ચારુ- દિવાકર અને ઉમા- નિકેતનું સહઅસ્તિત્વ એકબીજાના જીવનને પૂરક હોય તેવું લાગે છે. "જીવનભર સાથે ચાલી નહી શકેલો સંબંધ એમની માલીપા સચવાયેલો રહે છે - તો જીવનભર સાથે ચાલેલો સંબંધ પણ લાગણીસભર બને છે." શ્રી અંતાણી સાચું જ કહે છે કે, "એક એકલી વ્યક્તિની અંદર ઘૂંટાયેલું જ્યારે બીજી વ્યક્તિઓના મન સુધી પહોંચે છે ત્યારે જ સર્જનની યાત્રાનું વર્તુળ પૂરું થાય છે." જેની અનુભૂતિ વાચકને થાય છે. લેખકની અંદર રચાયેલાં આ પાત્રોના અંતર્મનના પ્રવાહો વાચકના મનમાં વસી જાય છે.

'પ્રિયજન' વાચકને એક એવા ભાવવિશ્વની અનુભૂતિ આપે છે કે જાણે દરિયો એ માનવીય સંવેદના ઝીલતો સાક્ષી હોય અને તેની ભરતી- ઓટથી હામી ભરતો હોય. વર્ષો જૂનું પાછળ છૂટી ગયેલું ગામ, બાળપણ, દરિયો, સરુનું વૃક્ષ દરિયા નજીક રહેલી દરેક વ્યક્તિને તેની સમીપે લઈ જાય છે. ભૂતકાળ,વર્તમાન અને ભવિષ્યની આછેરી ઝલકથી ત્રણેય ખંડોને સભર બનાવતી આ નવલકથા છે. જે શાંત દરિયો બની વર્તમાનના ઘૂઘવાટને શાંત કરે છે અને થોડી વાર થંભી આ ભાવ વિશ્વમાં ખોવાઈ જવા પ્રેરે છે.

પાત્રો વચ્ચેના ગહન સંવાદો સહજ રીતે આલેખાયા છે. વળી, મનના ખૂણામાં સચવાયેલાં કેટલાંક સંસ્મરણો, વણકીધેલી વાતો, અનુભવોનું ગરિમાપૂર્ણ વર્ણન કરવામાં આવ્યું છે. ચારુ અને નિકેતના સંવાદોમાં દિવાકર અને ઉમાનો ઉલ્લેખ, તેમના વ્યક્તિત્વના દરેક પાસાનો ઉઘાડ ખૂબ માવજતથી દર્શાવવામાં આવ્યો છે. જ્યારે બહારના કોલાહલમાંથી થોડો વિરામ અને શાંતિનો અનુભવ કરવો હોય તો 'પ્રિયજન' નવલકથાનો સથવારો ખૂબ સુખદ બનશે.



# મુખ્યમંત્રી ભાગ્યલક્ષ્મી બોન્ડ સહાય યોજના



## યોજનાનો ઉદ્દેશ / હેતુ

મુખ્યમંત્રી ભાગ્યલક્ષ્મી બોન્ડ સહાય યોજના "દીકરી વધાવો દીકરી ભણાવો"ના ઉદ્દેશ સાથે સ્ત્રી ભ્રૂણ હત્યા અટકાવવા તથા બાંધકામ શ્રમિકોની દીકરીને શિક્ષણ તથા લગ્નના ખર્ચાને પહોંચી વળવા માટેનો હેતુ.

## પાત્રતાનાં ધોરણો


ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડમાં નોંધાયેલા બાંધકામ શ્રમિકોને આ યોજનાનો લાભ મળવાપાત્ર રહેશે.

## અરજીની પ્રક્રિયા

મુખ્યમંત્રી ભાગ્યલક્ષ્મી બોન્ડ યોજનામાં અરજી કરવાની સમયમર્યાદા પ્રસૂતિ થયાના ૧૨ (બાર) માસમાં અરજી ઓનલાઈન/ઓફલાઈન બોર્ડની કચેરીમાં કરવાની રહેશે.

## યોજના અંતર્ગત મળતી સહાય

બાંધકામ વ્યવસાયમાં જોડાયેલ તથા ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડમાં નોંધાયેલ બાંધકામ શ્રમિકની એક દીકરીના નામે હાલમાં રૂ.૧૦,૦૦૦ (અંકે રૂપિયા દસ હજાર પુરા)ની રકમના બોન્ડ ૧૮ વર્ષની મુદત માટે આપવામાં આવતા હતા. જે રકમ દીકરી દ્વારા ૧૮ વર્ષની વય પૂરી થતા ઉપાડી શકાય છે, અત્રેથી તેમાં રૂ.૧૫,૦૦૦નો વધારો કરીને હવે રૂ.૨૫,૦૦૦નો મુખ્યમંત્રી ભાગ્યલક્ષ્મી બોન્ડ આપવામાં આવશે.



મુખ્યમંત્રી ભાગ્યલક્ષ્મી બોન્ડ સહાય યોજનાની વધુ માહિતી તથા અરજી માટે સ્કેન કરો

**'મારી યોજના' પોર્ટલ** એ રાજ્ય સરકારની પ્રજાલક્ષી વિવિધ યોજનાઓની પ્રાથમિક માહિતી એક જ મંચ પર ઉપલબ્ધ કરાવતું યુઝર ફ્રેન્ડલી ડિજિટલ પ્લેટફોર્મ છે, જે માત્ર એક ક્લિકથી પૂરી પાડશે **તમામ યોજનાઓની માહિતી.**




**Published on Date : 1-3-2026**. R.N.I. NO. 38351/81, Regd. No. G/GNR/10/2024-26 Valid upto 31/12/2026, LPWP No. WPP PMG/NG/061/2024-26 Valid upto 31/12/2026

• Licensed to Post without Prepayment At Post : Ahmedabad Unaccountable L1 on every 3 to 15 and 22 to 30 E.M., Gujarat (Fortnightly) Annual Subscription Rs. 50.

**48 + 4 Cover = Total 52 Pages • Editor and Published by** Commissoner of Information on behalf of Commissonerate of Information, Block No-19/1, Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar, Gujarat. **Printed by** Government Photo Litho Press, Ahmedabad

• If undeliverd pl. return to, Information Department, Sector no. 10, Gandhinagar Respectively.

**To,**

**ગુજરાત પાક્ષિક કાર્યાલય :-**

માહિતી કમિશનરશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લૉક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦